
# અમી દ્રષ્ટિથી સંયમ સૃષ્ટિ



શિવમસ્તુ સર્વજગતઃ

# અમીદ્રષ્ટિથી સંયમ સૃષ્ટિ

(પૂજ્ય મુનિરાજ શ્રી મહાસેન વિજયજી મહારાજ ઉપર લખાયેલા હિતચિંતા - હિતશિક્ષારૂપ પ્રેરણાપત્રો)

સાથો-સાથ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેન વિજયજી મહારાજને ઉદ્દેશીને લખાયેલા પત્રો)

**પત્રલેખક**

પરમ પૂજ્ય નમસ્કાર મહામંત્રના અજોડ ઉપાસક

**પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

**સંપાદન**

**મુનિ શ્રી હેમપ્રભવિજયજી**

**સહયોગદાતા**

**વડાલીયા સિંહણ નિવાસી - હાલ લંડન**

**શ્રી ભાઈચંદભાઈ મેઘજી મારૂ**

**શ્રીમતિ જશોદાબેન ભાઈચંદભાઈ મારૂ**

**સુપુત્ર - દિલીપકુમાર, પુત્રવધુ રેણુકાબેન**

**પૌત્ર આદર્શકુમાર**

પ્રકાશક :
ભદ્રંકર પ્રકાશન
૪૯ ૧ મહાલક્ષ્મી સોસાયટી
સુજાતા પાસે શાહીબાગ,
અમદાવાદ-૪
ફોન - ૮૬૭૦૫૪

પ્રાપ્તિ સ્થાન :

૧. **સર્વકલ્યાણકર સમિતિ**
હાલાર તીર્થ - આરાધના ધામ
વડાલીયા સિંહણ
તા. જામખંભાલીયા
જી. જામનગર

૨. **સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના
અમદાવાદ-૧

૩. **પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
તળાટી રોડ, પાલીતાણા

૪. **સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે,
પાલીતાણા

૫. **સેવન્તીલાલ વી. જૈન**
૨૦, મહાજનગલી
ઝવેરી બજાર, મુંબઈ-૨

## પત્ર લેખક પરિચય

પરમપૂજ્ય, કર્મ સાહિત્ય નિષ્ણાત કરૂણામૂર્તિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**નાં શિષ્યરત્ન પરમપૂજ્ય શાસન પ્રભાવક, કલિકાલ-કલ્પતરૂ, આચાર્યદેવ **શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ**નાં શિષ્યરત્ન પરમપૂજ્ય અધ્યાત્મયોગી નમસ્કાર મહામંત્રનાં મહાન્ ઉપાસક, પંન્યાસ પ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય....!**

**કિંમત ૧૧-૦૦**
**સંવત .-૨૦૫૦**

# આંતરની ઉર્મિ

અંધકાર ગમે તેટલો હોય, પ્રકાશનું એક કિરણ થતાં અંધકાર નાશ પામે છે.

ચંદનના વૃક્ષ ઉપર સર્પના ટોળે ટોળા ગમે તેટલાં હોય, મોરના એક ટહુકારથી બધા દૂર થઈ જાય છે.

રૂનાં ગમે તેટલા ગોડાઉન હોય - આગનો એક કણિયો બધાને બાળવામાં સફળ થાય છે.

બસ...તેવું જ બન્યું છે, હાલારના પણ ખેડૂત કુટુંબ પુંજા નોંધાના પરિવારમાં...

પૂજ્ય પંન્યાસ **પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**નાં એક માત્ર દર્શનથી પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યભગવંત **શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ**નું, પરમ પૂજ્ય મુનિરાજ **શ્રી મહાસેનવિજયજી મહારાજ**નું, પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી વજ્રસેન વિજયજીમહારાજ**નું તો જીવન ધન્ય ધન્ય બન્યું પણ ...આખા પરિવારનું જીવન ધન્ય બન્યું. ના...એટલું જ નહિ. આ મહાપુરુષની કરૂણાભરી દ્રષ્ટિથી તો આખા હાલારની હાલારી વિશા ઓશવાળ પ્રજા પણ ધન્ય ધન્ય બની ગઈ.

પૂજ્ય મુનિરાજ **શ્રી મહાસેનવિજયજી મહારાજ** સંસારી - નામ **માણેકભાઈ** .... તેમના હૈયામાં ગુરુમહારાજ પ્રત્યે માની જેવો ભાવ...અત્યંત પૂજ્યભાવ... અને તેથી જ નાની ૨૪ વર્ષની ઉંમરમાં પૂજ્યશ્રીની પાસે ચોથું વ્રત સ્વીકારી લીધેલું. એટલું જ નહિ. પોતાને શું કરવું, શું ન કરવું તે સર્વ માર્ગદર્શન પૂજ્યશ્રી પાસેથી મેળવીને ચાલતા.

એવા **માણેકભાઈ**ને સંસારી અવસ્થામાં લખેલા પત્રો તથા દીક્ષા પછીનાં પત્રો - **"અમી દ્રષ્ટિથી સંયમ સૃષ્ટિ"** નામના

આ પ્રકાશનમાં છે.

શરીરથી નબળા - સૂત્રના અભ્યાસમાં પણ નબળા એવા માણેકભાઈ ઉપર પૂજ્યશ્રીની અમી દ્રષ્ટિ પડી, જે સંયમની શ્રેષ્ઠ સૃષ્ટિ બની ગઈ...

પોતાની નબળાઈ, પોતાના અવગુણોને જણાવીને આત્માને એકદમ નમ્ર બનાવવા તત્પર મુનિ **શ્રી મહાસેનવિજયજી** ઉપર પૂજ્યશ્રીએ પ્રેરણા-માર્ગદર્શન-પ્રોત્સાહન આપતા પત્રોની સાથોસાથ હિતચિંતા અને હિત શિક્ષા આપવામાં પણ કંઈ કમીના રાખી નથી.

પણ...આ બધામાં એક મહાન વિશેષતા એ છે કે, પૂજ્યશ્રીના એક-એક શબ્દ આદેય બનતાં.

તેમનો દરેક મહાત્મા પ્રત્યે જે અનહદ વાત્સલ્યભાવ-લાગણીભાવ હતો, તેનાં કારણે એમની સામાન્ય કે વિશેષ કોઈ પણ વાત, કોઈ પણ આજ્ઞા - એ આજ્ઞા ન લાગતા રૂચિકર ઔષધ લાગતી અને તે ભવદર્દી એવા મહાત્માઓને ભાવ ઔષધરૂપ બની જતી.

આ પ્રકાશનમાં પૂજ્ય મુનિરાજ **શ્રી મહાસેનવિજયજી** મહારાજ કે જેઓ પોતાની નબળાઈઓ પ્રકાશિત કરતાં ત્યારે તેમને પ્રોત્સાહિત રૂપે લખાયેલ પત્રો છે તથા પૂજ્ય ગુરુદેવ આચાર્ય **શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ** તથા પૂજ્ય પંન્યાસ પ્રવર **શ્રી વજ્રસેનવિજયજી મહારાજ** સંસારી નામ ''કેશુ''. માટે પૂજ્યશ્રીને જે અંતરના મનોરથો - ભાવો હતા તે બધા વ્યક્ત કરતા પત્રો છે.

શાસ્ત્ર સાપેક્ષ - પ્રાચીન મહાપુરુષો દ્વારા દર્શાયેલ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુલક્ષીને અપાયેલ હિતશિક્ષા ભરી આ પત્ર પ્રસાદીનાં પાવન ભાવો આત્મસ્પર્શ દ્વારા આત્માને પરમપદની પ્રાપ્તિ કરાવનારા બનો એજ. **મુનિ હેમપ્રભ વિજય.**

# પ્રકાશકીય

પરમાત્માની અપાર કરૂણાથી સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે. સદ્ગુરુની કૃપાથી અંતરમાં બોધ થાય છે, આ બોધ પોતાની અંદર રહેલા પરમ તત્ત્વની ઝાંખી કરાવે છે.

સ્વનામ ધન્ય પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ પરમાર્થ માર્ગના જ્ઞાતા, ધ્યાતા, ઉદ્ગાતા અને દાતા તથા આત્મસ્વરૂપના આંતરદ્રષ્ટા હતાં.

તેમના માટે પૂજ્ય મુનિરાજ **શ્રી મહાસેન વિજયજી મહારાજ** કહેતાં કે ''પૂજ્યશ્રીની વાત કરતાં શબ્દો પણ હારી જાય છે, પરિચયમાં આવનાર સહુ કોઈને તેઓશ્રીએ આપ્યું છે. સાહેબજીએ કોને શું શું આપ્યું છે તેની ખબર ન પડે પણ લેનારને બરાબર ખબર હોય કે સાહેબજી પાસેથી પોતાને શું મળ્યું છે.

એવું જ મારા જીવન માટે બન્યું છે. ખેતી કરતા અમારા જેવા ખેડૂતને ચિંતામણીરત્નથી પણ ચડીયાતો ધર્મ આપનાર પૂજ્ય ગુરુદેવશ્રી માટે હું શું વાત કરું ?

અત્યંત અહોભાવ-પૂજ્યભાવ-ભક્તિભાવને ધારણ કરનારા આ શિષ્યરત્ન મુનિરાજ **શ્રી મહાસેનવિજયજી મહારાજ** ઉપર જે અવસરે-અવસરે હિતકારી-હિતપ્રવચનો પત્ર દ્વારા જણાવતા, તે હિતશિક્ષા આપતા આ પત્રો પ્રેરણાનું પાથેય પુરું પાડે છે.

એવા પત્રો આ **"અમીદ્રષ્ટિથી સંયમસૃષ્ટિ"** પ્રકાશનમાં પ્રકાશિત થયા છે.

પૂજ્યશ્રીની આ પત્ર પ્રસાદીનો આસ્વાદ આપણને સૌને

મળો તે હેતુથી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદ **સૂરીશ્વરજી મહારાજ**નાં શિષ્ય રત્ન, નિ:સ્પૃહ.મૂર્તિ, પંન્યાસપ્રવર **શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રી**એ જ્યાં-જ્યાંથી પત્રો મળ્યાં તેનું સંકલન કર્યું. તેમાં પૂજ્ય ગુરુદેવ **શ્રી કુંદકુંદ સૂરીશ્વરજી મહારાજ** તથા પિતા મુનિશ્રી પૂજ્ય મુનિરાજ **શ્રી મહાસેનવિજયજી મહારાજ**ના પત્રો સવિશેષ પ્રાપ્ત થયા.

તે પત્રોનું વ્યવસ્થિત સંકલન કરીને તેમના લઘુ ગુરુબંધુ મુનિ શ્રી હેમપ્રભવિજયજીએ સંપાદન કરી આપ્યું.

જ્યારે આ પત્રોની વ્યવસ્થિત કોપી થઈ રહી હતી ત્યારે સરલ સ્વભાવી, વિનમ્ર એવા **દીલીપભાઈ**એ પત્રો જોયા અને આ પત્રોનું પ્રકાશન થાય ત્યારે ''અમને જ આ લાભ મળો'' તેવી ભાવના વ્યક્ત કરી અને ત્યાર પછી તેમના ભદ્રિક પરિણામી શ્રાવિકા **રેણુકાબેન** તથા તેજસ્વી સુપુત્ર **આદર્શકુમાર** પણ આ પત્રોના પ્રકાશનના લાભ માટે વિનંતિ કરતા રહ્યાં. અમને જણાવતાં આનંદ થાય છે કે તેઓશ્રી તરફથી તેમના પૂજનીય પિતાશ્રી **ભાયચંદભાઈ મેઘજી મારૂ** તથા પૂજનીય માતુશ્રી **જશોદાબેન**ની પુનિત આરાધનાની અનુમોદનાર્થે આ પુસ્તક પ્રકાશિત થઈ રહેલ છે.

આ પ્રકાશનમાં પૂજ્ય ગુરુ ભગવંતો ઉપરાંત પ્રિન્ટિંગમાંનાં **શ્રી મનોજભાઈ તથા કીરચંદભાઈ** આદિનો પૂર્ણ સહયોગ ખૂબ જ યાદ આવે છે.

### મહાન અને પવિત્ર પાટણના પ્રભાકર....

# પૂ. પંન્યાસજી ભગવંત
# શ્રી ભદ્રંકર વિજયજી મહારાજ

વા, વર્ષા અને વીજના ભયંકર તોફાનો વચ્ચે પણ અડીખમ રહેતા કિલ્લા જેવો અનોખો ઈતિહાસ છે પાટણપુરનો !

મહાસંતોના શીલ, સત્ય અને દયામય જીવનના દિવ્ય આંદોલનોથી વાસિત એની હવા, પાણી અને ધરાએ હમણાં જ એક વિશ્વ સંતને ભારે હૈયે વિદાય આપી. એનું હૈયું ભારે એટલા માટે થયું કે સકળ લોકના હૈયાનો ભાર હળવો કરવા માટે અખંડ આત્મ સાધના પરાયણ એ મહાસંતનો જન્મ એના ખોળે થયો હતો.

'પૂ. પંન્યાસજી ભગવંત' ના પાવનકારી નામે વિશ્વ પ્રસિદ્ધ એ પુરુષવરનો જન્મ વિક્રમ સંવત ૧૯૫૯ના માગસર સુદ ૩ના મંગળ પ્રભાતે શેઠ શ્રી હાલાભાઈ મગનભાઈનાં ધર્મપત્ની ચુનીબેનની કુખે થયો હતો.

કોઈ ભાવિ સંકેતથી પ્રેરાઈને કુટંબીજનોએ એમનું નામ ભગવાનદાસ રાખ્યું. અને આ નામને દીપાવનારા ઉત્તમ કામ પણ એ જ કરી ગયા.

બાલ્યકાળમાં જ પાટણના અનેક જિનાલયના દર્શને ભગવાન દાસભાઈના દિલમાં ઊંડી અસર કરી.

એમના પિતાશ્રી હાલાભાઈનો વેપાર મુંબઈમાં ચાલતો હોવાથી પોતે પણ કિશોર અવસ્થામાં મુંબઈ જઈ વસ્યા.

પૂર્વ ભવના ઉત્તમ સંસ્કારોથી વાસિત તેમના જીવન ઉપર મુંબઈ મોહ-માયાની ભૂરકી ન છાંટી શક્યું, પણ પોતે અમૃતવર્ષી

ચન્દ્રકળાની જેમ અમૃતમય જીવનમાં વિકસતા રહ્યા. નિત્ય જિનપૂજા, માતા-પિતાને પ્રણામ, ધાર્મિક અભ્યાસ, રાત્રી ભોજનનો ત્યાગ સાત્ત્વિક જીવનના ઘડતરમાં અવરોધરૂપ કંદમૂળ આદિ પદાર્થોનો ત્યાગ, વૈર-વિરોધની કાળી છાયામાં મનને ન સરકવા દેવું, આ બધા ઉત્તમ સંસ્કારો કીશોર અવસ્થામાં જ તેમના જીવનમાં દ્રઢ થઈ ગયા હતા.

૧૬ વર્ષની વયે મેટ્રીક સુધીનો વ્યાવહારિક અભ્યાસ કર્યા પછી પિતા સાથે ધંધાએ જોડાવા છતાં વિશ્વસ્પર્શી-મંગલ જીવનનો નાદ તેમના જીવનમાં અગ્રસ્થાને રહ્યો. એટલે સમય કાઢીને પણ પોતે ધાર્મિક અભ્યાસ વધારતા રહ્યા. ધર્મસૂત્રોના ગહન અર્થોને પચાવતા રહ્યા. સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાના અભ્યાસ સાથોસાથ તેમણે પ.પૂ.ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના ગુર્જર સાહિત્યના અભ્યાસમાં ઊંડી રૂચિ દાખવીને અદ્ભુત નિપુણતા હાંસલ કરેલી.

ઉપકારી માતા પિતાના આગ્રહને કારણે તેમને લગ્નંગ્રથીમાં જોડાવું પડયું હતું, પરંતુ તેમની આંતરરૂચિમાં તો આધ્યાત્મિક જીવન જ બેઠું હતું.

સાચા હૃદયની પ્રાર્થનાની જેમ આ આધ્યાત્મિક રૂચિના જવાબમાં જ હોય, તેમ વિ.સં. ૧૯૮૨માં પ. પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીની પોતાના શિષ્ય-પ્રશિષ્ય પરિવારાદિ સાથે મુંબઈમાં પુનીત પધરામણી થઈ.

મેઘનું આગમન પ્રાંયેઃ નિષ્ફળ નથી જતું, તેમ આ આચાર્યદેવના પ્રશિષ્ય પૂ. શ્રી રામવિજયજી મહારાજ (વર્તમાનમાં પ. પૂ. આચાર્ય દેવ)ના વૈરાગ્યસભર પ્રવચનો સાંભળતાંની સાથે જ પવનથી અગ્નિ ભભૂકે તેમ ભગવાનદાસભાઈના હૈયામાં વૈરાગ્યનો અગ્નિ ભભૂકી ઉઠયો. રાગ તેમાં બળવા માંડયો.

જડના રાગને બાળનારા વૈરાગ્યની પ્રગટ ઉષ્મા તેમના આચારમાં વર્તાવા માંડી. દિન-પ્રતિદિન તેમનું દિલ ત્યાગના પુનિત પંથે પ્રયાણ કરવા થનગનવા લાગ્યું.

તેમના જ્ઞાનગર્ભિત આ વૈરાગ્યથી પ્રભાવિત થઈને માતા-પિતાદિ કુટુંબીજનોએ સહર્ષ દીક્ષાની અનુમતિ આપી અને અનેરા ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે પ. પૂ.આ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી તથા પૂ. આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ભાયખલા મુકામે બીજા ચાર મુમુક્ષુઓની દીક્ષાની સાથે સંવત ૧૯૮૭ના કારતક વદ ૩ના શુભ દિવસે શ્રી ભગવાનદાસભાઈએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

આજ અવસરે પ.પૂ. મનિરાજ શ્રી પ્રેમવિજયજી મ.સાહેબને ઉપાધ્યાય પદવી અને પ.પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજને પંન્યાસ પદવીથી અલંકૃત કરવામાં આવ્યા.

નવદીક્ષિત મુનિરાજનું નામ મુનિ **શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજ રાખવામાં આવ્યું અને પૂ. પં. **શ્રી રામવિજયજી** ગણિવર્યના શિષ્ય તરીકે પ્રસ્થાપિત કર્યા.

દીક્ષા લીધા પછી તેઓશ્રીની જ્ઞાનપિપાસા એવી તો ઉત્કટ બની ગઈ કે ગણંતરીના વર્ષોમાં જ પૂર્વાચાર્યોકૃત ગહન શાસ્ત્રોના ગૂઢ અને તાત્ત્વિક રહસ્યોને આત્મસાત્ કરીને તદનુરૂપ જીવન જીવવા લાગ્યા.

કાચા પારાને પચાવવા કરતા પણ ઘણું કઠિન કાર્ય જ્ઞાનને પચાવવું તે છે. અનુમોદનીય સચ્ચારિત્ર અને નિરભિમાની સ્વભાવના બળે તેઓશ્રીએ આ કઠિન કાર્યને પણ પાર પાડયું. ન કદી જ્ઞાનનું મિથ્યા પ્રદર્શન કર્યું, ન કદી તેનો ઉપયોગ સામાને વામણો ચિતરવામાં કર્યો.

આંબો ફળતાં પૃથ્વીમાતાને પ્રણામ કરીને પથિકોને આશ્રય આપવાને લાયક બને છે, તેમ તેઓશ્રી પણ જ્ઞાન સંપન્ન બનતાં

શ્રી અરિહંત ભક્તિમય જીવનનો આદર્શ અપનાવીને અનેક આગંતુકોના સાચા આશ્રયદાતા બન્યા. ડગુમગુ થતા અનેક આત્માઓને સંયમ જીવનમાં સ્થિર કર્યા. તેમના અણુએ અણુમાં સંયમની એવી તો સુવાસ મહેકતી હતી કે તેમની પાસે જનારા આત્માઓ જ્યારે ત્યાંથી ઉઠતા ત્યારે તેમના મનમાં અપૂર્વ શાન્તિ અને જીવનમાં આત્મસ્નેહની તાઝગી અનુભવતા. કરૂણા અને વાત્સલ્ય, મૈત્રી અને મુદિતા, ક્ષમા અને ગાંભીર્ય - આ બધા ગુણોના તો તેઓશ્રી સાગર હતા.

બોલે કાંઈ નહિ, છતાં સામે જોઈને જ બેસી રહેવાનું મન થાય એવું ચુંબકીય તેઓશ્રીનું વ્યક્તિત્વ હતું.

બાળકને જેટલો સુલભ માનો ખોળો હોય છે, તેટલું જ સુલભ તેઓશ્રીનું દર્શન હતું. કશી રોકટોક સિવાય નાના-મોટા સહુ તેમને વાંદવા જતા, વાસક્ષેપ નંખાવતા અને 'ફેરો ફળ્યા'ના આત્મસંતોષ સાથે પાછા ફરતા.

શ્રી નવકાર મહામંત્રમાં નિજત્વ ઓગાળી દઈને તેઓશ્રીએ 'અહં-મમ'ના મુળિયાંને ઉચ્છેદી નાખ્યા અને પારમાર્થિક જીવનના પારાવાર બનીને સકળ જીવલોકને મૈત્રીનાં મોંઘેરાં અમૃત પાયાં.

ગમે તેવા અટપટા પ્રશ્નોને અનેકાન્તની ચાવી લાગુ પાડીને સરળ રીતે ઉકેલી નાખવામાં તેઓશ્રી નિપૂણ હતા, કારણ કે તેઓશ્રીના હૈયામાં મિથ્યા મમત્વને સ્થાન નહોતું પણ ત્યાં તો સદાય યથાર્થ સમત્વ હસતું હતું.

સમતા તારે,
મમતા મારે.

આ સત્ય તેઓશ્રીએ પચાવ્યું હતું.

નમસ્કારમય જીવનની જીવંત ભદ્રંકરતાના તેઓશ્રી અવતાર હતા. સર્વ શ્રેયસ્કર ધર્મથી નીરાળા વ્યક્તિત્વના ઘડતર માટેની

લવલેશ ખેવના કદી તેઓશ્રીએ સેવી નથી.

ત્રણ જગતના સર્વ જીવોના કલ્યાણની ભાવનાથી ચિત્તને વાસીત કરવાનો તેઓશ્રીનો હીતોપદેશ આજેય અનેક આત્માઓના જીવનમાં કલ્યાણકારી પ્રવાહરૂપે વહી રહ્યો છે, સ્વાર્થના ખડકોને તોડી રહ્યો છે. વૈર-વિરોધની જ્વાળાઓને બુઝાવી રહ્યો છે. કામ-ક્રોધને ઠારી રહ્યો છે.

પ્રતિકૂળતાને પચાવવાની કળામાં તેઓશ્રીએ સાધેલી કુશળતા ખરેખર અજોડ હતી. જ્યારે કોઈ શુભ કાર્યમાં અંતરાય નડતો, ત્યારે તેઓશ્રી ફરમાવતા કે આ અંતરાય એમ કહી રહ્યો છે કે આપણે હજી આ કાર્ય માટે લાયક નથી અને પછી પાત્ર બનવાની પ્રેરણા કરતા.

'લાયક બનો અને પામો' એ સૂત્રનો મર્મ તેઓશ્રીએ આત્મસાત્ કર્યો હતો.

અહિંસા, સંયમ અને તપની ત્રિવેણીમાં અહર્નિશ સ્નાન કરતા સાધુની શ્રેષ્ઠ સામાચારીના પાલન વડે તેઓશ્રીએ અનેક મુમુક્ષુઓના જીવનમાં ધર્મના મૂળ દૃઢ કર્યા હતા.

આત્મજાગૃતિ તો એવી અદ્ભુત કે સૂર્ય સામે ઝાકળ ટકે તો તેઓશ્રી પાસે પ્રમાદ ટકે.

''નમવું અને ખમવું'' આ બે સૂત્રોનો ઉપદેશ તેઓશ્રીએ જેટલો વાણી વાટે આપ્યો છે, તેના કરતાં અધિક આચાર વડે આપ્યો છે.

પરની નાનકડા પણ ગુણની પ્રશંસા અને દોષની નિંદા એ ગુણવાન બનવાની ગુરુ-ચાવી (Master-Key) છે. એ સૂત્રના અણિશુદ્ધ પાલન વડે તેઓશ્રીએ અનેકને આરાધક જીવનને લાયક બનાવ્યા હતા.

ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ આદિ ક્ષેત્રોના અનેક

ગામ-નગરોમાં વિચરી ચાતુર્માસ કરી આત્મસ્નેહના નિર્મળ નીર વહાવી, તેઓશ્રી રાજસ્થાનના ગોલવાડ પ્રદેશ તરફ વળ્યા.

આ પ્રદેશમાં આવેલા શ્રી બ્રાહ્મણવાડાજી, શ્રી નાંદિયાજી, શ્રી દીઆણાજી, શ્રી રાણકપુરજી આદિ તીર્થોના વાતાવરણ જ એવાં પવિત્ર અને આત્મશુદ્ધિ પ્રેરક છે કે ત્યાં જઈને ધર્મારાધના કરવાથી ઓછી મહેનતે અધિક આત્મશુદ્ધિનો લાભ મળે છે, એવા તેઓશ્રીના અનુભવ કથનનો આજે પણ અનેક આત્માઓ આ ક્ષેત્રોમાં જઈ, રહીને લાભ લઈ રહ્યા છે.

છેલ્લા સંવત ૨૦૩૩ના ઉનાળામાં શ્રી બામણવાડાજીથી, પીંડવાડા જતાં રસ્તામાં ઝાડોલી મુકામે તેઓશ્રી બિમાર પડી ગયા. બીજે દિવસે પીંડવાડે પહોંચ્યા પછી એ માંદગી ઘટવાને બદલે વધી.

અકથ્ય પીડા છતાં પ્રસન્નતામાં ફેર નહિ, ઉપયોગ અને જયણામાં પણ એટલા સજાગ.

ભક્તોએ આગ્રહ કરીને વૈદ-દાક્તરોના ઉપચાર શરૂ કર્યા. પણ માંદગીએ મચક ન ખાધી પરંતુ કર્મસત્તાના આ હુમલા સામે તેઓશ્રી તો આખર સુધી અણનમ રહ્યા. શ્રી અરિહંત અને તેમની આજ્ઞાને નમેલું ચિત્ત કદીયે કર્મને ન જ નમ્યું.

તેઓશ્રીની સેવામાં ખડે પગે હાજર રહેવામાં પૂ. શ્રી વજ્રસેન વિજયજી મહારાજ અને પૂ. શ્રી જિનસેનવિજયજી મહારાજની આદિ મુનિરાજોએ આજના આ પડતા કાળમાં ગુરુભક્તિનો ગરવો આદર્શ દુનિયાને ભણાવ્યો છે.

પીંડવાડા શ્રી સંઘની અનુપમ ભક્તિની અહીં જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

પૂજ્યશ્રીના શરીરની સ્થિતિ અન્યત્ર વિહાર કરવા જેવી નહિ હોવા છતાં સંવત ૨૦૩૫માં તેઓશ્રીના પૂ. ગુરુદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજીની આજ્ઞા થતાં જ આજ્ઞા પાલનમાં સદૈવ તત્પર તેઓશ્રીએ, એક કાળની નિજ જન્મભૂમિ પાટણ તરફ ગુરુદેવ

સાથે પ્રયાણ કર્યું.

પોતે બીજાને ભારરૂપ તો નથી થતાને એ વાતનો સ્પષ્ટ ખટકો માંદગી વખતે પણ તેઓશ્રીના હૈયામાં રહેતો હતો. જીવવું પર કાજે એમાં સ્વનું હિત સમાઈ જાય છે- એ સમજમાં તેઓશ્રી સદાય મક્કમ જ રહ્યા છે.

છેવટે સંવત ૨૦૩૫ના ઉનાળામાં તેઓશ્રીએ પાટણમાં પ્રવેશ કર્યો. પાટણ શ્રી સંઘે અનેરા ઉલ્લાસ સાથે સામૈયું કર્યું.

પૂ. ગુરુદેવ સાથે પૂજ્યશ્રીએ પણ શ્રી નગીનભાઈ હોલમાં સ્થિરતા કરી પણ દેહમાં જાગેલા રોગો તો તોફાન મચાવતા રહ્યા.

રોગો તેમનું કામ કરતા રહ્યા જ્યારે પૂજ્યશ્રી સ્વધર્મ બજાવતા રહ્યા. અંગુઠો આંગળીઓના વેઢા પર ફરતો રહીને ઈષ્ટ સ્મરણ સુચવતો રહ્યો. આંખોમાં એ જ સ્નેહનાં અમી. હોઠ પર કોઈ ફરિયાદ નહિ. તપાસવા આવનાર દાક્તરો પણ તેઓશ્રીની આ આધ્યાત્મિક ગરીમાને મસ્તક ઝુકાવીને કૃતકૃત્યતા અનુભવવા લાગ્યા.

ક્યારેક કંઈક ઠીક, વળી પાછો વધુ બગાડ એમ રોગ અનેક રંગ કરવા લાગ્યો. પણ આત્મરંગે રંગાએલા તેઓશ્રીના ચિત્તમાં દેહભાવ દાખલ ન જ થઈ શક્યો.

વૈશાખ સુદ ૧૪ની બપોરે શારીરિક નબળાઈ વધી ગઈ છતાં પક્ખી પ્રતિક્રમણ આદર્યું. પ્રતિક્રમણમાં **'સકલ સંઘને મિચ્છામિ દુ ક્કડં'** આપવા સુધીની તમામ ક્રિયાઓ જાગૃતિપૂર્વક કરી પછી તેઓશ્રીને માત્રુ કરવાની શંકા થઈ. એટલે તેઓશ્રીને જાળવીને પાટ પરથી નીચે બેસાડવામાં આવ્યા એમણે સ્વસ્થતા પૂર્વક માત્રુ (લઘુશંકા) કર્યું અને પાછા પાટ પર બેઠા. એ વખતે પુજ્યશ્રીને મુનિઓએ પ્રાર્થના કરી કે - 'જો આપ બે મિનિટ પાટ પર બેસો તો ગળામાં જે કફ અટક્યો છે, તે છુટો થાય'.

ખુલાસામાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'હવે બેસી શકાય એવી

સ્થિતિ નથી. હવે આ છેલ્લો સમય છે' બસ એટલું બોલીને પાટ પર દેહને ગોઠવી દીધો. મુનિવર્યોએ મહામંત્ર નવકારનું સ્મરણ કરાવવાનું ચાલુ રાખ્યું. પાંચેક મિનિટ પછી પરસેવો થયો અને પછી ઉપસ્થિત મુનિરાજોના મુખથી શ્રી નવકાર સાંભળતાં-સાંભળતાં પૂર્ણ સમાધિપૂર્વક દેહ છોડયો.

અખંડ ધર્મારાધના વડે ઉજમાળ બનેલા પાટણના આ પ્રભાકર દેહ છોડી મહાવિદેહી બન્યાના આંચકો આપનારા-સમાચાર વાયુ વેગે પાટણ શહેર તેમજ અન્ય શહેરોમાં પહોંચી ગયા પાટણની સડકોની ગમગીની એ વાતની સાખ પુરે છે.

પૂ. પં. ભગવંત વૈશાખ સુદ ૧૪ની રાત્રે આઠ ને દશ મિનિટે મહાવિદેહી બન્યાના સમાચાર સાંભળતાં વેંત અમદાવાદ, વડોદરા, મુંબઈ, ડીસા, પાલનપુર, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, કચ્છ વિગેરેથી પણ શોકાતુર દર્શનાર્થીઓ પાટણમાં દોડી આવ્યા. સહુના મોં પર શોકની છાયા હતી. એક સમર્થ ગુરુદેવના વિરહની, સહુના હોઠ પર એક જ વાત હતી કેવા વાત્સલ્યવંતા હતા, કેવા આચારનિષ્ઠ હતા.

પાટણ આખુ શોકમગ્ન હતું. સમસ્ત પ્રજાએ સ્વેચ્છાએ પાખી રાખી ધંધા બંધ રાખ્યા. પોતાના સુપુત્રને પાટણે આપેલી અંજલિ ચિરસ્મરણીય રહેશે.

પાલખી આસ્તે-આસ્તે વાજિંત્રોના શોકઘેરા સુરો વચ્ચે કાળા દરવાજા બહાર આવેલા શ્રી ભોગીલાલ લહેરચંદભાઈના ઉદ્યાનમાં પહોંચી.

બપોરે બરાબર અઢી વાગે ઉદ્યાનમાં મધ્ય ભાગમાં ચોખ્ખી કરેલી ભૂમિમાં ખડકાયેલી ચંદન-કાષ્ઠની ચિતામાં પૂજ્યશ્રીના પાર્થિવ દેહને વિધિ બહુમાનપૂર્વક ગોઠવવામાં આવ્યો, અને પૂજ્યશ્રીના સંસારીપણાના સુપુત્ર શ્રી, જિતેન્દ્રભાઈએ જૈન શાસનના જ્યોતિર્ધર અમર તપોના મહાનાદ સાથે

અગ્નિસંસ્કારવિધિ કર્યો.

જેટલી ગંભીરતાથી પૂજ્યશ્રીનો અંતિમ સંસ્કારવિધિ સંપન્ન થયો, એટલા જ ઉલ્લાસપૂર્વક તેઓશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે યોજાયેલો મહોત્સવ સંપન્ન થયો.

સકળ જીવલોકના પરમ ચાહક પૂ. પન્યાસજી ભગવંતે આચાર્ય પદની ખેવના ન રાખી, તે તેઓશ્રીના નિસ્પૃહતા ગુણનો પ્રભાવ છે.

''નિસ્પૃહત્વં મહાસુખમ્'

એ શાસ્ત્ર સત્ય આપણે પચાવીશું તો જરૂર આત્મસાધના માટેની યોગ્યતાને વિકસાવી શકીશું.

પ. પૂજ્યશ્રી ગયા છે માત્ર દેહથી, ગુણરૂપે તો અહીં જ છે. ભાવના રૂપે હાજરાહજુર છે.

તેઓશ્રીને પ્યારા પ્રભુ, વહાલા સઘળા જીવો, એકની ભક્તિ, બીજાની મૈત્રી, આટલું આપણા જીવનમાં આવી જાય તો આ જન્મ સફળ થઈ જાય.

જન્મ નિષ્ફળ તેનો છે, જે લે છે, પણ આપતો નથી.

મનના કુંભમાં મૈત્રીનાં અમૃત ભરીને જગતના જીવોને તેનું દાન કરો !

હૃદયના નિર્મળ સરોવરમાં ભક્તિનાં અમૃત ભરીને પરમાત્માની તેના વડે પૂજા કરો !

બસ પછી ભદ્રંકર અવસ્થા આવી સમજો !

ઓ પાટણ....! તને પ્રણામ - દુનિયાને પૂ. પં. ભગવંત આપીને તેં જે ઉપકાર કર્યો છે. તેની કોઈ સીમા નથી.

નખ-શિખ ભદ્રંકર-ગુરૂ ભદ્રંકર ! સદૈવ અમ પર સ્નેહામૃત વરસાવજો...!

(''ઉત્તર ગુજરાત'' નામના દૈનિકમાં તા. ૨૩-૭-૮૦ના દિવસે આવેલ પૂજ્યશ્રીનું પુનિત પરિચય અત્રે સાભાર લીધેલ છે)

# અનુક્રમણિકા


અંતરની ઉર્મી ...........૩
પ્રકાશકીય ..............૫
પૂ.પ. ભગવંત ..........૭
સ્વાધ્યાય ..............૧૭
સમર્પણ ...............૧૮
માર્ગદર્શન .............૧૯
સ્વાધ્યાય ..............૨૧
ઉપમિતિ પ્રેરણા ........૨૨
પ્રોત્સાહન .............૨૩
હિતચિંતા .............૨૫
તપ ..................૨૭
પ્રેરણા ...............૨૮
ચારિત્રનો પાયો ........૨૯
હિતચિંતા .............૩૧
વ્યવસ્થા - હિતચિંતા .....૩૨
ઘડતર ................૩૪
હિતચિંતા .............૩૫
સંયમ સાધના ..........૩૭
હિતચિંતા .............૩૮
હિતચિંતા .............૪૦
હિતચિંતા .............૪૧
મનોરથ ...............૪૨
હિતચિંતા .............૪૪
હિતચિંતા .............૪૫
પ્રોત્સાહન .............૪૬
પ્રેરણા ...............૪૭
આશીર્વાદ .............૪૮
સંયમસાર .............૫૦
આરાધના ..............૪૯
ગુણાનુરાગે ............૫૧
વ્યવસ્થા ..............૫૨
હિતચિંતા-પ્રેરણા .......૫૩
વ્યાખ્યાતાને માર્ગદર્શન ..૫૪
વ્યવસ્થા ..............૫૫
ઉપબૃંહણા - અંનુમોદના .૫૬
પંચમહાવ્રત ...........૫૮
વ્યવસ્થા ..............૬૦
વ્યવસ્થા-હિતચિંતા .....૬૧
સંઘ ચિંતા ............૬૨
મંત્ર જાપ .............૬૩
તીર્થયાત્રા .............૬૪
કર્મ .................૬૫
આલોચના .............૬૬
નવધા ભક્તિ ..........૬૭
હિતચિંતા .............૬૯
જાપ .................૭૦
આરાધના .............૭૨
હિતચિંતા .............૭૩
આલોચના .............૭૪
પ્રોત્સાહન ............૭૫
નવપદ ...............૭૮
વ્યવસ્થા .............૭૯
હિતશિક્ષા .............૮૧
વ્યવસ્થા .............૮૪
સ્વાધ્યાય .............૮૫
હિતશિક્ષા .............૮૭

## સ્વાધ્યાય

ફા. વદી ૬-૨૦૦૬
પાલીતાણા

સુશ્રાવક માણેકચંદ તથા કેશુ જોગ, ધર્મલાભ

તમારો સુદી ૧૫નો પત્ર ગઈકાલે મળ્યો. કેશવજીનું લખેલું પોસ્ટકાર્ડ પણ મળ્યું છે. વાંચી આનંદ થયો છે. તેણે નવતત્ત્વ-દંડક-સંગ્રહણી ગાથાઓ લીધી છે. તો તે મોઢે કરવા કહેશો. આ ઉંમરમાં જેટલું અધિક ભણાશે, તેટલો વધારે આનંદ પછી આવશે. નવસ્મરણમાં બાકીના સ્મરણો પણ મોઢે કરી લે.

એક પત્ર રાસંગપરવાલા સાથે મોકલ્યો છે. તેમાં નવપદ પૂજાની ઢાળો ગોખવા જણાવ્યું છે. તે જો ફાવે તો ધીમે ધીમે પણ મુખપાઠ કરી લેવી અને પછી તેને રોજ યાદ કરી જવાથી પંચ પરમેષ્ઠિ પ્રત્યે ભક્તિભાવ ઘણો જ વૃદ્ધિંગત થશે. બાકી બધી હકીકત જાણી છે. ધર્મનો પ્રભાવ અચિન્ત્ય છે. તેથી તેની આરાધનામાં નિત્ય એક ચિત્ત રહેવું. યોગદ્રષ્ટિ આખો ગ્રંથ એક વાર વાંચી જશો અને તેમાં જે વારંવાર વાંચવા લાયક લાગે તેના ઉપર નિશાન કરશો તથા તેને ફરી ફરી વાંચશો, તો વૈરાગ્યભાવની વૃદ્ધિ થશે. અત્રે તીર્થાધિરાજ તથા શ્રી દેવગુરુના પસાયે આનંદ છે. વિહારનો છેલ્લો નિર્ણય થયે જણાવીશું.

# સમર્પણ

વલ્લભીપુર
સુદી ૧૧ - ૨૦૦૭

માણેકચંદભાઈ જોગ,

ધર્મલાભપૂર્વક લખવાનું કે અમે અહીં આવ્યા છીએ. પાલીતાણાથી તમારો પત્ર અમને સોનગઢ મળ્યો હતો. રાસંગપુરવાલા સાથે પત્ર મોકલ્યો હતો. તેમાં તમારા આવેલ વિસ્તૃત પત્રની પહોંચ હતી. ખાસ વિશેષ કાંઈ નહોતું.

કેશુએ પોતાની મેળે પોતાના હાથે પત્ર લખીને મોકલ્યો, તે વાંચી આનંદ થયો છે 'સંગ્રહણી' ભણે છે, એમ લખ્યું તે જાણ્યું છે. અમારી સાથે અગર શાંતિભાઈ પાસે રહ્યા હોત, તો આજ સુધી કેટલું ભણી ગયો હોત, હવે જ્યારે તેની મરજી થાય ત્યારે જણાવે, અને ત્યાં રહે ત્યાં સુધી પણ રોજ ભણવાનું ચાલુ રાખે. સામાયિક, પૂજા, પ્રતિક્રમણ વગેરે કરતો જ હશે. અભક્ષ્ય કોઈ પણ ચીજ તેના ઉદરમાં જવી જોઈએ નહિ.

વળી તમારા જે વિચારો અંગત જણાવ્યા, તે બધા માર્ગાનુસારી જ છે. હવે અધ્યાત્મકલ્પદ્રુમ તથા ઉમિતિભવ પ્રપંચા કથા જેવા ગ્રંથો વાંચવામાં ઘણો જ આનંદ આવશે.

**એકાન્તવાદીતત્ત્વ પામે નહિ, એ વાક્ય ખુબ યાદ રાખવું. એકાન્તવાદ એ જ મિથ્યાત્વ છે. અને દુરાગ્રહનું મૂળપણ તે જ છે.** તત્ત્વને જાણવા માટે કોઈ એક જ બાજુ નથી. પણ જેટલી જેટલી બાજુથી તત્ત્વ જાણી શકાય, તે બધી બાજુઓને જાણવા ખુલ્લા રહેવું અથવા જાણકારના શરણે રહેવું, એ જ આગળ વધવાનો માર્ગ છે. વૈ.વ. ૬ લગભગ ખંભાત પહોંચીશું.

શ્રી રોહિતવિજયજી વગેરે હાલ ત્યાં છે. જે.સુ. ૧૪ સુધીમાં સુરત પહોંચવા ધારણા છે, તબિયત સારી છે. આરાધના આનંદપૂર્વક થાય છે.સર્વેને ધર્મલાભ જણાવશો.શ્રી હીર વિજય પૂ.પં. શ્રી કાંતિ વિ.મ. સાથે ધાંગધ્રા ચોમાસું કરશે.હાલ ઘેટી છે.

શ્રી કુંદકુંદ વિ. આદિ આબુ પહોંચવા આવ્યા હશે. ડો. રસિકલાલ આનંદમાં છે તથા ચીમનભાઈ પુનાવાલા પણ પોતાની આરાધનામાં મશગુલ છે. અમે પણ એક મહીનો ઘેટી રહ્યા, આરાધના બહુ સંતોષકારક થઈ છે. આત્મામાં બળ આગળ બાહ્ય નિર્બળતાઓ કાંઈ ગણતરીમાં નથી, એવો દ્રઢ વિશ્વાસ કેળવવો. એજ.

# માર્ગદર્શન

પાલીતાણા
ફા.સુ. ૧૪-૨૦૦૭

સુશ્રાવક માણેકચંદ જોગ, ધર્મલાભ

દાંતાથી સુદી-પનો લખેલ પત્ર આજરોજ મળ્યો. વાંચી આનંદ થયો છે.

(૧) યોગ દ્રષ્ટિ સમુચ્ચયનો જે ગ્રથ તમને મળ્યો, તેનું વિવેચન ઘણું લાંબું લાંબુ કર્યું છે. તેમાં કેટલોક ભાગ અપ્રસ્તુત પણ આવશે તથા શ્રીમદ્ દેવચંદ્રજી, રાજચંદ્ર આદિના વાક્યો લખેલાં હશે, તે બધા બહુ ઉપયોગી નથી. માત્ર સજ્ઝાયના પદોનો અર્થ જ્યાં વધુ સ્પષ્ટ થતો હોય, તે સ્થળો ઉપયોગી સમજવા: અને તેને જ ધ્યાનપૂર્વક વાંચવા. આઠ દ્રષ્ટિની સજ્ઝાય મુખપાઠ કરો, તેને સમજવા માટે જરૂરી સામગ્રી તેમાં જેટલી મલે, તેનો ઉપયોગ કરશો.

(૨) શ્રી કુંદકુંદ વિજય પહેલાં અમદાવાદ જશે અને ત્યાંથી પં. શ્રી માન વિ.મ. સાથે મારવાડ જશે. પાંચ ઠાણા છે. ત્યાં એકાંતમાં અધ્યયન વગેરે સારું થશે. તથા તબીયત પણ સુધરી જશે. તથા વાંચવા, લખવા, બોલવા વગેરેની શક્તિનો પણ વિકાસ થશે. એમ માનીને મોકલ્યા છે. આજ્ઞાનું આરાધન કરવાની બુદ્ધિથી ગયા છે, તેથી લાભ જ થશે.

(૩) તમારા પોતાના મોહની વાત લખી તે બરાબર છે. પણ સાથે

તે મોહને જીતવાની વૃત્તિ તથા તેના ઉપાયોનું યશાશક્તિ સેવન ચાલુ જ છે, એટલે બહુ ચિંતા કરવા જેવું નથી. નવકારના ધ્યાન તથા જાપથી ગમે તેવો સબળ મોહ પણ અનુક્રમે ગળી ગયા સિવાય રહેતો નથી. સાથે થોડું થોડું સમ્યગ્ જ્ઞાન પણ વધતું જાય છે તથા આવશ્યક ક્રિયાઓમાં પણ ઉદ્યમ ચાલુ છે, તેથી વિકાસ જ થશે.

(૪) અમારો વિહાર પ્રાયઃ સુરત બાજુ થશે. શ્રી હર્ષ વિ.ને ચોમાસામાં ૧૦૦ ઓળી પુરી થવા સંભવ છે, તેથી તેના સગાસંબંધીઓ તરફથી ત્યાંનો આગ્રહ થશે. ભાણવડની ભાણજીભાઈની વિનંતિ છે પણ વૈશાખ મહિનામાં ત્યાં પહોંચી શકવું અશક્ય છે. ફાગણ માસ અહીં થશે. ત્યારબાદ તુરત કુંડલા અગર સુરત બાજુ વિહાર થશે.

(૫) કેશ માટે હકીકત લખી તે જાણી છે, તે મનસ્વી છે. મનની ઈચ્છા મુજબ વર્તવા માટે તેની પ્રકૃતિનું ઘડતર છે. તે ફરવું મુશ્કેલ છે. પણ સારી ઈચ્છાઓને કરતી થાય, તેવા સંયોગમાં તે રહેવો જોઈએ. વલી કર્મયોગે હલકી ઈચ્છાઓ જાગે તો બળાત્કારે પણ તેને રોકવા પ્રયત્ન કરવો. સોબત ખોટા છોકરાઓની ન રહે તેની કાળજી રાખવી. તથા અભ્યાસની ઉમર છે. માટે આખો દિવસ તેમાં પરોવાયેલો રહે એવી યોજના કરવી.

(૬) પ્રભુની આજ્ઞાનું આરાધન કરવું એ જ પરમ ધર્મ છે. અને એ માટે આવશ્યક બળ પ્રાપ્ત થાય, તેની નિરંતર ભાવના રાખવી, એ જ ભવસાગર તરવાનો ટુંકો માર્ગ છે.

તબીયત એકંદર ઠીક છે. જોગ ફા.વ. ૧૧ લગભગ પુરા થાય છે. રસિકલાલની દવા ચાલુ છે. તેનાથી ટેકો સારો રહ્યો છે. એજ આરાધનામાં ઉદ્યમવંત રહેશો.

# સ્વાધ્યાય

સુ. માણેકચંદ જોગ, ધર્મલાભ પૂર્વક લખવાનું કે પત્ર બરાબર સમયસર મળ્યો છે. આવશ્યક, જિનપૂજા અને સ્વાધ્યાય આ ત્રણ અંગોને બરાબર સિદ્ધ કરવા.

સ્વાધ્યાયમાં નવકારનો અસ્ખલિત જાપ જે રીતે કરી રહ્યા છો, તે ચાલુ રાખવો. અને ભણવામાં જે ત્રણ વસ્તુ તૈયાર કરી છે, તે ન ભૂલી જવાય, તે રીતે પરાવર્તન કરતા રહેવું અને શક્તિ મુજબ નવું પણ ગોખતા રહેવું.

ઉપાધ્યાયજી મહારાજની કૃતિઓને જ પસંદ કરવી.

આઠ દ્રષ્ટિની સજ્ઝાયનો વિશેષ અર્થ સમજવા માટે હમણાં એક ગ્રંથ બહાર પડયો છે, તે તમને સોમચંદ ડી. શાહ મોકલી આપશે. તેને અવારનવાર વાંચતા રહેશો.

કેશુના શું સમાચાર છે ?

ચીમનભાઈ પુના ગયા છે, તેમને પત્ર પહોંચાડીશું. ડોક્ટર મજામાં છે.

શરીરની નબળાઈનો બહુ વિચાર વારંવાર કરવો નહિ. કારણ કે આત્મા મજબુત છે. આત્માનો વિચાર વારંવાર કરવાથી શરીરની નબળાઈ ઊડી જશે.

એજ.

# ઉપમિતિ પ્રેરણા

રૂપચંદ લલુભાઈની ધર્મશાળા
ગોપીપુરા, સુરત
અષાડ સુદી-૯ સં-૨૦૦૭

સુશ્રાવક માણેકચંદ જોગ ધર્મલાભ,

પત્ર મળ્યો. વાંચી આનદ થયો. મેઘજી તથા કેશુ અત્રે સુખપૂર્વક આવ્યાના સમાચાર ગઈકાલે આપ્યા છે. કેશુએ અહીં રહેવાનો નિશ્ચર્ય કર્યો છે. તેના અભ્યાસ માટે અમદાવાદથી શાંતિભાઈ આવશે તો ઠીક છે, નહિ તો અહીંથી બંદોબસ્ત થઈ જશે. ડીસાવાલા મુમુક્ષુભાઈ મોતીલાલ તેના કુટુંબ સાથે, સ્ત્રી , પુત્ર સાથે છે, તેની સાથે કેશુ રહેશે અને ત્યાં જ જમશે. અહીં શ્રી કલ્યાણપ્રભવિજયજી તેની દેખરેખ રાખશે.

ઉપમિતિ ગ્રંથના વાંચનમાં તમને રસ ઉત્પન્ન થયો છે, તે એક વખત તેને સંપૂર્ણ વાંચી જશો. પાછળથી પાત્રો ઘણા આવશે, તે કદાચ યાદ ન રહે, તો પણ કંટાળશો નહિ. કારણ કે બીજી ઘણી વાતો એવી આવશે કે આત્માને સાક્ષાત્ ઉપકારક થશે. તથા આજ સુધી સાંભળેલું, વાંચેલું પાકું સ્થિર થઈ જશે, અને જે ધર્મ વિચારો નક્કી થયા છે, તે શાસ્ત્રોક્ત સત્ય છે, એવી પ્રતીતિ દ્રઢ થશે.

શ્રા.સુ.૧૫ના ૧૦૦ ઓળીનું પારણું છે, તે ઉપરથી અહીં અઠ્ઠાઈ મહોત્સવ થવાનો છે, તેની પત્રિકા તમને આવશે.

પુનાથી ચીમનભાઈ અહીં આવ્યા હતાં. તે પાછા તે પ્રસંગ પર આવવાના છે. પાલીતાણાથી ડો. રસિકલાલ પણ પ્રાયઃ

આવશે તેનો પત્ર હતો.

અહીં ૧૧ ઠાણા છીએ અને બધાની આરાધના શ્રી દેવગુરુ કૃપાએ સુખપૂર્વક થઈ રહી છે. દુઃષમાકાળના પ્રભાવે સાચો ધર્મ આરાધનારને વિઘ્ન ઘણા છે પરન્તુ ધૈર્ય રાખવાથી વિઘ્નો પણ લાભ માટે જ થાય છે, કારણ કે ધર્મનો પ્રભાવ અચિન્ત્ય છે. અને ત્રણે ભુવનમાં ધર્મરાજાનું સામ્રાજ્ય જ સર્વોપરિપદ ભોગવે છે.

પીંડવાડાથી અવારનવાર પત્રો આવે છે અને ત્યાંની આરાધના પણ બહુ સારી રીતે થઈ રહી છે. કેશુની ભાવના થશે તો પર્યુષણા બાદ પીંડવાડા મોકલવા ગોઠવણ કરીશું

એજ

## પ્રોત્સાહન

સુરત

આ.વ.૯ સં.- ૨૦૦૭

સુશ્રાવક માણેકચંદ જોગ, ધર્મલાભ

પત્ર મળ્યો. તમારા માતુશ્રીના થયેલા સમાધિમરણ, તે નિમિત્તે થયેલી ધર્મક્રિયાઓ તથા સ્વધર્મી ભક્તિ વગેરે હકીકતો જાણી આનંદ થયો. મનુષ્ય જન્મ મેળવી જે સાથે લઈ જવાનું છે, તે એક ધર્મભાવના જ છે. અને તેને જેઓ લઈ જાય છે તથા લઈ જવામાં સહાયભૂત થાય છે, તેઓનો જન્મ તે અંશે સફળ થયો લેખાય છે.

શ્રી નવકારમંત્ર, આવશ્યક ક્રિયા અને શ્રી જિનપૂજનાદિ સામગ્રીઓ અપૂર્વ છે. તેનો લાભ લેવાની બુદ્ધિ અને તે માટેનો અપ્રમાદ કોઈ વિરલ વ્યક્તિઓનાં અંતરમાં જાગે છે. એ દ્વારા ભવોભવ પંચપરમેષ્ઠિ અને તેમની ભક્તિ સુલભ બનો, એવી

પ્રાર્થના કરવી, જેના પરિણામે થોડા જ સમયમાં આત્મામાં છુપાયેલું વીર્ય આપોઆપ પ્રગટ થાય અને બધી નિર્બળતાઓ અદ્રશ્ય થઈ જાય.

માણસ પોતે પોતાની બુદ્ધિથી પોતાને ઉંચે ચઢાવવા ગમે તેટલો પ્રયાસ કરે, તેમાં ભાગ્યે જ ફળીભૂત થઈ શકાય છે. ઉચ્ચ તત્ત્વોનું આલંબન તેને આપોઆપ ઉંચી સ્થિતિમાં લઈ જાય છે, તેથી તે પ્રશસ્ત આલંબનો સાથે પોતાના આત્માને એકમેક કરવા પ્રયાસ કરવો શ્રેયસ્કર છે. જેમ અઢાર પાપ સ્થાનકોની સજ્ઝાયો ગોખી, તેમ બને તો પૂ.ઉ.યશો વિ.મ.ની નવપદની ઢાળો કંઠે કરશો. અને તેનું ચિંતન વધારશો. તેથી નવપદ, નવકાર અને જિનેશ્વર ભગવંતો પ્રત્યે આદર બહુમાનનો ભાવ વધતો જશે. અને આત્મા તેમના ધ્યાનમાં તલ્લીન થતો જશે.

કેશુ આ વખતે સારી સ્થિરતાથી રહ્યો છે. અભ્યાસ પણ ચાલુ જ છે. તથા પ્રકૃતિમાં પણ સુધારો થતો આવે છે. રસિકભાઈ તથા ચીમનભાઈ ગયા છે. શાંતિભાઈ છે. કેશુની કેળવણી માટે જરૂરી પ્રબંધ કરવામાં આવશે, તો ભવિષ્યમાં કદાચ ઉજ્જ્વળ જીવનનો અધિકારી બની શકે. તમારી નિર્બળતાનો વિચાર વારંવાર કરવાનું છોડી દેશો. કારણ કે આત્માની શક્તિ અનંત છે. પુદગલની શક્તિ અનંત હોવા છતાં અંધ છે, આત્મા દેખતો છે, એટલે અંતિમ ફતેહ આત્માની જ છે, તેનો વિશ્વાસ રાખજો.

આલોયણ વગેરે રૂબરૂ મળવાથી થઈ રહેશે.

એજ

# હિતચિંતા

સુરત

કા.સુ. ૬ સં.-૨૦૦૮

સુશ્રાવક માણેકચંદ સપરિવાર જોગ, ધર્મલાભ

આજરોજ તમારો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો.

પ્રતિક્રમણની ક્રિયામાં કવચિત પ્રમાદ આવી જાય છે તેમ લખ્યું, તો તે પ્રમાદને તિલાંજલી આપવી. હવે તમારે માટે પ્રતિક્રમણની ક્રિયા ઉભયકાળ કરવી લાભદાયી છે. બીજું બધું કરો છો, તે ચાલુ જ રાખવું. કેશુને માટે અત્રેથી અમદાવાદ શાંતિભાઈને ત્યાં મોતીલાલ મૂકી આવશે. ત્યાંથી શાંતિભાઈ પોતે અગર બીજી સારી સોબતે મૂકી જશે. અથવા તમને અગર તમારે ત્યાંથી બીજાને બોલાવશે. એ રીતે ગોઠવણ કરવા નક્કી કર્યું છે. અમારો વિહાર ચાતુર્માસ બાદ આસપાસના સ્થાનોમાં થશે.

આ સાથે ભાઈએ મુંબઈથી બીડેલો કાગળ મોકલ્યો છે. સાંસારિક બાબતોના પત્ર તેઓ અહીં બીડે છે, તે યોગ્ય નથી. પહેલાં પણ તમારો લખેલો એક પત્ર અમને વાંચવા માટે મોકલ્યો હતો. અમે તેનો કાંઈ ઉત્તર આપ્યો નહોતો.

સંસાર સંબંધી વાતનો પત્ર સાધુ ઉપર લખવાથી દોષ લાગે છે, એવો ખ્યાલ તેમને આપવો જોઈએ. સાધુનો

ઉપયોગ ધર્મ પ્રાપ્તિ અર્થે જ કરવાનો હોય છે. સંસારના કાર્યો માટે સાધુનો ઉપયોગ કરવાનો હોય નહિ.

કેશુ આ વખતે સ્થિરતાથી અને પોતાની રૂચિથી રહ્યો છે. તેથી તેને ફાયદો પણ થયો છે. પોતાની ઇચ્છા મુજબ વર્તવાની ટેવનો આગ્રહ તેનો મોળો પડયો છે. અને ધીમે ધીમે છુટી જશે, તો તેને ઘણો ફાયદો થશે. ગોખવાની શક્તિ સારી છે. તમારે ત્યાં આવ્યા પછી પણ તેને ધાર્મિક પ્રેરણા વારંવાર આપ્યા કરવાથી તેના પરિણામ સુધરતા જશે. ખરી જરૂર તેના અભ્યાસની છે. અભ્યાસની તેની આ ઉંમર છે. તેથી તેને ભણવાની સામગ્રી પુરતી મળતી રહેવી જોઈએ. તે સંબંધી તેને પુરતી ભલામણ કરીશું. પાંચ વર્ષ ઘરમાં રહીને પણ જો તે સારી રીતે ભણશે, તો તેની ઇચ્છા મુજબ ચૌદ વર્ષની ઉંમરે તે સર્વ વિરતિ માટે લાયક બની શકશે. તેની માનો ખોટો મોહ તેના જીવનને બગાડનાર ન બને, તે ખાસ સંભાળવું જોઈએ.

અમારા વિહારના ટાઈમમાં શાંતિભાઈ પાસે રહીને અભ્યાસ કરવાની કેશુ કબુલાત કરે છે. તેનેહવે નિશાળનું ભણવા કરતાં ધર્મનું ભણવા પ્રત્યે વિશેષ ચોંટ લાગી હોય તેમ જણાય છે. તેમાં જ તેનું હિત છે. શાંતિભાઈ સાથે તેને ફાવી ગયું છે. એજ.



# તપ

વદી-૮

સુશ્રાવક માણેકચંદ જોગ, ધર્મલાભ

પત્ર મળ્યો. પ્રવેશ કર્યાના સમાચાર જાણી આનંદ થયો. તપને અંગે થોડું કષ્ટ અનુભવાય, તો પણ અનંતલાભનો હેતુ છે, અને વળી વિશેષ તપ કરવાનો ક્ષયોપશમ કરાવનાર છે, એમ માનીને ખુબ આનંદ અનુભવશો.

તપ, એ અનાદિના કર્મરોગને કાઢવા માટે જિનેશ્વર ભગવંતરૂપી મહાવૈદ્યે બતાવેલું પરમ ઔષધ છે, એમ માનીને તે માટે પડતી તકલીફને ગણકારવી નહિ. પ્રમાદ તથા જડતાને ઉડાડવા એટલી કસોટીમાંથી પસાર થયા વિના કોઈને પણ ચાલે નહિ. દુર્ગતિની મહાવિટંબણાઓને છેદવા માટે તપનું કષ્ટ એ ઘણું ગણાય નહિ. ખરૂં જોતાં એ કષ્ટ જ નથી પણ ભાવિ સઘળા કષ્ટોને નિવારવાનું અપૂર્વ સાધન છે.

વીરપાલભાઈનો પત્ર હતો, ત્યાં આવે તો ધર્મલાભ સાથે પત્રની પહોંચ જણાવશો.

### શૃંગાર રસ

અંતરાત્મ ભાવ વડે પરમાત્મ ભાવ, અને આત્મ સ્વભાવમાં રમણતા, આત્મિક આનંદ, અનાદિકાળની વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં આવવું, પરમાત્માભાવ તરફ જવું એમાં જ આનંદ માણવો, તે રતિ ! આ આધ્યાત્મિક શૃંગાર રસનો સ્થાયી ભાવ છે.

# પ્રેરણા

ઝઘડીયા
વદી ૧૨સં.-૨૦૦૮

સુશ્રાવક માણેકચંદ જોગ, ધર્મલાભ

વદી-૧૧નો પત્ર મળ્યો. મોતીલાલની દીક્ષા પ્રાયઃ અત્રે થવા સંભવ છે. મહા સુદી ૧૦નું મુહૂર્ત છે. તે પ્રસંગે અહીં હાજરી આપી પછી દેશમાં જઈ શકશો. થશે તો પ્રાયઃ ત્રણેની ભેળી થશે.

તમારે ઉપધાન થઈ ગયા, તે બહુ સારું થયું છે. હવે અવસર આવે અઠાવીસું એક અઠ્ઠમ અને ૨૫, આયંબિલથી થઈ જશે તો ઘણાં ચારિત્રાવરણીય ખપી જશે.

કાલના પ્રભાવે મુક્તિમાર્ગના આરાધક જીવોમાં પણ કોઈ એક અંગનો વિકાસ થાય છે, તો બીજું અંગ અવિકસિત રહી જાય છે, તેમાં મને તો ક્ષેત્ર કાલનો પ્રભાવ મુખ્ય લાગે છે. આવા દૂષમકાળમાં પણ કેટલુંક સારું અને તે પણ અનુકરણીય આપણાથી અધિક બીજે મલી આવે છે, તે પણ પરમભાગ્યોદય છે, એમ માનવું જોઈએ. બધા અંગો પુરાં પ્રાપ્ત થવાં, એ તો ચરમભવમાં બને. આજે તો દરેક વસ્તુમાં ઓછા વધતાથી ચલાવી લેવું પડે. તમે જે નિદાન કર્યું છે, તે બરાબર છે પણ તમારા માટે અભવ્ય, દૂરભવ્ય શબ્દનો પ્રયોગ કરો છો, તે વ્યાજબી નથી. શ્રી જિનમત ગમ્યો છે અને રૂચ્યો છે, ભલે સાધન સામગ્રીની અધુરાશથી પુરો આરાધી ન શકાય પણ ઈચ્છા તો આરાધવાની છે જ એટલે ઉત્તમ ભવ્યપણું છે, એમ માનવું જોઈએ. આવશ્યક જિનપૂજાદિકરણી નિયમિત ચાલુ રાખશો, તેના પ્રભાવે ઉભય રોગો શમી જશે, એ નિશ્ચિત છે. અત્રે બધાની આરાધના સુખપૂર્વક થઈ રહી છે. શારીરિક કે માનસિક નબળાઈનો વિચાર વધુ પડતો કરવો છોડી દઈ, આરાધનાનું બળ ગમે તેવી નબળાઈનો નાશ કરે છે. એનો વિચાર જ મુખ્ય બનાવશો. તો થોડા જ વખતમાં નવો અનુભવ થશે.

જ્ઞાનખાતાની હકીકત જાણી છે. પત્રનો ઉત્તર અહીં લખવાથી મળશે.

-એજ

# ચારિત્રનો પાયો

સીનોર
મહાવદી ૧૩ સં.-૨૦૦૮

દેવગુરુભક્તિકારક સુશ્રાવક માણેકચંદ પુંજાભાઈ જોગ,
ધર્મલાભ

તમારો રાધનપુરથી લખેલો વદી ૧નો પત્ર મળ્યો છે. તમારી તીર્થયાત્રાની હકીકત જાણી આનંદ થયો. ભરૂચ, કાવી અને શંખેશ્વરજી, ત્રણે અપૂર્વ તીર્થો છે અને તેને ભેટવાનો અવસર તમને મળ્યો, એ પૂર્ણપુણ્યનો ઉદય સમજવો. શંખેશ્વરજીમાં રહી લાખ નવકાર ગણવાનો ભાવ થયો એ પણ ઘણું જ ઉત્તમ છે. અનુકૂળતા મુજબ તે ભાવના પૂર્ણ કરવી. સ્થિરતાપૂર્વક ગણવા માટે વીસ દિવસ જોઈએ અને તેમાં બને તો એકાસણાથી ત્રિકાળ જિનપૂજન તથા સંથારે શયનપૂર્વક કરવું.

માર્ગાનુસારિતાને વિકસાવવાથી ધર્મનો પાયો મજબુત બને છે અને મજબુત પાયા ઉપર ચણાયેલો ધર્મનો મહેલ કાયમ ટકે છે. પાયાથી ચણતર ન થયું હોય તો ફેર પાછું તેને કરવું જ પડે છે. માટે પહેલેથી જ પાયો મજબુત બનાવવો એ શ્રેષ્ઠ છે, તે પણ ચારિત્ર ધર્મની પ્રાપ્તિના ઉપાયરૂપ છે, એમ માનવું. અંતે સિદ્ધિ ચારિત્ર ધર્મના પૂર્ણ આરાધનથી જ થાય

છે.

શ્રી કુંદકુંદ વિ. આદિ પાટણ આવી ગયા છે. નજીકમાં છે. માટે અનુકૂળતાએ વંદન કરી આવવું ઠીક છે.

અમે ઝઘડિયાથી નીકળી ચાર દિવસ પ્રતાપનગર રોકાઈ, નાથાભાઈના ગામ થઈ અહીં સુખપૂર્વક આવી ગયા છીએ. આ સ્થાન સાધુને સ્વાધ્યાદિ માટે ઘણું અનુકુળ છે. હાલ થોડો વખત અત્રે સ્થિરતા થશે.

નવદીક્ષિત બાલમુનિ ધુરંધર વિજય બહુ જ આનંદમાં છે તથા સંયમ સાથે અભ્યાસમાં લીન થયેલ છે. માસ્તર પણ બે વખત આવે છે. શ્રી મહાશય વિજય પણ સાધનામાં લીન છે.

બધા મુનિઓ તરફથી ધર્મલાભ વાંચશો. પાટણ તપસ્વી કુમુદ વિ.ને ફા.સુ. ૧૫ નાં ૧૦૦ ઓળી પૂર્ણ થાય છે. તે પ્રસંગે જવાય તો પણ સારું છે. દરમ્યાન ભિલડીયાજી, મેત્રાણા, ચારૂપ વગેરેની યાત્રા થઈ જશે. એજ

પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ પ્રભુશાસનની આરાધનામાં લીન રહેશો.

**કરૂણ રસ**

સંસાર દુ:ખથી ભરેલો છે. સુખ એ દુ:ખથી ભરેલું છે. કહ્યું છે કે - સુરનર સુખ જે દુ:ખ કરી લેખવે ! છતાં મોહવશ જીવો સુખને દુ:ખરૂપ માનતા નથી. તેની પાછળ રાત-દિવસ તનતોડ મહેનત કર્યા કરે છે. આ રીતે સંસારી જીવોની દયા ચિંતવવી તે કરૂણા ! તેનો સ્થાયી ભાવ ઉદાસીનતા સ્વરૂપ શોક છે.

# હિતચિંતા

સીનોર ચૈત્ર સુદી ૧૪
વિ. સં. ૨૦૦૮

વિનયાદિ ગુણ ગણોપેત મુનિ શ્રી કુંદકુંદ વિજયજી જોગ અનુવંદનાદિ. - પત્ર મળ્યો છે.

ઓળી પછી એક માસ માટે તમારે ત્રણને યાત્રા કરવા વિચાર છે, તો ખુશીથી કરજો. કોઈ એક સ્થળે રહેવું હોય તો પણ હરકત નથી. શંખેશ્વરજી અગર ભોયણીજી યાત્રા કરવી હોય, તો પણ કરી શકાશે.

કેશુનો પત્ર મળ્યો છે. બુદ્ધિ છે, માટે તેને અધ્યયનમાં પરોવી દેવા જેવો છે. પાંચ વર્ષ સારી રીતે ભણે તો પ્રકરણોની સાથે સંસ્કૃત-પ્રાકૃત વાંચતા લખતા થઈ જાય, તો તેનું ભાવિ જીવન ઉજ્જવળ બને. માટે તેના અભ્યાસમાં થોડી પણ બેદરકારી રાખવા જેવી નથી. થોડી સખ્તાઈ કરીને પણ તેને અભ્યાસમાં જોડવાની જરૂર છે. સુશ્રાવક માણેકચંદને ધર્મલાભ જણાવશો. હાલ

એજ.

# વ્યવસ્થા - હિતચિંતા

ચૈત્ર વદ - ૧૩ વિ.સં. ૨૦૦૮

વિનયાદિ ગુણયુત મુનિ શ્રી કુંદ કુંદ વિ. આદિ જોગ

અનુવંદનાદિ

વદ-૮નો પત્ર તથા વદ-૧૦નું કાર્ડ મળ્યા છે.

ઉત્તર નીચે મુજબ

(૧) કેશુ ૫, ના બદલે ૧૦ ગાથા કરે છે, જાણી આનંદ. પાછળનો પાઠ રોજ થવો જોઈએ. મહીનામાં ૫ તીથી નવો પાઠ બંધ રાખીને થયેલું પાકું કરાવવું જોઈએ. પાંચ કર્મ ગ્રંથ થયા પછી બૃહત્ સંગ્રહણી અને ક્ષેત્ર સમાસની ગાથાઓ કરી શકે, તો કરાવી લેવી. નવ સ્મરણ બરોબર ચાલતા હશે. તેનો પણ અવારનવાર પાઠ કરે.

(૨) તમારા અભ્યાસ માટે લઘુવૃત્તિ કરાવે તેવા બ્રાહ્મણ પંડિત બહારથી મળવા મુશ્કેલ. આ બાજુ પાદરામાં એક શ્રાવક પંડિત છે પણ વયોવૃદ્ધ હોવાથી સ્મરણશક્તિ અને બોલવાની શક્તિ મંદ પડેલી છે. તથા બહાર આવવામાં કુટુંબી હોવાથી અગવડ ઘણી રહે, તેથી શેષ કાળમાં એકાદ મહિનો હજુ પાટણ જઈને શિવલાલ પાસે ધારી લેવી જોઈએ અને જે કાંઈ બાકી રહે તે ૭ઠે ચોમાસે ફેર પાટણ અગર મહેસાણા જઈને પાકી કરી લેવી જોઈએ.

ચિદાનંદ તથા મૃગેન્દ્ર તમારી સાથે રહેવા ચાહે છે. ખાંતિ વિ.નું વજન મૃગેન્દ્ર ઉપર સારું પડે- એમ ચિદાનંદનું માનવું છે. તેને અભિધાન ગોખાવે છે, તે ચાલુ રાખે અને શીવલાલવાળી બે બુક તમારી પાસે કરે, એવી ગોઠવણ થતી હોય તો મારવાડથી બંનેને

તમારી તરફ વિહાર કરાવીએ - પછી મહાનંદની જરૂર રહેશે નહિ. ચિદ્દાનંદ પયુષણ આદિના વ્યાખ્યોમાં પણ ઉપયોગી નિવડે. કીર્તિકાન્તને અહીં બોલાવવા હોય તો પણ બોલાવી શકાય. હીર વિ.ને આ વખતે પં શ્રી કાંતિ-વિ.મ. પાસે જ રહેવું શ્રેયસ્કર છે, તેનો અભ્યાસ ત્યાં ઠીક જ થાય છે. તથા પંન્યાસજીને પણ અનુકૂળ આવી ગયેલ છે. તેથી વિના કારણે ફેરફાર આવશ્યક નથી. લોકોની કલ્પિત વાતોને વજન આપવાની જરૂર નથી. કીર્તિકાન્તને આ વખતે ત્યાં મોકલવાની આવશ્યકતા નથી. જરૂર પડશે તો અહીં બોલાવી લઈશું. એક ચાતુર્માસ સાથે રહ્યા પછી બીજે જ્યાં યોગ્ય લાગશે ત્યાં ગોઠવીશું. પણ હાલ તો નહિ જ. તેને અહીં બોલાવવો હશે તો કદાચ તમારે અમદાવાદ સુધી મુકવા આવવું પડે. અમદાવાદથી અહીં લાવવાની ગોઠવણ થઈ જશે.

તપસ્વી મહાનંદ વિ.ના આરાધક ભાવ આદિની કદર-એ ગુણદ્રષ્ટિ કેળવાયાનું પ્રતીક છે અને આજ સુધી સહવાસ તથા મંથનનું ફળ છે. કોઈ પણ સ્થળે રહેલો ગુણ આપણી કદર વિના રહી જવો જોઈએ નહિ. એ જ આપણામાં મધ્યસ્થ ભાવ અને ન્યાયબુદ્ધિ ઉત્પન્ન થયાની કસોટી છે. એ બુદ્ધિ પ્રાપ્ત થયા પછી પ્રારબ્ધાનુસાર જે કોઈ વ્યક્તિઓની સાથે રહેવાનું પ્રાપ્ત થાય ત્યાં ચિત્તને કોઈ પણ સંયોગોમાં અતિ સંકલેશ થવાનું રહેતું નથી. તપસ્વી મહાનંદને જો હાલ પાટણ ફાવી જ ગયું છે, તો તેને તુરત ફેરવવાની જરૂર નથી. જ્યારે ખાસ જરૂર જેવું લાગશે ત્યારે તેમ કરી શકાશે. તમારા પત્રના ઘણા ખરા ઉત્તર ઉપર આવી જાય છે.

ચિદાનંદ માટે તમારો ઉત્તર આવ્યા પછી પત્ર લખીશ. લઘુવૃત્તિના પંડિત માટે પં. શિવલાલને ખ્યાલમાં હોય તો તપાસ કરી લેવી. ધુરંધર તરફથી કેશુને ધર્મલાભ. ધુરંધર વિ.ને હાલ પખ્ખીસૂત્ર ચાલે છે. અતિચાર વગેરે બધી સાધુ ક્રિયા થઈ ગઈ છે.

# ઘડતર

વડોદરા
જેઠ સુદી ૪ સં. ૨૦૦૮

દેવગુરુભક્તિકારક સુશ્રાવક માણેકચંદ તથા કેશુ આદિ જોગ
ધર્મલાભ

તમો ધીણોજ રહીને ધર્મસાધના કરી રહ્યા છો, તે જાણીને આનંદ.

પુનાવાલા ચીમનભાઈ તમને મળવા માટે આવવાના હતા, તે આવ્યા હશે. અગર નહિ આવ્યા હોય તો પાલીતાણા જઈને આવશે. અમારું ચોમાસું સીનોર નક્કી થયું છે. ત્યાંના વૈદ્યની દવાથી શ્રી કુંદકુંદ વિજયજીને શરીરે આરામ હશે. કેશુ રોજ પાંચ ગાથા નવી કરી શકે છે, તે જાણી આનંદ. તેના શરીરમાં પણ જે ફરિયાદ હોય તે વૈદ્યથી દૂર થઈ શકતી હોય તો કરાવી લેવા જેવી ખરી. તેની પરિણતિનું ઘડતર કેવું થાય છે, તે અવસરે જણાવતા રહેવું. પ્રભુ ભક્તિ આદિમાં ખુબ રસ લેતો થાય તેમ કરવું. તમારે અભ્યાસ યશાશક્તિ કરવો. નવકારમાં લીનતા વિશેષ કેળવવી. એક ચિત્તે જેટલો અધિક વખત રહેવાય તેટલું નવકારના ધ્યાનમાં રહેવા પ્રયત્ન કરવો. ખાસ કરીને પ્રાતઃ કાળે તેનો વિશેષ અભ્યાસ પાડવો.

એજ

# હિતચિંતા

સિનોર

વદી-૬ વિ.સ. ૨૦૦૮

વિનયાદિ ગુણોપેત શ્રી કુંદકુંદ વિજયજી આદિ જોગ અનુવંદનાદિ

પાટણ તથા ધીણોજથી લખેલ પત્ર મળ્યો છે. ધીણોજ સંઘ તરફથી સુશ્રાવક નથુભાઈનો પત્ર પણ મળ્યો છે. તેમને ધર્મલાભ સાથે પત્રની પહોંચ જણાવશો. તમારી તબીયતને અનુકૂળ આવે ત્યાં સુધી ખુશીથી રહેશો. વૈદ્યની દવા ચાલુ કરશો. આહારાદિમાં નિયમિત રહેશો. દવાથી શરીરને અમુક પ્રમાણમાં ટેકો મળવો સંભવ છે.

ભાવ આરોગ્ય માટે મિથ્યાવિકલ્પો અને ભય વગેરેને સદંતર દેશવટો મળવો જોઈએ. જે કાર્ય સામે આવી પડે, તેમાં જ ત્રણે યોગોની એકાગ્રતાનો અભ્યાસ કેળવાતાં તન-મન ઊભયને ફાયદો થશે. ખરૂં આરોગ્ય અંતરથી મળવાનું છે. એ માટે આત્મસ્પર્શી વિચારણા તથા નિર્વિકલ્પનાનો અભ્યાસ ઘણો જ ઉપયોગી નિવડશે.

પાટણ જો શ્રીમાનતુંગવિજયજીને આવવાનું થાય તો પછી માથે ખાસ જવાબદારી રહેતી નથી. વ્યાકરણમાં રસ ઉત્પન્ન થયો છે, તો હવે તેને સારી રીતે પૂર્ણ જ કરશો. ૭ અધ્યાય થયા પછી ૮મો તો ઘણી સહેલાઈથી પોતાની મેળે પણ થઈ શકશે. ૭ અધ્યાય સુધી પંડિતજીની જેટલી સહાય આવશ્યક જણાય તેટલી લઈ લેવી. પછી તો વાંચન-મનન અધ્યયન-અધ્યાપન આદિ વડે આપોઆપ ખુલતું જશે. શબ્દશાસ્ત્રના અભ્યાસમાં તેવી કાંઈ

કઠિનાઈ નથી.

આ ચાતુર્માસ બાદ શ્રી જિનપ્રભ વિ.ને લઘુવૃત્તિ ગોખાવવાની છે. તથા મૃગેન્દ્રમુનિને પણ ગોખાવવાની છે. તેથી સહાધ્યાયી મળી રહેશે. તે પહેલં તમે ભણાવી શકો તેવી સુંદર કરી લેશો. શ્રી જિનપ્રભ વિ.ને અભિધાન કોષ ગોખાઈ ગયો છે અને હવે યોગશાસ્ત્ર તથા દશમાપર્વનું વાંચન ચાલે છે. આખું ત્રિષષ્ટિ વંચાઈ ગયા બાદ વ્યાકરણમાં નાંખવા વિચાર છે.

કેશુના અભ્યાસ માટેની ગોઠવણનાં સમાચાર જાણ્યા છે. માણેકચંદને પણ તેમને અનુરૂપ પ્રકરણાદિ ગોખાવવાનું રાખશો. કેશુ ૫, ના બદલે રોજ ૧૦ ગાથા સહેલાઈથી કરી શકે તેવી શક્તિવાળો છે. તેથી શક્તિને જરા પણ ગોપવ્યા વિના હજાર, બે હજાર ગાથા ગોખાઈ જાય તો સારું.

કીર્તિકાંતને પણ પખ્ખીસૂત્ર થયા પછી પ્રકરણો ગોખાવશો. ચાતુર્માસ ધીણોજ રહીને તમારો અભ્યાસ ચાલુ રહી શકતો હોય તો તેમ કરવામાં પણ હરકત નથી.

પોતાના ભૂલની ક્ષમા માગવી અને બીજાના ભુલની ક્ષમા આપવી એ નમસ્કાર ધર્મની આરાધના છે.

●

જે બીજાનો તિરસ્કાર કરે છે તે પોતે જ તિરસ્કારને પામે છે.
શાંતિ એટલે ક્લેશની નિવૃત્તિ.
તુષ્ટિ એટલે સંતોષ વૃત્તિ.
પુષ્ટિ એટલે સુખની વૃધ્ધિ.

●

સર્વજીવના હિતાશયની ભાવનાથી સામ્યભાવની પ્રાપ્તિ થાય છે. આત્મરતિનો સાક્ષાત્કાર થાય છે.

●

બીજાના ગુણને જોઈને આનંદિત થવાથી અવગુણ દૂર થાય છે અને સદગુણ આવે છે.

# સંયમ સાધના

સીનોર

શ્રાવણ વદી ૧ - ૨૦૦૮

મુમુક્ષુ ધર્મવીર કેશવજી યોગ્ય ધર્મલાભ

અત્રે શ્રી દેવગુરુ કૃપાયે કુશળ છે. શ્રા. સુ. ૮નો લખેલો તારો પત્ર મળ્યો છે. મોટી સંગ્રહણીની ૫૦, ગાથા મુખપાઠ થયાના સમાચાર જાણ્યા છે.

તારી ભાવના ચોમાસા પછી દીક્ષા લેવાની નક્કી થઈ છે, તે જાણી આનંદ થયો છે. તને કોઈની પ્રેરણાથી ભાવના થઈ છે કે તારા મનથી થઈ છે, તે જણાવજે. જો તારા અંતરથી જ તને પ્રેરણા થઈ હોય, તો તારા માટે આવતી સાલ માગસર મહિનામાં તથા પોષ મહિનામાં સારા મુર્હૂત આવે છે. ચૌદ વર્ષની ઉંમરની તેં મુદત બાંધી હતી, તેમાં ફેરફાર શાથી થયો તે જણાવજે. સમેતશીખરજીની યાત્રાની ભાવના પણ ઉત્તમ છે. તથા પંચતીર્થીની રચનાની ભાવના પણ સારી છે. તે પહેલાં તારી ભાવનામાં આટલો જલ્દી પલ્ટો આવવાનું શું કારણ છે ? તે વિસ્તારથી લખી જણાવજે. તારો પત્ર જોયા પછી દીક્ષાના મુર્હૂતનો ચોક્કસ દિવસ લખી જણાવીશું.

પાછળની ગાથાઓ પાકી કરવાનું કામ ચાલુ હશે.

પત્રનો ઉત્તર તુરત લખી જણાવજે. એ જ આરાધનામાં ઉજમાળ રહેવું.

તારી જન્મકુંડલી તથા જન્મરાશિ શું છે, તે મંગાવીને લખી મોકલવી.

# હિતચિંતા

સીનોર વદી ૧ - ૨૦૦૮

સુશ્રાવક માણેકચંદ યોગ્ય ધર્મલાભ

તમારો પત્ર મળ્યો છે. વાંચી આનંદ થયો.

કેશુની તબિયત ઘણી નાજુક ગણાય. તેની માને મોહ હોય એ સ્વાભાવિક છે.

બાળકમાં યોગ્યતા દેખાશે, તો તે મોહ આપોઆપ ઓગળી જશે. કેશુમાં નિર્ણય કરવાની શક્તિ સારી છે. તેથી પોતે જ એક બે વર્ષની ઢીલ બતાવવો હોય, તો તેમાં વચ્ચે આવવું જોઈએ નહીં. ત્યાં સુધી તેને અભ્યાસની સામગ્રી મળતી રહેવી જોઈએ.

સંસ્કૃત સારું ભણાવનાર હોય તો પહેલી બીજી ચોપડી કરાવી લેવી જોઈએ.

પ્રકરણો જે કાચા પાકા ગોખ્યા છે, તે પાકા કરાવી લેવા જોઈએ. તથા નિશાળના અભ્યાસ ઉપરાંત તીથીએ એકાસણા, પ્રતિક્રમણ રોજ પૂજા સામાયિક વગેરેનો અભ્યાસ ચાલુ રહેવો જોઈએ.

તેનું જીવન  તમારા બંનેના હાથમાં છે, તેથી તેનામાં જેટલી યોગ્યતા હોય તેટલી વિકાસની સામગ્રી આપવામાં ખામી રહે તો અંતરાય બંધાય.

સાધુ ન થાય તો પણ એક ઉત્તમ વિદ્વાન, શ્રદ્ધા સંપન્ન કુળદીપક શ્રાવક બને તેટલી કાળજી તો રહેવી જ જોઈએ.

જન્મથી જ તેને સારા સંસ્કારો અને ઉચ્ચ સંયોગો મલ્યાં છે, તેવા બીજાઓને વિરલ મળે, તો તેનો પુરતો લાભ લઈ લેવો જોઈએ.

પ્રભુ ભક્તિમાં તેને રસ છે, તો તેને ખૂબ પુષ્ટ કરવો જોઈએ. ત્યાં રહે ત્યાં સુધીની કાળજી તમારે રાખવી જોઈએ.

પૂ. હેમચંદ્રસૂરી મહારાજના બધા ગ્રંથો ભણવાની તેને ઉર્મિ જાગી છે, તો તે પૂરી કેમ થાય, તેની સતત ચિંતા કરવી જોઈએ.

એ ગ્રથો ઘણા અનુપમ છે, તેને ભણનાર પુરુષ દિવ્ય બની શકે છે.

તમારી પોતાની આરાધના પણ તેમાં જ છે, એમ માનવું.

કેશુની કુંડલી ઉપરથી અત્રેના પંડિતજીએ ફલાદેશ લખી મોકલ્યો છે, તે વાંચીને ધીણોજ કુંદકુંદ વિ. ઉપર મોકલી આપશો.

યાત્રા માટે લખ્યું તે જાણ્યું. યાત્રા માટે આ ઋતુ અનુકુળ નથી, એમ શ્રી કલ્યાણપ્રભ વિ. લખતા હતા.

કલ્યાણક ભૂમિઓ છે, તેથી સ્પર્શનાની ભાવના રાખવી જોઈએ અને અનુકૂળતાએ લાભ લઈ લેવો જોઈએ.

અત્રે બધા આનંદમાં છે દેવગુરુકૃપાએ.

# હિતચિંતા

સીનોર આ.સુ. ૪
વિ. સં. ૨૦૦૮

વિનયાદિ ગુણગણયુત મુનિવર શ્રી કુંદકુંદ વિજયજી યોગ્ય અનુવંદનાદિ.

સુદી ૧નો પત્ર મળ્યો. કેશુની તબીયત સુધારા ઉપર જાણી આનંદ.

કેશુ માટે માણેકચંદનો અભિપ્રાય જાણ્યો. તેની કુંડલી અને જન્માક્ષર ત્યાં પંડિતને બતાવ્યા હશે. એક નકલ અહીં પણ મોકલશો. અહીંનો પંડિત પણ જાણકાર છે.

કેશુની હૃદયપૂર્વકની ભાવના છે કે કેમ, તે એકદમ નક્કી કરી શકાય નહિ. અત્યારે તો આપણને એટલું જ લાગે છે કે, તે પુણ્યશાળી છે - જન્મથી જ સારા સંસ્કારમાં ઉછરવાનું મળ્યું છે. બુદ્ધિ તીવ્ર છે. કોઈ પણ વસ્તુનો નિર્ણય કરવા પહેલાં તે પુખ્ત વિચાર કરે છે. અને પછી જ બહાર પાડે છે. સ્વભાવે ઉદાર છે. હૃદય પોચું અને વિનયવાળું છે. વગેરે બાહ્ય લક્ષણોથી તે ચારિત્ર માટે અયોગ્ય નથી. એટલો જ નિર્ણય કરી શકાય છે. વળી બુદ્ધિ સારી હોવાથી તેને ભણવાની સામગ્રી સતત મળ્યા કરે, તો વિદ્વાન થઈ શકે, એવી શક્યતા છે. તેને ભણવાનો કુદરતી શોખ છે. સિદ્ધહૈમ વગેરે નાની ઉંમરમાં ભણી જાય તો ભવિષ્યની અંદર સાધુ ન થાય તો પણ ઉત્તમ પંડિત શ્રાવક થઈ શકે એ રીતે તેને સારો પંડિત બનાવવાની અભિલાષા અવશ્ય વર્તે છે. કારણ કે આપણી વિદ્યા ભણવા માટે જેટલા સાનુકૂળ સંયોગો તેને છેં, તેટલા ભાગ્યે જ કોઈને પ્રાપ્ત થઈ શકે. તે સંયોગોનો અવશ્ય લાભ લેવો જોઈએ. ચાતુર્માસ બાદ તમે વિહાર કરી અમદાવાદ જાઓ અને કેશુને શાંતિભાઈને ત્યાં રાખવાનું થાય -એ રીતે છ બાર મહિના વધુ તાલીમ મળે, પછી તેનું શું પરિણામ આવે છે, તે જોયા પછી આગળ વિચાર કરી શકાય. તેને ભણાવવાની સગવડ આપવા ખાતર માણેકચંદભાઈને જે ભોગ આપવો પડે તે આપવા તૈયાર રહેવું જોઈએ અને તમારે પણ તમારા અભ્યાસને બાધ ન પહોંચે, તે રીતે વિહારાદિ ગોઠવવા પડે. તે માટે અમદાવાદની સ્થિરતા ઘણી અનુકૂળ આવે એમ મને લાગે છે. પછી જેવી ક્ષેત્ર સ્પર્શના -

# હિતચિંતા

સીનોર

કા.સુ. ૧૪ ૨૦૦૯

સુશ્રાવક માણેકચંદભાઈ યોગ

ધર્મલાભ

તમારા કાર્ડ તથા પત્ર મળ્યાં છે. વાંચી આનંદ થયો છે. તમારા પ્રથમ વિસ્તૃત પત્રનો ઉત્તર તથા વિજય પ્રસ્થાન પુસ્તકનું બુ. પો. મોકલ્યા હતાં, તે મળી ગયાં હશે. તેનાથી બધા સમાધાન મળી જશે.

કેશુની કુંડલી અને તેનો ફલાદેશ ધીણોજના પંડિતે તેની હસ્તરેખા સાથે મેળવીને લખી મોકલ્યો છે. તે વાંચીને આજરોજ જ તમારા પર બીડયો છે. તેમાં કેટલીક વાતો વધારા પડતી લખી છે. પરંતુ પહેલાં અહીંના પંડિતે જે લખી મોકલેલ છે, તે બરાબર લાગે છે. છતાં બંને હાલ તમારી પાસે રાખશો.

કેશુના અભ્યાસની તથા નિત્ય ક્રિયાની વિગત જાણી છે. ખોટી સોબતે ન ચઢે અને થોડો પણ નિયમિત અભ્યાસ વધતો રહે, તેમ થવું જોઈએ. અત્રે માળીયાવાળા પંડિત છે , તે ઘણા સુયોગ્ય છે. તેના સહવાસમાં આવશે તો અભ્યાસમાં તથા બીજી રીતે પણ સારો વેગ મળશે. પરંતુ તે અવસરે બને.

અત્રેથી કા.વ. ૫ના વિહાર છે. મા.સુ. ૨/૩ આમોદ અને મૌનએકાદશી પણ પ્રાયઃ ત્યાં જ થવા સંભવ છે.

તમારી નિત્યક્રિયામાં તમે પણ મગ્ન રહેશો.

અત્રે શ્રી દેવગુરુ કૃપાએ દરેક રીતે કુશળ છે.

કેશુને ધર્મલાભ

# મનોરથ

મા.વદ ૧૩
વિ. સં. ૨૦૧૨

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી કુંદકુંદ વિજયજી આદિ જોગ

અનુવંદનાદિ.

ત્રણે પત્ર આજરોજ મળ્યાં.

૧ પં. ઈન્દ્રદેવનું બાલદીક્ષા અંગેનું નિવેદન વાંચીને પુના મોકલી આપ્યું હશે. સરકાર પર પહોંચી ગયું હશે, કારણ કે આવતીકાલ મુદત પુરી થાય છે. ન મોકલ્યું હોય તો મોકલવા સૂચવી દેશો. ત્યાં નકલ હશે એમ માનીને લખ્યું છે.

મુનિ શ્રી ખાંતિ વિ. ને પહેલી બુક ખુશીથી કરાવવી.

શ્રી કીર્તિકાન્તને આ વિચાર ઉત્પન્ન થયો છે, તે બહુ સારો છે, એથી સંસ્કૃત પાકું કદાચ ન થાય, તો પણ ગુજરાતી ભાષા તો સુધરી જ જશે અને જ્ઞાનાભ્યાસના ઉદ્યમથી ઉભયને નિર્જરા તો થશે જ. શ્રી કીર્તિકાન્તનો લખેલ પત્ર વાંચીને આસેડા બીડી દીધો છે.

શ્રી વજ્રસેનનો પત્ર તથા ટાઈમટેબલ જોયું છે. તેની પ્રગતિ માટે મને કોઈ જાતનો સંદેહ નથી.

સાધુ ધર્મના વિકાસ માટે આ કાળમાં જરૂરી જે સદ્ગુણો જોઈએ, તે તેનામાં દેખાય છે. કેવળ બાહ્ય ચતુરાઈથી

સાધુતામાં વિકાસ થતો નથી. આજના જીવોને તે ચાતુર્ય સુલભ છે. અને લૌકિકમાં તેની કદર અને કિંમત તુરત થઈ શકે છે. આત્મપક્ષે તેથી કોઈ જ લાભ નથી.

ક્ષાયોપશમિક ભાવ મોહનો થયો છે કે નહિં તેની કસોટી આજ્ઞા પારતંત્ર્યમાં છે, જે આજે ઘણી દુર્લભ છે. એકાદ સાધુ સાંગોપાંગ શુદ્ધ સાધુત્વને દીપાવે તેવો ઉત્પન્ન થવાની અને તૈયાર થવાની જરૂર છે.

એ રીતે શ્રી વજ્રસેનનો ઉછેર થાય અને સ્વચ્છદર્પણની જેમ પૂર્વાચાર્યો અને પૂર્વ મુનિઓના સઘળા ગુણો તેનામાં સંક્રાન્ત થઈ જાય, એ જોવા માટે પૂર્ણ મનોરથ છે, એવી વિશાળ દ્રષ્ટિથી તેની કેળવણી થવાની જરૂર છે.

બાહ્ય અભ્યંતર ઉભય શુધ્ધિ કોઈ વિરલ આત્માના ભાગ્યમાં જ હોય છે.

શ્રી કીર્તિકાન્તને ૧૨૫નું સ્તવન શરૂ કરાવી શકશો. અહીંથી પોષ સુદ ૩ના વિહાર થશે. તમારે પોષ સુદ ૭નો દિવસ સારો છે. તે દિવસે વિહાર કરીને વડાલા જવાનું રાખશો.

ટપાલનો વિશેષ ઉત્તર હવે પછી ખંભાત તમે પોતે જ આપશો. યોગદ્રષ્ટિ માટે પણ પૂછાવશો.

એજ.

# હિતચિંતા

અંધેરી, આ.વ. ૦))
વિ.સ. ૨૦૧૧

વિનયાદિ ગુણોપેત મુનિ શ્રી કુંદકુંદવિજયજી જોગ અનુવંદનાદિ

આજે સવારે બે કલાક પં. શોભાકાંતજીને ત્યાં આવવા માટે કહ્યું છે, આવ્યા હશે. જો અનુકૂળ આવે તો રોજ સવારે બે કલાક ત્યાં રખાવીશું. ઉપદેશ રહસ્યની કઠિન પંક્તિઓ સ્પષ્ટ કરી લેશો. તદુપરાંત જે ટાઈમ મળે તે નવીન ન્યાયના પદાર્થોને સ્પષ્ટ કરવા ઉપયોગ કરશો. શ્રી વજ્રસેન વ્યાકરણ સારી રીતે કરે છે, તે જાણી આનંદ થયો છે. છઠ્ઠ કર્યો, તે શ્રી મહાભદ્ર વિ.ના સંસર્ગનો પ્રભાવ છે, તેને દવા ઉપર ચઢાવવાની જરૂર નથી. ચઢતું લોહી છે, તેથી સંયમ અને તપના પ્રભાવે આરોગ્ય ઝપાટાબંધ સુધરી જશે. શ્રી મહાભદ્ર વિ.નો સંપર્ક તેને માટે ઘણો જ હિતકર છે. વળી અભ્યાસમાં ચિત્ત લગાવીશ તેમ અત્રે કબૂલ કરી ગયેલ છે. તેથી કોષ બધો ઉપસ્થિત થઈ જાય અને વ્યાકરણ પણ નિયમિત ગોખવાનું તથા પાઠ કરવાનું રાખે તો થોડા જ વખતમાં પરિણામ ઘણું સારું આવશે. શ્રી વજ્રસેનની ખાસ સંભાળ રાખવાની છે. તે પોતે બહુ ચકોર છે એટલે જે વાત અંગીકાર કરી, તેને પાર પાડવાના મનોબળવાળો છે, માટે તેનો પૂરતો ફાયદો ઉઠાવી લેવો જોઈએ.

ઉપદેશ રહસ્ય ગ્રંથનો સટીક અનુવાદ ઘણો ઉપયોગી નીવડશે. અત્રે અમૃતભાઈ પણ તેવા ગ્રંથોને છપાવવાની ઉમેદ રાખે છે. જીવનમાં સ્વાધ્યાય મુખ્ય બને તો જ પ્રગતિ થશે. ઘણાં જ ઉપયોગી ગ્રંથો વાંચવાના છે. તેમાંથી વિશેષાવશ્યક ભાષ્ય મુખ્ય છે. તક મળે ત્યારે તેને ખાસ વાંચવાનો છે. સંમતિ તર્ક પણ તેવો જ પ્રભાવશાળી ગ્રંથ છે. ત્યાં સુધી પહોંચવા માટે ખુબ જ અપ્રમત્તતા જોઈશે.

એજ.

# હિતચિંતા

પુના સીટી

સુ. ૫ વિ.સં. ૨૦૧૨

વિનયાદિ ગુણયુત મુનિ શ્રી કુંદકુંદ વિ. જોગ અનુવંદનાદિ.

બંને પત્રો મળ્યા.

શ્રી વજ્રસેન અને ખાંતિ વિ.નાં પત્ર મલ્યા.

શ્રી કીર્તિકાન્તને પાઠ લેવા જવામાં હરકત ન હોય. અભ્યાસ કરવા માટેની તીવ્રતા માટે આનંદ. એવી તીવ્રતા 'વજ્રસેન'માં આવશ્યક છે. પૂ.આચાર્ય મહારાજનું હવે તુરતમાં મુંબઈ પધારવું થશે. તેઓશ્રી વજ્રસેનને પોતાની સાથે રાખવા ચાહે છે. અને તેનામાં ભણવાની જેટલી શક્તિઓ છે, તે બધી તેઓશ્રીના સાન્નિધ્યમાં જાગ્રત થઈ જશે. એવી ધારણા છે.

શ્રી ખાંતિ વિ. થી વાપરવામાં થઈ જતી ભૂલો ક્ષન્તવ્ય છે. સંસ્કૃત તેમને માટે દુષ્કર છે. તો પણ કદાચ પૂ. આચાર્યદેવના પ્રભાવથી ફરી ઉત્કંઠા થાય અને પ્રગતિ પણ થાય. ચરિત્રો વાંચવામાં હરકત નથી.

તમારે વ્યાખ્યાન અને સ્વાધ્યાય કાર્ય નિર્વિઘ્ન ચાલતું હશે. શ્રી વજ્રસેન હું માંદો છું એવું મનમાંથી કાઢી નાંખે. તેને તેની વય મુજબ વધુ કાર્યની જરૂર છે, તે પૂ. આચાર્ય મહારાજના પધારવાથી મળી રહેશે. અત્રે બધા શક્તિવાલા સાધુઓને સ્વાધ્યાયનું પુરતું કામ રહેતું હોવાથી બધા આનંદમાં છે.

Six Reals નિબંધમાં ભટ્ટાચાર્યની મૂળ નકલ સુશ્રાવક જીવાભાઈને સોંપશો અને મુનિ જંબુ વિ. પર મોકલી હતી, તે પાછી તેમના ઉપર મોકલવાનું લખતા હતા, તે મલી ગઈ કે કેમ ? તે પૂછશો. વસંતલાલ પાસેથી ચોથું ચેપ્ટર મલી ગયું હશે નહિ તો મંગાવી લેશો. આજે તેને કાગળ લખું છું.

એજ ખંભાતથી શ્રી હીર વિ.નો પત્ર છે. તેને તમે ઉત્તર લખી દેશો. આ સાથે કાર્ડ બીડયું છે.

# પ્રોત્સાહન

પુના સીટી વ. ૧૦ બુધ , વિ.સં. ૨૦૧૨ .

શ્રી કુંદકુંદ વિ. જોગ અનુવંદનાદિ

તમારા બધા પત્ર મળ્યા છે. હિન્દી કલ્યાણ વગેરે પણ મળેલ છે.

ઉપદેશ રહસ્ય અનુવાદનું વાંચન ચાલે છે. મૂળ અને ટીકાને સ્પર્શીને વિવેચન થયું હોત તો વધુ ગ્રાહ્ય બનત. તમે શ્રી મનક વિ. મ.ની ચોપડીઓને અનુલક્ષીને ચાલ્યા ગયા છો. તેથી તમારી પોતાની મૂળ ભાષા આવવાને બદલે તેમની ભાષાની છટા આવી ગઈ છે. અને તેમાં બીનજરૂરી લંબાણની સાથે કાંઈક કર્કશતા પણ આવી ગઈ જણાય છે. આવા પ્રભાવશાળી ગ્રંથોનાં અનુવાદમાં ભાષાની સૌમ્યતા અને પ્રસન્નતા ઝળકવી જોઈએ, તે આવી શકી નથી છતાં પ્રયાસ ઠીક જ થયો છે. એથી પદાર્થ જ્ઞાનની સાથે ભવિષ્યમાં લખવાની હિંમત પણ આવશે. તમારા આત્માને લાભ જ થયો છે આને આ જ રીતે પ્રેસમાં મોકલી શકાય તેમ નથી એટલે ફરી એકવાર આના ઉપર મહેનત થવી જોઈએ તે અવસરે વાત.

શ્રી વજ્રસેનની તબીયત સુધરતી જાણીને આનંદ. તેના શરીરમાં કાંઈ રોગ નથી માટે કોઈ પણ જાતની ચિંતાની લાગણી મનમાં સેવશો નહિ - પૂજ્યપાદ આચાર્ય મહારાજ પોતાની સાથે રાખી લેવાની ભાવના વાળા છે અને ભવિષ્યમાં તેનો સારો વિકાસ જોઈ રહ્યા છે. શ્રી ખાંતિ વિ. અને કીર્તિકાન્તને તપ સુખપૂર્વક ચાલી રહ્યો હશે. વ્યાખ્યાનમાં શું વાંચો છો તથા પર્ષદા કેવી છે તે જણાવશો.

શ્રી વજ્રસેનને કહેશો કે મુંબઈમાં ગુંડાઓનું હુલ્લડ હવે સંપૂર્ણ શાંત થઈ ગયું છે. તેવી જ રીતે તારા શરીરમાં રોગ રૂપી ગુંડાઓનું તોફાન હજુ સંપૂર્ણ શાંત કેમ થતું નથી ? માટે તેની સાથે સમજાવટ કરી લેવી સારી છે. તોફાન લાંબો વખત ચાલે તેમાં ગુંડાઓને પણ નુકસાન છે. તત્રસ્થ પૂ. પંન્યાસજી મહારાજ આદિને વંદનાદિ

શ્રી મહાનિશીથના પાનાઓના ગુજરાતી અનુવાદની નકલ કરાવી હતી. તે તમને હર્ષ વિ. આપી ગયા છે કે કેમ ? તે લખશો ?

# પ્રેરણા

રાધનપુર ચૈત્ર વદ ૧૩
વિ. સ. ૨૦૧૩

વિનયાદિ ગુણયુત મુનિ શ્રી કુંદકુંદ વિ. તથા તપસ્વી ખાંતિવિજયજી આદિ અનુવંદનાદિ.

અત્રે શ્રી દેવગુરુ પસાયે કુશળ છે, તમારા બધા પત્રો મળ્યાં છે.

મેઘજી ત્યાં આવી ગયો હશે. તેનો મુંબઈથી લખેલ પત્ર મલ્યો છે. ત્યાંના સામૈયાની તથા ઓચ્છવની તૈયારી વગેરેની હકીકત જાણી છે. કંકોત્રી પણ મળી છે.

'ભદ્રંકરાય' વાળો શ્લોક ન હોત તો સારું - વર્તમાન યુગમાં ધર્મવૃદ્ધિ માટે તે વસ્તુ પ્રતિબંધક છે. ભવિષ્યમાં ખ્યાલ રહે તે માટે લખ્યું છે. માણેકચંદના આંતર-બાહ્ય સ્વાસ્થ્યના સમાચાર જાણ્યાં. શ્રી નમસ્કાર મહામંત્રનું આરાધન અચિંત્ય ફળદાયી છે, તેની પ્રતીતિ જેમ જેમ કાળ વ્યતીત થશે, તેમ તેમ અધિકાધિક થતી જશે.

તમે શ્રી વર્ધમાન વિદ્યામાં ખાડા પાડશો નહિ. ૧૦૮ ન બને તો છેવટે ૨૭ તો નિશદ્દિન થવી જોઈએ. એથી આધ્યાત્મિક બળ ઘણું વધશે, અને પ્રભુ મહાવીર અને તેમના શાસનના પ્રભાવનું સાચું જ્ઞાન પ્રગટશે.

મુનિ શ્રી જંબુ વિ. અને તેમના ગુરૂ શ્રી સંબંધી હકીકત જાણી છે. જ્યાં સુધી તેમના ગુરુજીની તબિયત એવી છે, ત્યાં સુધી બીજો કોઈ પણ વિચાર કર્યા વિના ભક્તિનો જે લાભ મળે તે લઈ લેવો એ જ કર્તવ્ય છે.

અત્યારે એ સિવાય બીજો કોઈ પણ હેતુ મનમાં ધારણ કરવો નહિ. શ્રી જંબૂ વિ. ઘણા સુયોગ્ય આત્મા છે. તેથી તેમના આત્માને જેમ સમાધિ વધે અને સુખ ઉપજે તે રીતે વર્તી લેવું - સાથે આપણી સંયમની સાધના જરા પણ ન ચૂકાય તેની કાળજી રાખવી.

સુશ્રાવક વીરપાળભાઈ આદિને ધર્મલાભ એજ.

# આશીર્વાદ

વૈ.સુ.૧
રાધનપુર
વિ.સ. ૨૦૧૩

વિનયાદિગુણોપેત મુનિ શ્રી કુંદકુંદવિજયજી જોગ,

અનુવંદનાદિ

આજ રોજ એક પત્ર રીપ્લાયપેડ અરજંટ તાર માણેકચંદના નામથી મળ્યો. તેનો ઉત્તર નીચે મુજબ લખ્યો છે.

'તાર મળ્યો. ઘણા ખુશી થયા. અક્ષયતૃતીયાના દિવસે દીક્ષા કરો. આશીર્વાદ, કુંદકુંદવિજયજીને ખબર આપો.' તાર સલાયા, લક્ષ્મીદાસ રૂગનાથના સીરનામાથી હતો. તેથી તે જ સીરનામે જવાબ આપ્યો છે.

જામખંભાલીયાના બદલે સલાયા કેમ, તે સમજાયું નથી. તાર ઓફિસ સલાયા હશે એમ માનીને તાર સલાયા આપ્યો છે, તે મળી ગયો હશે. અને દીક્ષાનું કાર્ય સુંદર રીતે થઈ ગયું હશે. બેસતા મહીનાના દિવસે જ આ તાર મળવાથી વધારે આનંદ થયો છે. તથા અક્ષયતૃતીયાનો દિવસ સાધવાથી એથી વિશેષ આનંદ થયો છે. વડી દીક્ષાના યોગ માટે શું કરવું તે હવે પછી લખી જણાવીશું - એ જ આરાધનામાં ઉજમાળ રહેશો.

તા.ક. અક્ષયતૃતીયાનો દિવસ દાન ધર્મનો પ્રારંભ કરનારો હતો. તે જ દિવસે માણેકચંદભાઈની દીક્ષા થાય છે,

તે તેમની દાનપ્રિયતા ગુણના કારણે કેમ ન હોય ? સર્વ જીવોને સર્વદા અભયદાન, આપનાર પ્રભુની સર્વવિરતિ દીક્ષાની પ્રાપ્તિ એ દાનધર્મનું સર્વોત્તમ ફળ છે. અને સર્વ સમર્પણવૃત્તિની ભાવનાની સાર્થકતા પણ સર્વવિરતિ દીક્ષાથી જ પૂર્ણ થાય છે. આજ સુધી થયેલ આરાધનાનું આ સાહજિક પરિણામ છે. તેથી આ દીક્ષા બહુ સુંદર રીતે સફળ થશે એમાં કોઈ પણ જાતની શંકા નથી. નવદીક્ષિતને અત્રે રહેલા બધા સાધુઓ તરફથી અનુવંદનાદિ જણાવશો.

પાલીતાણા આરીસામાં ભુવન પૂ. આચાર્યદેવ બિરાજે છે. ત્યાં તમારા તારના સમાચાર જંણાવ્યા છે. દીક્ષા થયા બાદ તમે પણ ત્યાં તાર ટપાલથી જણાવશો. સુ. ૩ની પાલીતાણામાં પણ દીક્ષા છે. પાટણ તથા અમદાવાદ પણ તારથી ખબર આપશો.

## આરાધના

અંજાર જેઠ સુદ - ૯
વિ.સં. ૨૦૧૩

અનુવંદનાદિ

આપણા માટે વર્તમાનકાળ શાસનપ્રભાવના કરતાં શાસનની આરાધના કરવાનો છે. તેથી કોઈ પણ કાર્ય પ્રભાવનાને ઉદ્દેશીને નહિ પણ આરાધનાને ઉદ્દેશીને કરવાનું લક્ષ્યમાં રાખવું.

એથી નમ્રતા જળવાઈ રહેશે.

# સંયમસાર

વૈ.સુ. ૧૦. ૨૦૧૩
સાંતલપુર

નૂતન મુનિવરશ્રી મહાસેન વિજયજી જોગ, અનુવંદનાદિ

પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. તમારા અધ્યયન માટે જ્ઞાનસાર ટબાની ચોપડી મોકલી છે. રોજ બે-બે-ચાર-ચાર શ્લોક ગોખશો તથા ક્રિયાના સૂત્રો એવા શુદ્ધ તથા પાકા કરશો અને તેનો અર્થ તથા રહસ્ય એવી રીતે સમજી લેશો કે જેવી રીતે નમસ્કાર મહામંત્ર ગણતી વખતે આનંદ આવે છે અને તેનો લાભ અનુભવાય છે, તેવી જ રીતે રોજની ક્રિયામાં વપરાતા દરેક સૂત્રોમાં આનંદ આવે. તમારા અભ્યાસનો મુખ્ય વિષય આજ બનાવશો. એથી બાહ્ય-અભ્યંતર બંને પ્રકારનાં આરોગ્યો સુધરી જશે. વિધિયુક્ત સંસાર છોડયો છે અને સાધુપણુ લીધું છે, તેવી રીતે વિધિપૂર્વક સાધુપણું પાળીને સિદ્ધપણું મેળવવાનું છે, એવો દ્રઢ સંકલ્પ કરશો. થોડું પણ શાસ્ત્રવિધિયુક્ત થાય તેના પર વધુ ભાર આપવો. જે સંસાર છોડયો છે, તેને પૂરેપૂરો છોડી જાણવો. સંસારીઓને પુંઠ આપવી. ઉપકાર નિમિત્તે પણ તેમાં ભળવું નહિ. સારામાં સારી આરાધના એ જ ઉપકાર કરવાનો કીમીયો છે. વિધિ જાણવા અને આચરવા ખૂબ જ આદરવાળા રહેવું. સાધુપણાનો સાર વિધિયુક્ત તેનું પાલન કરવું તે છે.

# ગુણાનુરાગ

અંજાર જેઠ સુ-૧૧ વિ.સં. ૨૦૧૩

વિનયાદિ ગુણગણોપેત મુનિશ્રી કુંદકુંદવિજયજી આદિ જોગ અનુવંદના

સુદ-૪નો દાંતાથી લખેલો પત્ર આજરોજ અહીં મલ્યો છે. સાથેનો પૂ.લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તરફથી આવેલો પત્ર વાંચીને પાછો મોકલી આપ્યો છે.

તેમની પાસે ગુણાનુરાગી અને ગુણગ્રાહી દ્રષ્ટિ હોવાથી જે લખ્યું છે તે બરાબર છે.

સત્પુરુષો કોઈની પણ ખામી હોય તો પણ જોઈ શકતાં નથી. કારણ કે તેમની સમક્ષ પોતાની ખામીઓ જ એટલી બધી તરવરતી હોય છે કે તેની આગળ બીજાની ખામીઓ જોવાની તેમને ફુરસદ હોતી નથી.

આપણી ખામીઓ આપણે જ શોધી કાઢવાની હોય છે અને એ શોધવાની દિશા ખામી બતાવનારાઓ તરફથી જ મળે છે તેથી આત્મવિકાસને સાચા દિલથી ચાહનારને મન ખામી શોધી આપનારા પણ અપેક્ષાએ ઉપકારક લાગે છે.

નામાભિધાન માટે છેલ્લો નિર્ણય શ્રી મહાસેનવિજયજીએ જણાવ્યો છે, તે જ બરાબર છે.

વડી દીક્ષાના દિવસ વગેરે માટે અમદાવાદ પૂજ્યશ્રી ઉપર પૂછાવીને ત્યાંથી જે આજ્ઞા આવે તે પ્રમાણે વર્તવાનું છે. તપસ્વી ખાંતિ વિજયજી તથા નૂતન મહારાજને ખૂબ અનુવંદના સુખ શાતાદિ જણાવશો.

અમે સુ-૧૩ ભદ્રેશ્વર અને ત્યાંથી વદ-૨ ભુજપુર પંહોંચવા ધારીએ છીએ. એ જ...

# વ્યવસ્થા

મુંદ્રા

જેઠ વદી-૧૪ વિ.સ. ૨૦૧૩

વિનયાદિ ગુણયુત મુ. શ્રી કુંદકુંદ વિજયજી આદિ જોગ અનુવંદનાદિ

તમારા જેઠ વદ ૭-૮ અને ૧૧ ના લખેલા પત્રો મળ્યાં છે. આઠમના લખેલા બંને કવરો એટલે કુલ ૪ કવર ગઈકાલે સાથે મળ્યાં. અમે આજરોજ સવારે અહીં આવ્યા છીએ. અહીંથી ભુજપુર હવે માત્ર ૬ માઈલ છે. અ.સુ. ૨ના પ્રાયઃ અત્રેથી વિહાર કરીને બે ગાઉ પર જવાનું થશે. ત્યાં રાત રોકાઈ બીજે દિવસે અ.સુ. ૩ની સવારે ભુજપુર પ્રવેશ થશે.

તમને નવાગામ વડીદીક્ષાની આજ્ઞા મળી તથા પૂ. શ્રી ભુવનસુરિજી મ.ના વરદ હસ્તે વડી દીક્ષા થશે, તે જાણ્યું. તેમને અમારા તરફથી વંદના જણાવશો. હવે તમારે ચાતુર્માસ માટે રાજકોટ જવું યોગ્ય જણાતું નથી. જો વડી દીક્ષા ત્યાં થવાની હોત તો તે બરાબર હતું. વડી દીક્ષા નવાગામ નક્કી થઈ, એટલે હવે નાના માંઢાવાળાની ચાતુર્માસની વિનંતિનો સ્વીકાર થયો છે, તે જ બરાબર છે. તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી. રાજકોટ જામનગરથી પ્રાયઃ ૫૬ માઈલ હશે. અને નવાગામથી જામનગર દસેક માઈલ થશે. આટલો લાંબો વિહાર કરીને રાજકોટ જવું અને ઉપર ચોમાસાનું વરસાદનું જોખમ ખેડવું, તેના કરતાં આ ચોમાસું ગામડામાં પસાર કરી લેવું તે જ સારું છે. શહેરમાં અમુક અનુકૂળતાની સાથે ઠલ્લા માત્રાની પ્રતિકૂળતા પણ રહેશે. ગામડામાં તે નહિ રહે. આરોગ્યની દ્રષ્ટિએ તથા ત્યાં વાળાના લાભની દ્રષ્ટિએ પણ જે છે, તે જ બરાબર છે. ફેરવવાની જરૂર નથી. નૂતનનું નામ શ્રી મહાસેનવિજય રાખવાનું શ્રી ભદ્રેસરથી લખેલા છેલ્લા પત્રમાં જણાવ્યું છે. તે મુજબ રાખશો.

એજ

# હિતચિંતા-પ્રેરણા

અ.સુ.૧
મુંદ્રા
વિ.સં. ૨૦૧૩

વિનયાદી ગુણોપેત મુનિવરશ્રીકુંદકુંદવિજયજી આદિ જોગ,

અનુવંદનાદિ

અત્રેથી એક પત્ર જામનગરના સીરનામે લખ્યો છે. નૂતન મહારાજને આ ચાતુમાર્સમાં સાધુક્રિયા કડકડાટ થઈ જવી જોઈએ. શ્રી ખાંતિ વિજયજી સાથે પાઠ કરવાનું રાખે. સંસ્કૃત માર્ગોપદેશિકા ભાગ-૧ લો કરાવવાનું રાખશો. સંસ્કૃત બે બુક જેટલું કોઈ પણ ભોગે મહેનત કરીને પણ એક વર્ષમાં નહિ તો પણ બે ત્રણ વર્ષમાં થઈ જવીજોઈએ. આરોગ્ય પણ સુધરવું જોઈએ. નમસ્કારનો જાપ પણ પ્રાતઃકાળે સારી રીતે થવો જોઈએ એજ. આરાધનામાં ઉજમાળ રહેશો.

**ભયાનક રસ** - સંસારમાં દુઃખ ક્યાંથી આવ્યું ? તો કહેવું પડે કે, પાપમાંથી ! પાપના સ્થાન અઢાર છે. જગતના જીવો તે અઢાર પાપસ્થાનક સેવી રહ્યા છે અને તેથી દુઃખ પામે છે. મહાવ્રત લીધા પછી પણ કષાય કરીએ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ન પાળીએ, તેનું દુઃખ પણ ન થાય, મિથ્યાત્વ અને અજ્ઞાનના યોગે આ પાપ થાય છે અને પાપથી દુઃખ થશે, તેમ જાણવા છતાં પાપ ન છોડે તે ભયાનક રસ. તેનો સ્થાયી રસ ભય !

# વ્યાખ્યાતાને માર્ગદર્શન

ભુજપુર અ.સુ. ૩
વિ.સ. ૨૦૧૩

વિનયાદિ ગુણયુત શ્રી કુંદકુંદ વિ. આદિ જોગ

અનુવંદનાદિ

દેવગુરુ પસાયે આજરોજ શુભ મુહૂર્તે અમારો અત્રે ચાતુર્માસ પ્રવેશ ઉત્સાહપૂર્વક થયો છે.

ત્યાં વડી દીક્ષા પણ સારી રીતે ઉજવાઈ ગઈ હશે.

નૂતન દીક્ષિતને અભ્યાસ માટે આવશ્યક ક્રિયા બને તો અર્થ સાથે અને માર્ગોપદેશિકા ભાગ-૧ લો, તેમજ તમારો અભ્યાસ પ્રમાણનય તત્ત્વલોકાલંકાર સૂત્રો કંઠસ્થ કરી લેવા. અવતારિકા અને સ્યાદ્‌વાદ મંજરી આ ચોમાસામાં આખી જોઈ લેવી અને વ્યાખ્યાન માટે જે જરૂર પડે તે ગ્રંથો જોઈ લેવા અને વ્યાખ્યાન સહજ ભાવે, સરળ શૈલીએ, બોલનાર સાંભળનાર ઉભયને જરા પણ જોર ન પડે, તે રીતે રમુજ પૂર્વક તત્ત્વજ્ઞાન કરાવી શકાય અને ધર્મભાવ વધારી શકાય, તેવી સ્પષ્ટ ગંભીર અને મધુર શૈલીવાળી વાણી વડે બુદ્ધિ ગ્રાહ્ય અને શ્રદ્ધાગ્રાહ્ય ટુંક દ્રષ્ટાંતો વાળી શૈલી થઈ જવી જોઈએ.

વ્યાખ્યાનમાં ફાવે તો સિદ્ધર્ષિગણીની ટીકાવાળી ઉપદેશમાલા અથવા મલ્લધારી હેમચંદ્રસૂરિજીની પુષ્પમાળા અને ભવભાવના બંને ગ્રંથ આ ચોમાસામાં વાંચી લેવા. અને રોજ એક કલાક તે બે ગ્રંથોમાંથી કોઈ એકની વાંચના શ્રી ખાંતિવિજયજી અને મહાસેનવિજયજીને આપવી.

ખાંતિવિજયજીને નૂનત સ્તવન સજ્ઝાય આનંદઘનજી, માનવિજયજીની ચોવીસી અને સજ્જન સન્મિત્રમાંથી બીજા પણ સારા મોઢે કરાવશો એજ.

# વ્યવસ્થા

ભુજપુર

અ.સુ. ૮ વિ.સ. ૨૦૧૩

વિનયાદિ ગુણયુત મુનિ શ્રી કુંદકુંદ વિજય આદિ જોગ અનુવન્દનાદિ

તમારા બંને રજીસ્ટર પત્રો તથા છેલ્લો જેઠાભાઈ સાથેનો પત્ર પણ મળ્યો છે. શ્રી મહાસેન વિજયજીનો પત્ર મળ્યો છે. તેનો વિગતવાર ઉત્તર હવે પછી આપીશું.

તમારે વ્યાખ્યાનમાં ધર્મસંગ્રહ વાંચવો હોય તો પણ સારો છે. તેમાં શ્રી હરિભદ્રસૂરિજી મ.ના ગ્રંથોનું દોહન છે જેઠાભાઈના કહેવા મુજબ પાંચ-સાત ગામ નજીકના છે, તે બધાને લાભ આપવાનો થશે, તો પછી ધર્મસંગ્રહ સાધુઓને વંચાવવાનું રાખશો.

દિવાળી કલ્પની પ્રત પણ મોકલી છે.

આરાધનામાં ઉજમાળ રહેશો.

નૂતન મુનિવરની સાધુક્રિયા તુરત તૈયાર થઈ જાય તેમ કરશો.

**શાંતરસ - રસાધિરાજ, શમ એટલે તૃષ્ણાનો ક્ષય ! શાંતરસ** એટલે સમતાભાવ. સમતા એટલે સામાયિક શમ-વેગ+સમાનતાનો વેગ.
મુનિને એક-એક દિવસે સમતાભાવ વધતો જાય, તે વર્ષના પર્યાય પછી અનુત્તરવાસી દેવોથી પણ અધિક સુખને સમભાવથી માણે. દરેક રસોનો શાંતરસ એ રસાધિરાજ છે. શાંતરસની અંદર દરેક રસનો સમાવેશ થઈ જાય છે.

## ઉપબૃંહણા - અનુમોદના

અ.સુ. ૧૩-૨૦૧૩

ભુજપુરં

વિનયાદિ ગુણગણોપેત નૂતન મુનિવર શ્રી મહાસેનવિજયજી જોગ, અનુવંદનાદિ

નવાગામથી અ.સુ. ૨નો લખેલ વિસ્તૃત પત્ર મળ્યો હતો. તેની પહોંચ શ્રી કુંદકુંદ વિ.ના પત્રમાં લખી છે. ત્યારબાદ વડી દીક્ષા થયાના સમાચાર શ્રી કુંદકુંદ વિ.ના પત્રથી, મોતીચંદ દેપારના પત્રથી તથા વડાલાવાલા જેઠાભાઈ અને તેમની સાથે આવેલા....ભાઈના મુખથી જાણ્યા છે. અને તમારા જીવનનું એક મહાન કાર્ય શ્રી દેવગુરુકૃપાથી અને તમારી આજ સુધી થયેલી ભાવના પૂર્વકની ધર્મની સુંદર આરાધનાથી પાર પડયું છે.

મનુષ્ય જન્મના સાર રૂપ, દેવોને પણ દુર્લભ સંયમ જીવનની પ્રાપ્તિ થઈ છે. અનેક ભવોની આરાધનાના ફળ રૂપે, પુણ્યાનુબંધી પુણ્યના પૂર્ણ પૂર્ણોદયે જ, આટલી સ્થિતિએં પહોંચી શકાય છે. શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્રની નિર્મળ આરાધના પણ તેની પાછળ પ્રચ્છન્ન રીતિએ સહાયભૂત બનેલ છે.

હવે જે જીવન પ્રાપ્ત થયું છે. તેમાં સર્વ પાપ વ્યાપારોનું વર્જન આપોઆપ થઈ જાય છે. અને સમગ્ર જીવન પર્યંત સ્વાધ્યાય, ધ્યાન, વિનય, વૈયાવચ્ચ, ભક્તિ, જીવદયા, સત્ય, શીલ વગેરેનું નિર્વિઘ્ન પાલન કરવાની સામગ્રી ભરપુર મળી છે. કેવળ રત્નોનો જ વ્યાપાર પ્રાપ્ત થાય છે. દરિદ્ર માણસ રત્નોની પ્રાપ્તિ માટે જેટલો ઉત્સાહિત હોય છે, તેથી પણ વધુ ઉત્સાહથી વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાયાદિ ગુણરત્નોની પ્રાપ્તિ માટે મુનિ ઉત્કંઠિત રહે છે. જીવનની પ્રત્યેક પળ અને પ્રત્યેક ક્ષણ ગુણનો સંચય અને ગુણનો જ સંગ્રહ કરવાની તક આપનારું જીવન એ શ્રી જૈનશાસનનું મુનિજીવન છે. આવું ઉત્તમ જીવન જીવવાની સગવડ બીજા કોઈ પણ ધર્મમાં મળી શકતી નથી. તેથી આ જીવન દેવોને પણ દુર્લભ મનાય છે. એ જીવનની પ્રાપ્તિ તમને પણ મળી ચૂકી એ જાણીને લાગતા વળગતા સૌ કોઈને આનંદ થયો છે અને શાસ્ત્ર દ્રષ્ટિએ ચૌદ

રાજલોકમાં અભયદાનનો ડંકો વાગ્યો છે. સર્વ જીવો તમારા તરફથી ભયમુક્ત બન્યા છે. અભય પામ્યા છે એટલું જ નહિ, પણ તમારો આત્મા પણ ભવિષ્યના દુર્ગતિના ભયોથી મુક્ત બન્યો છે.

ગૃહસ્થપણામાં રોજ સામાયિક કરીને હર્ષપૂર્વક સ્વાધ્યાય કરતા હતાં. તેનાથી ઉપાર્જન થયેલા તીવ્ર પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે તત્કાલ જાવજ્જીવનું સામાયિક અને જાવજ્જીવ સ્વાધ્યાય કરવાની અનુકૂળતાવાળું જીવન મળી ગયું છે. આ સ્વાધ્યાય અને સંયમમાં વૈમાનિક દેવગતિને યોગ્ય અને નિર્વાણ સુખ ને યોગ્ય આરાધના કરાવવાનું સામર્થ્ય છે. મુનિ જીવનની બધી જ ચર્યા (કાજો લેવાથી માંડીને શાસ્ત્ર ભણવા પર્યંતની) આત્માને એકાંત હિતકારક છે. તેથી મુનિજીવનની દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ રસ લેવો જોઈએ. બધી જ પ્રવૃત્તિઓને એક સરખી ઉપકારક માનવી જોઈએ.

રાત્રી સારી જાય એ માટે અને સવારે પંચ પરમેષ્ઠિના ધ્યાન વગેરેમાં એકાગ્રતા સારી આવે એ ખાતર વિશેષ તપ ન બને તો પણ સાંજે વાપરવાનો ત્યાગ કરવા માટે મક્કમતા કેળવવામાં આવશે તો પણ તપનો બધો લાભ મળશે.

સાધુ જીવનમાં બીજી જરૂરી વસ્તુ નિયમિતતાની છે. જે વખતે જે કાર્ય શાસ્ત્રકારોએ વિહિત કરેલું હોય તે વખતે જ તે કાર્ય કરવું પણ એમાં સમયનો ફેરફાર થવા ન દેવો. સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં જ કરવું. સવારનું પ્રતિક્રમણ, બે વખતની વસ્ત્ર-પાત્રની પડિલેહણા, ગોચરી-પાણી આદિનો જે સમય નિયત હોય તે સમયે જ તે કરી લેવાં, પણ એમાં અનિયમિતતા ન થવા દેવી, એ નિયમ બહુ જ લાભદાયક છે.

બીજું રોજ કલાક દોઢ કલાક નવું ગોખવાનો અભ્યાસ અને રોજ ઓછામાં ઓછો એક કલાક ભણેલું યાદ કરી જવાની ટેવ પાડવી ખાસ જરૂરી છે. તમારા જેવી ઓછી શક્તિવાળાએ પણ ઓછામાં ઓછી સંસ્કૃત બે બુક, ધનંજય કોષ અને પછી સંસ્કૃત વાંચન પોતાની મેળે થઈ શકે, તેટલી શક્તિ મેળવવી જ જોઈએ. અને તે ઉપર મુજબ ગોખવા અને પરાંવર્તન કરવાનો નિયમિત અભ્યાસ કેળવવાથી સહેલાઈથી આવી શકશે.

# પંચમહાવ્રત

અ.વ. ૬ ૨૦૧૩

ભુજપુર

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેન વિજયજી જોગ,

અનુવંદનાદિ

તમારા પત્રની પહોંચ ગઈકાલે શ્રી કુંદકુંદ વિ.ના પત્રમાં જણાવી છે.

ગાથાઓ ચઢે યા ન ચઢે પણ રોજ ઓછામાં ઓછું ૧ કલાક ગોખવાનું રાખશો જ. તેથી આગળ ઉપર ઘણો ફાયદો થશે. પ્રભુની પૂજા, ભક્તિ, સંઘ અને સાધર્મિકની ભક્તિ અને સેવા એ વગેરે દ્રવ્યસ્તવ છે. તે પણ જો આત્માને આ જ જન્મમાં ઉચ્ચ સ્થિતિ મેળવી આપે છે, તો પછી પ્રવજ્યા ગ્રહણ અને પાલન, એ તો ભાવ- સ્તવ છે. તેને પણ તેટલા જ ઉલ્લાસથી આરાધવામાં આવે તો કેટલો મોટો લાભ થાય ? એ સમજી શકાય તેમ છે.

સંયમજીવન સ્વીકાર્યા બાદ આત્માને અનંતાનંત લાભ પ્રતિક્ષણ થયા કરે છે, તે જ્ઞાની મહારાજ જ્ઞાનથી જુએ છે, આપણે તો માત્ર અનુમાન જ કરવાનું રહ્યું. એક એક વ્રતના અણીશુદ્ધ પાલનથી પણ જો વૈમાનિક દેવાદિની ગતિ પ્રાપ્ત થાય તો રાત્રિ ભોજન વિરમણ સહિત પાંચે મહાવ્રતોના ભાવનાપૂર્વકના પાલનથી શું બાકી રહે ? એક એક મહાવ્રત પણ જીવનને દિવ્ય બનાવવાની શક્તિ ધરાવે છે, તો પાંચે મહાવ્રતોનું કાળજીપૂર્વક પાલન કરવામાં આવે તો તે ભાવ સ્તવરૂપ બનીને જીવની અનાદિકાલીન અશુદ્ધિનો સર્વથા અંત લાવી શકે. આજ સુધી નવકારમંત્ર ગણ્યા પણ મહાવ્રતો નહોતા. હવે મહાવ્રતોના અંગીકારપૂર્વક અને પાલનપૂર્વક જે નવકાર ગણાશે, તે જુદા જ ફળને આપનાર થશે, તેની ખાત્રી રાખશો. વ્રતની વિશુદ્ધિ એ

મુખ્ય શરત છે. તેથી પ્રાપ્ત થયેલા નિધાનની જેમ વ્રતની રક્ષા અને પાલન કરવા સાવધાન રહેશો. અને તેમાં લેશ પણ અતિચાર ન આવી જાય તેની પુરતી કાળજી રાખશો. અને જે કાંઈ સુક્ષ્મમાં સૂક્ષ્મ દોષ થઈ જાય તેની નોંધ રાખશો. તો આ વ્રતપાલનનો અભ્યાસ સમ્યકત્વની શુદ્ધિ કરવાની સાથે થોડા જ સમયમાં કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિનો હેતુ બની જશે. આ ચોમાસામાં ધર્મબિન્દુ ગ્રંથ એકવાર મનનપૂર્વક વાંચી જશો. તેથી વ્રતપાલનમાં અનેરો ઉત્સાહ જાગશે. પંચસૂત્રનું પ્રથમસૂત્ર મુખપાઠ હોય તો તેનો રોજ પાઠ કરશો. મુખપાઠ ન હોય તો પુસ્તકમાં જોઈને કરશો.

અભ્યાસ તો હવે નહિ જ થઈ શકે, એવો નિરાશાવાદ સેવશો નહિ. સંયમના પ્રતાપે સર્વ કાંઈ દુષ્કર સુકર બને છે. અશક્ય સુશક્ય બને છે. દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારનું આરોગ્ય પણ સંયમના પ્રભાવથી સુધરતું જાય છે. અને તે બધો અનુભવ આ ચાતુર્માસમાં તમને થવો જોઈએ.

નિરાશાવાદ મનમાંથી સર્વથા કાઢી નાંખશો. અને સંપૂર્ણ આશાવાદી બનશો. કારણ કે સર્વ આશાઓને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષથી પણ અધિક સંયમ વૃક્ષ અને મહાવ્રતોના પાલનરૂપ અપૂર્વ કલ્પવૃક્ષ પ્રાપ્ત થયેલાં છે. તેને તેવા ભાવથી જ જોશો અને બીજાને જોવડાવવાની શક્તિ મેળવશો.

બ્રહ્મચર્ય વ્રતની ઉત્તમ કોટીએ કરેલી આરાધના કલ્પવૃક્ષની જેમ ફળે છે, એમ સર્વ શાસ્ત્રો સાક્ષી પૂરે છે.

# વ્યવસ્થા

(દીક્ષા પહેલા પૂજ્યશ્રી ગુરુદેવશ્રી પંન્યાસજી મ.ને સમાચાર મળ્યાં ત્યારે આશીર્વાદ ઝરતો પત્ર લખેલો ત્યારબાદ દીક્ષા પછી તરત જ એમની ઉપધિ વિગેરે જે કંઈ ઓછું હોય તે તુરત જ જણાવવા માટે પૂછાવેલું ગુરુદેવના હૃદયમાં સતત શિષ્યની આત્મિક ચિંતા સાથે સંયમની આરાધના સુખરૂપ થાય તે પણ કેટલી ચિંતા હોય છે તે આ પત્રમાં છે.)

ભુજપુર શ્રા. સુ. ૧૧
સં. ૨૦૧૩

વિનયાદિ ગુણોપેત શ્રી કુંદકુંદ વિજયજી જોગ અનુવંદનાદિ....

સુદી-૬નો પત્ર મળ્યો. ગઈકાલે એક પત્ર લખ્યો છે. મુંબઈથી કલ્પસૂત્ર વગેરે સોબત જોગ મંગાવ્યું છે.

અભ્યાસના સમાચાર જાણ્યા. સામાયિક સૂત્ર હિન્દી નકલ-૧ તમને મોકલવા ભુરાલાલને જણાવ્યું છે. જે પુસ્તક સારું લખાયું છે. ધર્મસંગ્રહનું પરિશીલન કરી રહ્યા છો, તે બહુ જ સારું છે. વ્યાખ્યાનમાં એ બધા પદાર્થો સરળ ભાષામાં મૂકી શકાય તેટલી હદ સુધી ઘૂંટાઈ જવા જોઈએ.

શ્રી મહાસેન વિ.નો પત્ર વાંચ્યો. મેઘજીનો આવેલો પત્ર અત્રે રાખી લીધો છે. મારા ઉપરના પત્રમાં પણ લગભગ એ જ હકીકત હતી. હવે વિશેષ તેના રૂબરૂ આવ્યા બાદ થશે.

શ્રી મહાસેન વિ.ની ઉપધિમાં અમદાવાદથી શ્રી હર્ષવિજયજીએ જે વસ્તુઓ મોકલેલી, તે તેમને પ્રાયોગ્ય છે કે નહીં? તે જણાવશો....

અહીં એક સારો ઓઘો, ચરવળી, ચેતનો, ઠવણી, પાત્રી, ટોક્સી વિગેરે આવેલ છે. તેમાંથી કાંઈ જરૂર હોય તો જણાવશો. શિયાળામાં ઓઢવા માટેની કામળી છે કે નહિ? તે પણ લખશો. બીજું જે કાંઈ જરૂર હોય તે જણાવશો. પાલીતાણાના કલ્યાણ માસિકમાં વિજ્ઞાનની તેજ છાયા તથા સાધના માર્ગની કેડી અને મનન માધુરીના મથાળે જે લેખો આવે છે. તે ઉપર અભિપ્રાય લખશો.

એજ.

# વ્યવસ્થા - હિતચિંતા

અમદાવાદ

જેઠ સુ. ૪ વિ. સ. ૨૦૧૪

વિનયાદિ ગુણયુત મુનિવર શ્રી મહાભદ્રવિજયજી આદિ જોગ અનુવંદનાદિ

જેઠ સુ. ૧ તથા જેઠ સુ. ૨ના પત્ર મળ્યા છે. આજરોજ ગોઈજના શ્રાવકો શ્રી કુંદકુંદવિજયનો પત્ર લઈને આવ્યાં છે. ત્યાંના ક્ષેત્રની હકીકત જણાવી છે. અને શ્રી ખાંતિ વિ. સાથે શ્રી મહાસેન વિ. રહે તો લાભનું કારણ જણાવે છે. જયંતિલાલ માસ્તરને પણ ત્યાં બોલાવી લેવાનું નક્કી કર્યું છે. તેથી હવે તમારે ચારને પ્લોટમાં રહેવાનું થશે, પંડિતને બે થી અઢી કલાક પ્લોટમાં ભણાવવા માટે આવવાનું નક્કી કરી લેવામાં આવશે, તો હરકત નહિ આવે. શ્રી રોહિત વિ.ને પત્ર આપ્યો છે. અનુવંદના સુખ શાતા લખાવી છે. ગોઈજવાલા સાથે પુસ્તકો મોકલ્યા છે. ગોઈજથી બે જણ વિહાર કરીને જામનગર આવશે અને જામનગરથી શ્રી ખાંતિવિજયજી આદિ પાછા ગોંઈજ જશે. ચાતુર્માસ પ્રવેશ મુહૂર્ત દરેકને અષાડ સુદ ૩નો દિવસ સારો છે. સૂર્યોદય પહેલાં ૦૧ કલાકે નગરપ્રવેશ થઈ જવો જોઈએ.

શ્રીખાંતિ વિ. તથા શ્રીમહાસેન વિ.ને ચાતુર્માસમાં લેવા લાયક વસ્તુઓ તથા દરરોજ માંડલીમાં પ્રતિક્રમણ, પડિલેહણના ટાઈમે પડિલેહણ તથા ગૃહસ્થો સાથે અતિપરિચયનો ત્યાગ, કેવળ ધર્મ હેતુએ જ પરિચય, વિજાતીયના સંબંધનો સર્વથા ત્યાગ, આલોચનાની વિગતો તથા સંયમ સંબંધી બીજી જે કાંઈ ઉપયોગી સૂચનાઓ કરવા લાયક હોય તે કરશો. અને સંયમજીવનમાં થોડી પણ શિથિલતા ન આવી જાય તેની કાળજી રાખવા ઉચિત કહેશો. એજ.

# સંઘ ચિંતા

ચૈત્ર વદ ૧૧, અમદાવાદ ૨૦૧૪

વિનયાદિ ગુણોપેત મુનિશ્રી કુંદ કુંદ વિજયજી, મુનિ મહાસેન વિજયજી આદિ જોગ અનુવંદનાદિ.

વદી-૯નો પત્ર, પત્રિકાઓ તથા ટપાલમાં મોકલેલી પત્રિકાઓ મલી. ગવૈયા હીરાલાલ વડનગર ગયા છે. પ્રાયઃ કાલે આવનાર છે. તેને સમાચાર પહોંચાડીશું. તેના ઉપર તારથી ખબર આપવા પણ આવેલ ભાઈને કહ્યું છે. તેને વધુ ટાઈમ ન રહેવાથી વિશેષ વાતચીત થઈ શકી નથી. શ્રી નવકારનું કથાનક તથા ધૂન અને તે દ્વારા શ્રી નવકારનો પ્રચાર સારી રીતે જે કોઈ કરી શકતા હોય, તો તે આવશ્યક છે. શ્રી નવકાર પ્રત્યે જે જે રીતે સંઘમાં ભાવ જાગૃત થાય તે તે રીતે કરવાની આવશ્યકતા છે. માત્ર તેની પાછળ પ્રણિધાન શુદ્ધિ હોવી જોઈએ. શ્રી નવકાર વડે આપણી અંગત પ્રસિદ્ધિ કે જાહેરાત કરવાનો અતિતુચ્છ હેતુ આપણા પર સવાર ન થઈ જાય તે ખાસ લક્ષ્યમાં રહેવું જોઈએ. આશય શુદ્ધિ માટે વળી એક ભાવ એવો ઉમેરવો જોઈએ કે આપણા ધર્મનું ફળ કેવળ આપણને જ મળે એવી સંકુચિત ભાવના છોડીને ઉદારનું ધન જેમ સર્વ કોઈના ઉપભોગમાં આવે તેમ આપણાથી થતો યત્કિંચિત ધર્મ, જેઓ ધર્મ કરી શકતા નથી અગર અધર્મમાં ખૂંચી ગયેલા છે, તેઓને પણ મળો. આપણા ધર્મ વડે તેવોનો પણ ઉદ્ધાર થાઓ એવી વિશાળ ભાવના કેળવવી જોઈએ. જેમ પૂર્વ પુરુષો ગ્રંથરચનાના અંતે આનાથી ઉત્પન્ન થયેલા પુણ્યવડે જીવો બોધિલાભને પામો ઇત્યાદિ પ્રણિધાન કરે છે. તેમ આપણા સર્વને માટે તે ભાવના ઉપાદેય તથા અત્યંત હિતકર છે.

શ્રી મહાભદ્રાદિનો લાખાબાવલથી વદી-૮ નો લખેલો પત્ર આજ રોજ મળ્યો છે તેમને અનુવંદનાદિ જણાવશો. સુખશાતાપૂર્વક પત્રની પહોંચ જણાવશો.

ત્યાંની પ્રતિષ્ઠાનું કાર્ય ખૂબ ઉત્સાહ તથા શક્ય વિધિના પાલનપૂર્વક કરશો. પ્રભુ પ્રતિષ્ઠાના બ્હાને આત્મામાં નિશ્ચયનયથી રહેલી પ્રભુત્વની આત્માની અંદર રહેલી શ્રદ્ધામાં પ્રતિષ્ઠા કરશો.

# મંત્ર જાપ

ડીસા

આસો વદી-૧૨ વિ. સ. ૨૦૧૪

વિનયાદિ ગુણયુત મુનિ શ્રી કુંદકુંદ વિ. આદિ જોગ અનુવંદનાદિ છેલ્લે વદી-પનો પત્ર મળ્યો છે.

અત્રેથી એક બુક પોસ્ટમાં મંગાવ્યા મુજબ નવકારના કાર્ડ મોકલ્યાં છે. કમળબંધ મોટા ૩૧ નાના ૩૦ અને સફેદ અક્ષરના એ બધા ભેટ તરીકે મળ્યા છે. માઉન્ટ ઉપર ચોઢાવવાથી અને ફ્રેમમાં મઢાવવાથી કમલબંધ મોટા કાર્ડ વધારે આકર્ષક બનશે. ખાસ અધિકારી અને યોગ્યને આપશો. વિશેષ જોઈએ તો મંગાવશો.

વદ-૧૪ની દીવાળી છે, તે દિવસે નાની વર્ધમાન વિદ્યા ૧૦, માળા તથા વદી અમાસના રોજ મોટી વર્ધમાન વિદ્યા ૧૦, તથા પડવાના દિવસે ગૌતમસ્વામીની ૧૦, માળા ગણશો, પછી રોજ ૧ નિયમિત ચાલુ રાખશો.

શ્રી વજ્રસેનને વદ-૧૪ અમાસ સુ. ૧ ત્રણ દિવસમાં ૧૨, હજારનો એટલે રોજ ૪૦ માળા એ મુજબ ગણવાની ઓછામાં ઓછું એકાસણું ત્રણે દિવસ કરવાનું. 'ૐ હ્રીં ક્લીં નમો નાણસ્સ' પછી રોજ તેની ૧ નવકારવાલી ગણે. પડવાના દિવસે તે ઉપરાંત ૧૦, ગૌતમસ્વામીની અને પછી રોજ ૧, ચાલુ રાખે. શ્રી ગુણસેન વિ.ની ભાવના વધે તો ત્રણ દિવસમાં ૧, લાખનો જાપ પ્રથમ પદ 'નમો અરિહંતાણ' નો પુરો કરે. શ્રી મહાભદ્રવિજય પોતાનું ગુણણું ગણે છે તે ઉપરાંત પડવાના દિવસે ગૌતમસ્વામીની ૧૦, માળા ગણે. ધર્મસંગ્રહ બીજા ભાગ માટે સાણંદ પત્ર લખશો. કિંમતથી અને ભેટથી બંને રીતે મળે છે. માટે જ્યાં કીંમતથી અપાવવા યોગ્ય હોય ત્યાં કીંમતથી અને બીજે ભેટથી અપાવશો.

એજ.

# તીર્થયાત્રા

ગિરનાર તળેટી
વૈ. વ. ૧-૨૦૧૫

અનુવંદનાદિ

સુ. ૧૧નો નાના માંઢાનો લખેલો પત્ર મળ્યો છે. તે પહેલાં ગોઈજથી લખેલો પત્ર પણ મળ્યો છે.

પગપાળા યાત્રિકો જોડાય છે તે ઉત્તમ છે. પગપાળા આ તીર્થની યાત્રાથી ઘણો લાભ છે. તીર્થાધિપતિનું બિંબ ઘણું જ ભવ્ય તથા મનોહર છે. ત્રણ કલ્યાણક તેમના થયા છે. સહસાવન તથા પાંચ ટુંકો પણ દર્શનીય છે. ૧૩-૧૪-૧૫ મે તથા ખાંતિવિજયજીએ અઠ્ઠમ કર્યો છે. બે દિવસ સહસાવન તથા એક દિવસ ઉપર રહીને સારી રીતે આરાધના થઈ છે. તમને બધાને યાદ કર્યા છે.

અમારો વિહાર જામનગર બાજુ થાય તો પણ જામકંડોરણા, કાલાવાડ, જામવંથલી રસ્તે થશે. શ્રી પ્રદ્યોતનાદિ, ધર્મરત્ન અને ચંદ્રાશુ ત્રણની ટુકડી કંડોરણા પહોંચી ગઈ છે. તપસ્વી હર્ષ વિ. પુંડરીક, ધુરંધર, ચંદ્રશેખર, ચંદ્રસેન, જયસેન (૬)ની ટુકડી ધોરાજી પહોંચી ગઈ છે. જીવાભાઈ કાલે આવી જવા સંભવ છે. તે આવીને મારી જુનાગઢની સ્થિરતામાં સંમત થાય તો, તેવો પ્રયાસ કરીશું. કદાચ ન જ થાય તો આવતીકાલે સાંજે નિકળી ધોરાજી કંડોરણા રસ્તે આગળ વધીશું. અને તમને જામનગર ખબર આપીશું. જામનગર પ્લોટવાલાનો હજુ પત્ર નથી. ત્યાંની પરિસ્થિતિ લખશો.

તમો એક પત્ર જામકંડોરણા શ્રી પ્રદ્યોતન વિ. પર અને એક પત્ર ધોરાજી શ્રી હર્ષ વિજય ઉપર લખશો કારણકે તે બંને ટુકડીઓ તમને ભેગા થવા ચાહે છે.

# કર્મ

જામનગર

અ.સુ. ૧૨-૨૦૧૫

શ્રી મહાસેન વિજય જોગ, અનુવંદનાદિ

બે ત્રણ દિવસ થયા મુંબઈથી ટપાલ શરૂ થઈ ગઈ છે. બે કવર તથા ૧, રજીસ્ટર શ્રી કૈલાસપ્રભવિજયજીના નામ પર આવ્યા છે, તે આજરોજ મોકલ્યાં છે.

કર્મ નચાવે તેમ જીવને નાચવાનું છે. કર્મ બાંધતી વખતે તે જીવને વિચાર આવતો નથી. ભોગવતી વખતે પરવશ બનીને પીડા પામે, એવું આ સંસારનું ભયાનક અને વિચિત્ર સ્વરૂપ છે. તે જાતનો વિચાર કરવાથી સમ્યકત્વ નિર્મળ થાય છે. અને પ્રભુના માર્ગના આરાધક થવાય છે.

વીરપાલભાઈ ગઈકાલે આવ્યા હતા.

રજીસ્ટર નોટનું લખાણ વાંચી ગયા છે. શ્રાવણ માસમાં જુનાગઢ આવવાનો વિચાર રાખે છે, એમ કહેતા હતા.

એજ.

**રૌદ્રરસ**

પૈસા ન મળે તો બીજા ઉપર ક્રોધ થાય. પૈસા મળે તો અભિમાન થાય. પૈસા મેળવવા માયા-લોભ વગેરે કરે. હું સારામાં સારું વ્યાખ્યાન કરું છું, પણ મારા વ્યાખ્યાનમાં કોઈ આવતું જ નથી! બીજા ઉપર આવી રૌદ્રતા તે રૌદ્રરસ! તેનો સ્થાયી ભાવ ક્રોધ છે.

# આલોચના

ભાદરવા વદી ૪, ૨૦૨૨ બુધવાર બેડા

વિનયાદિ ગુણગણયુત મુનિવર શ્રી મહાસેનવિજયજી જોગ, અનુવંદનાદિ

તમારો ભા.સુ. ૬નો લખેલ આલોચના વગેરેની હકીકતનો પત્ર મળ્યો હતો. અહીં પણ પર્વાધિરાજની આરાધના સુંદર રીતે થઈ છે. પ્રતિક્રમણ સમયે સર્વની સાથે તમને પણ ખમાવ્યા છે. તમે પણ ખમશો. આસો સુદી ૧૦ થી ઉપધાન કરાવવાનો અહીંના સંઘે નિર્ણય કર્યો છે. પત્રિકા વગેરે હવે બહાર પડશે. તમારી આલોચના પેટે ૧) લાખ સ્વાધ્યાય કરી આપશો. સંયમ જીવન વિશુદ્ધ રીતે જીવાય તે માટે તમારી ઝંખના એક દિવસ જરૂર પાર પડશે. દુષ્કૃત ગર્હાદિ ઉપાયો શાસ્ત્રોમાં કહ્યાં છે, તેનું સેવન સતત ચાલુ હોવાથી અશુભ પ્રકૃતિઓ વિલીન થઈ જશે અને શુભ પ્રકૃતિઓ ઉદયમાં આવશે. તે માટે અરિહંતાદિ ચતુઃ શરણ ગમન, સુકૃતાનુમોદનાદિપૂર્વક શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ આદિ અમોઘ ઉપાયો છે. તેનું યથાશક્તિ સેવન ચાલુ રહેવાથી સર્વે શુભ મનોરથો પૂર્ણ થશે. મંગળ બુદ્ધિ એ મંગળનું સ્મરણ કરવાથી અંતરાયો નાશ પામે છે, તેનો જ ઉદ્યમ ચાલુ રાખવો. બધાયનો તમારા પ્રત્યે સદ્ભાવ છે. એ પુણ્યની નિશાની છે. ગત જન્મની આરાધના એ જેમ આ જન્મમાં ઉત્તમ સામગ્રી મેળવી આપી છે, તેમ આ જન્મની અંદર પણ જે શુભ આરાધનાઓ થઈ રહી છે, તેનું ફલ પણ કાલાંતરે અવશ્ય મળવાનું જ છે. સર્વના શુભની કામના એ જ આપણું બળ છે. અને તેને વિકશાવશો. એજ.

તા.ક. સહવર્તિમુનીઓને અનુવંદનાદિ અત્રથી સર્વે તરફથી વંદનાનુવંદના સુખશાતાદિ વાંચશો.

# નવધાભક્તિ

પો.સુ. ૧૨-૨૦૨૩
બેડા

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેન વિજયજી જોગ,
અનુવંદનાદિ

પત્ર મળ્યો. સાથેના પત્ર પણ વાંચ્યા. રાજનગરમાં ઉત્તમ આરાધન થયું, તે જાણીને આનંદ મુંગણીવાળા બે ભાઈ ત્યાં થઈને આજ રોજ અહીં આવ્યા છે. શ્રી ચંદ્રયશ વિ. ઠા. ૨ અમદાવાદ પહોંચ્યાના હજુ સમાચાર નથી. આજકાલ સમાચાર આવવા જોઈએ. અહીં શ્રી ઉપધાનતપની પૂર્ણાહૂતિ નિમિત્તે મહોત્સવ ચાલી રહ્યો છે. પો. સુ. ૧૫ની માળ છે. ત્યારબાદ અમારી પણ વિહારની દિશા નક્કી થશે. એટલે તમને જણાવીશું. કડીથી બાબુભાઈનો પત્ર આવ્યો હશે. 'નમો' અંગે તમને જે સ્ફૂરણાઓ થઈ રહી છે, તે યોગ્ય જ છે. ધર્મનું મૂળ વિનય છે, કૃતજ્ઞતા છે, આત્મ સમર્પણ છે, તે બધું નમસ્કાર સ્વરૂપે છે. 'નમો'માં નવધાં ભક્તિ રહેલી છે. અને નવધા ભક્તિમાં ચારે નિક્ષેપાએ થતી પરમાત્માની ઉપાસના સમાઈ જાય છે. નવધા ભક્તિના નામ - ૧ શ્રવણ, ૨ કીર્તન, ૩ સ્મરણ એ ત્રણ નામ નિક્ષેપને ઉદ્દેશીને છે. ૪ વંદન, ૫ પૂજન, ૬ અર્ચન એ ત્રણ સ્થાપના નિક્ષેપને ઉદ્દેશીને છે. ૭ સેવા, ૮ ભક્તિ એ બે દ્રવ્ય નિક્ષેપને ઉદ્દેશીને છે તથા ૯ આત્મનિવેદન (સર્વ સમર્પણ) એ ભાવ નિક્ષેપને ઉદ્દેશીને છે.

સમર્પણ એટલે આજ્ઞાપાલનનો એક અધ્યવ્યવસાય. દ્રવ્ય નિક્ષેપ એટલે પ્રભુની આજ્ઞાપાલન કરનાર ચતુર્વિધ સંઘ. તેની સેવા અને ભક્તિ એ બધી વાતો બાબુભાઈ સાથે વિસ્તારથી થઈ

છે. રૂબરૂ તમને મળશે ત્યારે વાત કરશે.

અહીં ભાઈ આનંદમાં છે. તેમની કેટલીક વાતો કરી છે. હજુ કેટલીક કરવાના છે. તેમની પદ્ધતિ મુજબ આરાધના કર્યા કરે છે. તપ, સંયમ, ગુણ સ્વાભાવિક છે અને જ્ઞાન ચર્ચામાં પણ રસ લે છે. કેટલાક વિચારો નક્કી થયેલા છે. તેથી એકદમ બદલાય નહિ પણ જીવનમાં પવિત્રતા છે. તેથી ધીમે ધીમે વિચારોમાં સૌમ્યતા આવતી જશે.

તમે શરીરને વધુ પડતો શ્રમ થાય, ત્યારે જાપ અને પરમાત્માની શરણાગતિ દ્વારા વચ્ચે વચ્ચે શુદ્ધ, સાત્ત્વિક, આરામ લેવાની કળા પણ શીખી લેશો, તો કાર્ય સહજ બની જશે. આપણી રક્ષા આપણી આરાધના કરે છે, એ વિચારને દૃઢ કરશો.

અદ્ભુતરસ - કર્મ ગમે તેવા રાજાને રંક બનાવે છે. આજનો રંક ધર્મના પ્રતાપે આવતી કાલે રાજા બને છે. કર્મ સર્વત્ર છે. અહમિંદ્રને પણ એ કીડો બનાવે છે. કર્મની સત્તા ચૌદરાજ લોકમાં છે. માણસ પાપ કરીને પાતાળમાં પેસે તો પણ કર્મસત્તા તેને છોડતી નથી. પુણ્યના ઉદયે બીજાઓનીચુંગાલમાંથીપાપી પણ છૂટી જાય, પણ કર્મસત્તા તો તેને શોધી-શોધીને તેનો બદલો આપે છે. એટલે આ સંસાર એ રામરાજ્ય છે. બીજાને ન્યાય કરે તેવો સંસાર છે. પછી તે તીર્થંકર હોય કે ચક્રવર્તી હોય ! સર્વને એક સરખો ન્યાય મળે છે. તેથી આ સંસાર અદ્ભુત છે એનો સ્થાયીભાવ વિસ્મય છે.

# હિતચિંતા

વિનયાદિ ગુણયુત મુનિ શ્રી મહાસેન વિજયજી જોગ,

અનુવંદનાદિ.

સુશ્રાવક ભાઈ ત્યાં આવે છે. અઠવાડીયું રોકાશે. અને તમારી નિશ્રામાં ત્યાં આરાધના કરશે. મુનિશ્રી ચંદ્રયશવિજયજી અમદાવાદ આવી ગયા છે. ત્યાંથી વિહર કરી પ્રાયઃ પોષ-વ-૯ ત્યાં આવી જશે. ત્યાં અઠ્ઠમની આરાધના કરી પાટણ જવાના છે. મુનિ શ્રી તત્વજ્ઞ વિ. તમારી સાથે રોકાય અને શ્રી ધર્મરત્ન વિ. તેમની સાથે પાટણ જાય, એ માટે આ સાથે પત્ર લખી મોકલ્યા છે. સુશ્રાવક ભાઈને એ માટે રૂબરૂ પણ ભલામણ કરીને મોકલ્યા છે. મુનિ શ્રી તત્ત્વજ્ઞવિ. તમારી સાથે રોકાય તે જરૂરી છે. કદાચ તમારે હાલાર બાજુ જવું પડે તો પણ જઈ શકાય. હાલાર તરફની વિનંતિ ઉપરાઉપરી આવે છે. અમે શિવગંજ તરફ જઈએ છીએ. શ્રી કુંદકુંદવિજય અહીં રોકાય છે. અહીંની વિશેષ હકીકત પ્રેમજીભાઈ કહેશે. તેમણે પોતાની અંગત હકીકત બધી નિવેદન કરી છે અને ફોરા થયા છે. તેમનું હવે પછીનું જીવન તેમના કુટુંબ ઉપર અને સગા-સંબંધી ઉપર પ્રભાવ પાડનારૂં બને, તે માટે તમે પણ જરૂરી સલાહસૂચન આપશો. ખાસ કરીને ગુણદ્રષ્ટિ અને વાણીમાં સૌમ્યાના કેળવાય તો સારો પ્રભાવ પડશે.

એજ-

# જાપ

વિનયાદિ ગુણગણયુત મુનિ શ્રી મહાસેનવિજયજી જોગ;
અનુવંદનાદિ.

સુ. ૧/૨ નો લખેલો ૧૧ પેજ નો પત્ર આજરોજ મળ્યો છે. વાંચી આરાધનાની વિગત જાણી છે.

રોજ માળા ગણો છો, તે પ્રમાણે ગણવાનું ચાલુ રાખશો. તે નિમિત્તે રોજ બે થી અઢી કલાક શુભ ધ્યાનમાં જાય છે, તે મોટામાં મોટો લાભ છે, એમ સમજશો. હાથની આંગળીઓ ઉપર ગણવાથી જાપની ઝડપ વધે છે, તેથી અનુકૂળતા મુજબ દિવસમાં બે-ત્રણ વાર 'કરાંગુલિ' ઉપર પણ જાપની ટેવ પાડશો. અષ્ટદલ-કમલના આકારે નવપદ ગોઠવીને જાપ કરવાથી પણ એકાગ્રતા તથા સ્ફૂર્તિ વધે છે, તે રીતે પણ ગણવાનો અભ્યાસ પાડશો.

અત્ર શ્રી પયુષણપર્વની આરાધના ઉત્તમ રીતે થઇ છે. સંવત્સરી પ્રતિક્રમણ સમયે બધાની સાથે તમોને ખમાવ્યા છે. તપસ્વી ખાંતિવિજયજી ને પણ અત્રેથી બધાની વતી ક્ષમાપનાદિ જણાવશો. તમારી આલોચનાની નોંધ જીવવિરાધના તથા કાપ વગેરેની રાખવા કોશિષ કરશો. સંવત્સરી તથા ત્રણ ચોમાસીના ૧૦-૧૦ ઉપવાસ મળીને ૪૦ ઉપવાસ તથા તેના ઉપર બીજા ૧૦ઉપવાસ મળીને કુલ ૫૦ ઉપવાસ ગતવર્ષની આલોચના જાય સ્વાધ્યાયાદિથી વાળી આપશો.

પ્રતિક્રમણ - પડિલેહણાદિ ક્રિયા શ્રીનમસ્કાર મહામંત્રના જાપમાં વેગ લાવવા માટે સહાયક છે. તેથી તેમાં પણ શ્રીનમસ્કાર મહામંત્ર જેટલું જ મંગળ માનીને એકાગ્રતા લાવવા પ્રયાસ કરશો. ગિરિરાજની પવિત્ર છાયામાં થોડી પણ શુભ ક્રિયા અને જાપ ઘણા ફળને આપનાર થાય છે. એમ માંનીને તેનો

પુરતો લાભ લેશો.

જે કાંઇ નથી થઇ શકતું, તેનો હૃદયથી પશ્ચાતાપ થઇ શકે છે, અને તેનું અંતરથી અનુમોદન એ જ આપણા માટે તરવાનો ઉપાય છે. ગર્હા અને અનુમોદના સહિત અરિહંતાદિ પરમેષ્ઠિઓનું સ્મરણ - ધ્યાન - ચિત્તની નિર્મળતા કરે છે અને ચિત્તની નિર્મળતા આત્મજ્ઞાનમાં કારણ બને છે. અનેક ભવના શુભ અભ્યાસથી તે સિદ્ધ થાય છે. કોઇ લઘુકર્મી આત્માને તે જ ભવમાં અથવા સાત-આઠ ભવમાં સિદ્ધ થાય છે. સાથે સાત્વિક વાંચન પણ ચાલુ રાખશો.

## વીરરસ

ઘણાં અપ્રમત્ત પણ હોય છે. રાગદ્વેષ કષાયને જીતનારા પણ ઘણાં છે. સર્વવિરતિ લઇને અપ્રમત્ત જીવન જીવનારા પણ ઠીકઠીક છે. એમને જોવાથી ધર્મ આવે, ધર્મમાં ઉત્સાહ આવે. અથવા બીજાનું દુઃખ જોઇને પરોપકાર જાગે, પોતાનાથી બનતી સહાય કરે, જગડુશાહ, ભામાશા વગેરેનું સહાય-સામર્થ્ય જોઇને પરાક્રમ ફોરવે, ઉત્સાહ વધારે, તે વીરરસ ! એનો સ્થાયીભાવ-ઉત્સાહ !

# આરાધના

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ,

અનુવંદનાદિ.

પત્ર મળ્યો છે. નવકાર તથા ભાવનાની સાધના સારી થાય છે, જાણીને આનંદ.

આવશ્યક ક્રિયાનાં સૂત્રો તૈયાર થઇ ગયાં હશે. તે સૂત્રો મોઢે થયા પછી તેનો પાઠ કરતાં પણ આનંદ આવશે. મોટી શાંતિનો પાઠ કરતા હશો. આપણને જે શાંતિ મળે છે, તે વિશ્વના સર્વજીવોને મળો એવી ભાવના મોટી શાંતિથી થાય છે, તેથી રોજ એકવાર તેને યાદ કરવી જોઇએ. ખાસ કરીને જ્યારે પણ આપણને આરાધનાથી શાંતિ પ્રાપ્ત થાય, ત્યારે તે બોલવી વધારે લાભદાયક છે.

પંચસૂત્રની ચોપડી મોકલી છે. તેનું પહેલું સૂત્ર ઘણું ઉપયોગી છે. મોઢે કરીને રોજ સવાર-બપોર-સાંજ ગણી જવાથી આરાધક ભાવમાં ઘણો વિકાસ થાય છે.

વૈદ્યની દવાથી શરીરમાં સુધારો હશે. તમારા શરીર માટે આહાર-વિહારની વિધિ વૈદ્ય પાસેથી સમજી લેશો.

નવકારમંત્રની ભાવથી પ્રાપ્તિ થવી તે ચિંતામણી રત્ન કરતાં પણ વધુ કિંમતી છે, એમ માનીને સઘળી માનસિક નિર્બળતાઓને ફગાવી દેવી જોઇએ. અને પ્રભુ સાથે, પ્રભુની ભાવના સાથે જેટલી એકતાનતા વધારે સધાય તેટલો પ્રયત્ન કરવો જોઇએ. ત્યાં મંદિરમાં દર્શન કરતાં યાદ કરશો. અને શ્રી ગૌતમસ્વામિજીની મૂર્તિ આગળ પણ રોજ ત્રણ ખમાસમણ દેશો.

એજ-

# હિતચિંતા

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ,

અનુવંદનાદિ.

આજરોજ પ્રેમજીભાઈના તારથી તબીયત વધુ નરમ થયાના સમાચાર જાણ્યા છે.

તમારો છેલ્લો અષાડ સુ. ૫ નો લખેલો પત્ર શ્રી કુંદકુંદવિજયજી ઉપરનો વાંચ્યો છે. તેમાં તમે લખેલી ભાવના તથા નવકારમંત્રનો જાપ અને આધ્યાત્મિક વાંચનમાં પડતો રસ વગેરે સમાચાર જાણ્યા છે.

તબીયત સ્વસ્થ થયા પછી બીજા બધા કાર્યોને ગૌણ બનાવીને જાપ અને સ્વાધ્યાયમાં નિર્વિઘ્નપણે વિકાસ થાય તેવી બધી વ્યવસ્થા થઈ જશે. તે સંબંધી મન પર કોઈ ભાર રાખશો નહિ શ્રી વજ્રસેન વિજયજી અહીં વૈયાવચ્ચાદિ કાર્યો સાથે યથાશક્તિ સ્વાધ્યાય વગેરે કરીને, બધાને સંતોષ આપે છે. તેની ઈચ્છા પણ તમે ખુબ આરાધનામાં વિકાસ કરો તેવી છે. અને તે માટે તમને જે કાંઈ અનુકુળતા જોઈએ તે કરી આપવા તત્પર છે. તમને વન્દનાદિ લખાવે છે.

મુનિશ્રી ખાંતિ વિજયજીની ટુકડીમાં તમને અત્યારે સંતોષ છે. તે જાણીને આનંદ થયો છે.

સુરેન્દ્રનગરવાળા જયંતિલાલ (ફોટોગ્રાફર) ત્યાં આવે છે, તે તમારી પ્રકૃતિને જાણે છે. તેથી તબીયતના કારણે તેમની જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી ખુશીથી સાથે રાખશો. તે પણ રહેવા તૈયાર છે.

આરાધનામાં એક લક્ષ્યવાળા બનશો. શ્રીનમસ્કાર મહામંત્રમાં ચિત્ત જેટલું પરોવાય તેટલો મહાન લાભ થઈ રહ્યો છે, એમ માનશો.

# આલોચના

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ, અનુવંદનાદિ

સુ. ૧૩ અને વદી ૧ ના લખેલા બંને પત્રો મળ્યા છે.

તમારી આલોચના જોઇ લીધી છે. જયણામાં ધર્મ છે. કોઇપણ દોષનું સેવન કરવા વખત આવે ત્યારે તે વખતે યતનાના પરિણામ જેટલા હોય તેટલો ધર્મ છે. નિઃશૂકતા ન આવે અને સેવાયેલા દોષોના પશ્ચાતાપના પરિણામ હોય તો આલોચનાથી શુદ્ધિ થઇ શકે છે. તમારી આલોચના પેટે ૧૨૦, ઉપવાસ સ્વાધ્યાયાદિ થી કરી આપશો. તેમાં ત્રણ ચોમાસી તથા સંવત્સરીની આલોચના આવી જાય છે. હવેથી જે કોઇ મોટા દોષોનું સેવન થાય તેની નોંધ રાખશો. સ્વ દોષ ગર્હા અને સુકૃતાનુમોદના પૂર્વક યથાશક્તિ પ્રભુ આજ્ઞાનું પાલન થાય છે, તે જ આ દુઃખમકાળમાં તરવાનું આલંબન છે.

ઓપરેશન સુખપૂર્વક થઇ ગયું અને તકલીફ ઓછી થઇ ગઇ, તે શુભોદય સમજવો. શરીર અશક્ત છે ત્યાં સુધી વાતચીત વગેરેનો શ્રમ ઓછો લેવો. અને આરાધનામાં યથાશક્તિ લીન રહેવું જેથી માનવજીવનની દુર્લભક્ષણો સાર્થક થાય.

પાંચ મહાવ્રતોના પાલન પૂર્વક પંચ-પરમેષ્ઠિ સ્મરણાદિમાં મન વચન કાયાના યોગો જોડાય છે તેનું ખૂબ અનુમોદન કરવું, જેથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય અને એક જ જન્મમાં અનેક જન્મો પર્યંત ચાલે તેવી આરાધના એકત્ર થાય, તથા પરંપરાએ મુક્તિના અવ્યાબાધસુખોના ભાગી થવાય. શ્રી કુંદકુંદ વિ. વજ્રસેનવિ. સર્વે તરફથી વંદનાદિ વાંચશો.

# પ્રોત્સાહન

વિનયાદિગુણ ગણયુત મુનિશ્રી મહાસેન વિજયજી જોગ, અનુવંદનાદિ.

તમારી વાર્ષિક આલોચનાનો વિસ્તૃત પત્ર મળ્યો છે. ત્યારબાદ અતિવૃષ્ટિના કારણે ટપાલ વ્યવહાર બધો બંધ છે. ગઈકાલે બાર વાગ્યા સુધી ધોધમાર વરસાદ હતો. ત્યારબાદ થંભી ગયો છે. આજે ઉઘાડ જેવું છે. તમારે ત્યાં કેમ છે ? તે સમાચાર આવેથી જાણીશું.

સંયમ માટે આંતરિક ધગશ તમને ઘણી છે, અને તે મુજબ જીવાતું નથી, તેનું દુઃખ છે, તો એક દ્રષ્ટિએ અનુમોદનીય છે. પણ બીજી દ્રષ્ટિએ કાળ, સંઘયણાદિ દોષના કારણે તમારા એકલામાં જ તેમ છે અને બીજામાં નથી, એમ નથી. બીજા તમારી દ્રષ્ટિએ પાલનમાં ચઢીયાતા ગણાતાઓમાં પણ બીજી ત્રૂટિઓ એવી દેખાય છે કે તેનો વિચાર કરતાં સંયમ આ કાળમાં દુરારાધ્ય છે, એ સ્પષ્ટ થાય છે, એ કારણે -

પૂ. હરિભદ્રસૂરિજી મહારાજ પણ પોતાને સંવિજ્ઞપાક્ષિક તરીકે ઓળખાવે છે.

'સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી શ્રી હરિભદ્ર કહાય,
એહ ભાવ ધરતો તે કારણ, મુજ મને તેહ સુહાય
સંયમઠાણ વિચારીને જોતાં જો ન લહે નિજ સાખે,
તો જુઠું બોલીને દુરમતિ, શું સાધે ગુણ પાખે. ૨

આત્મસાક્ષિએ જોતાં જ્યાં સુધી પોતાનામાં સંયમસ્થાન ન જણાય, ત્યાં સુધી હું સંયમી છું, એમ કહેવું જુઠું છે.

'ગુણ વિના ગુણી કહેવડાવવું એ કુબુદ્ધિ છે.'

૩૫૦ ગાથાની ૧૫મી ઢાલમાં આ સંબંધી ઘણી ચોખવટ કરી છે અને છેલ્લે કહ્યું છે કે

'કિરિયાલવ પણ જે જ્ઞાનીનો દ્રષ્ટિ થિરાદિક લાગે,
તેહથી સુજશ લહીજે સાહિબ સીમંધર તુજ રાગે (૨૪)

ક્રિયાનો એક લવ એટલે અંશ પણ જ્ઞાનીપુરૂષને આગળ વધારનાર છે. કેમ કે બાકીની બધી ક્રિયાનો તેને અંતરથી આદર છે, અને ગુણથી પોતા વડે ચઢીયાતા પુરૂષો ઉપર ભક્તિરાગ છે, તેથી તે ઉપર ઉપરની દ્રષ્ટિ ઉપર ચઢી અંતે પૂર્ણસંયમી થઇ શકે છે.

પૂ. ઉપા. મ. એક સ્થળે કહે છે કે -

'અસ્માદશાં ચરણકરણગુણહીનાનાં પ્રમાદગ્રસ્તાનાં શુભઃ પ્રવચનરાગ એવ તરણોપાયઃ '

અમારા જેવા ચરણકરણ ગુણથી હીન અને પ્રમાદગ્રસ્ત જીવોને જિનપ્રવચન ઉપરનો રાગ એજ સંસારસાગર તરવાનો ઉપાય છે. સંવેગપાક્ષિક જીવનું લક્ષણ ૧૨૫ ગાથાના સ્તવનની ૭મી ઢાળમાં વિસ્તારથી કહ્યું છે, ત્યાં કહ્યું છે કે -

'મુનિગુણરાગે શૂરા પૂરા, જે જે જયણા પાળેજી,
તે તેહથી શુભ ભાવ લહીને કર્મ આપણા ટાળેજી.
પ્રથમ સાધુ બીજો વર શ્રાવક, ત્રીજો સંવેગ પાખીજી
એ ત્રણે શિવમાગર કહીએ જિહાં છે પ્રવચન સાખીજી
૨
જે પણ દ્રવ્યક્રિયા પ્રતિપાળે, તે પણ સન્મુખ ભાવેજી,
શુકલબીજની ચંદ્રકલાજીમ, પૂર્ણભાવમાં આવેજી૩
તે કારણ લજ્જાદિકથી પણ શીલ ધરે જે પ્રાણીજી,
ધન્ય તેહ કૃતપુણ્ય કૃતારથ મહાનિશીથે વાણીજી૪

આ બધું વિચારી જોતાં પ્રભુએ વર્તમાનકાળના જીવો માટે જે રીતે મોક્ષમાર્ગ કહ્યો છે, તે રીતે આપણામાં સંવિજ્ઞપાક્ષિક રૂપ ત્રીજો માર્ગ પણ ન હોઇ શકે, એવો એકાંત ન કરી શકાય.

સંવિજ્ઞપાક્ષિકતા ટકાવી રાખવા માટે બધો ઉદ્યમ કરી શકાય અને આપણા સહવર્તિજીવોમાં પણ તે માર્ગ ટકાવવા માટે

સહાયભૂત બની શકાય.

ધર્મનું લક્ષણ વ્યવહાર અને નિશ્ચય ઉભયથી જાણીએ તો ધર્મને જાણ્યો અને સદ્દહ્યો ગણાય. એકાંત નિશ્ચય કે એકાંત વ્યવહારમાં ધર્મ નથી પણ ઉભય મળીને પરસ્પર સાપેક્ષપણે જ ધર્મ ઘટી શકે છે.

આ સંબંધી તમારી માન્યતામાં કોઈપણ જગ્યાએ એકાંત ન આવી જાય, તેની કાળજી રાખવા માટે જ આટલું વિસ્તારથી લખી જણાવેલ છે. એથી આત્મવિશ્વાસ વધશે, સાધર્મિક સ્નેહ ઉલટશે, અને મળેલ માનવ જન્મ આદિ દુર્લભ સામગ્રીઓની સારી રીતે સાર્થકતા થશે.

ત્યાં બધાની આરાધના સારી રીતે થતી હશે. વરસાદના કારણે આરાધનામાં કોઈ વિક્ષેપ ઉભો નહિ થયો હોય. અહીં પણ પર્વાધિરાજની આરાધના રૂડી રીતે થઈ છે,

૨ માસખમણ, ૨ ૧૬ ઉપવાસ, ૨ સિદ્ધિતપ, ૧૫, ૧૦, ૮, ૩, વગેરે તપશ્ચર્યાઓ તથા બે સાધર્મિક વાત્સલ્ય સારી રીતે થયા છે. વરસાદના કારણે સુદી ૫ નો વરઘોડો મુલત્વી રાખ્યો છે.

પ્રતિક્રમણ સમયે સર્વની સાથે તમોને પણ ખમાવ્યા છે. ત્યાં બધાને અહીં બધાની વતી વંદનાનુવંદના ખમતખામણા કહેશો.

'પારસમણિ' પુસ્તક મળી ગયું હશે. વાંચ્યા પછી અહીં જોવા લાયક હોય એમ શ્રી કુંદકુંદવિજયજીને લાગે તો એક વાર જોવા માટે મોકલશો.

એજ.

પૂ. સાહેબજી તરફથી

વિનયાદિ ગુણયુત મુનિરાજશ્રી કુંદકુંદ વિજયજી, મુનિ મહાસેન વિજયજી આદિ ઠા. ૩ જોગ. અનુવંદનાદિ.

અત્રે દેવગુરૂ કૃપાએ શાતા છે. તમારો પત્ર આજે મલ્યો, ગઇકાલે તમારા બે પત્રોનો ઉત્તર પોસ્ટથી લખેલ છે તે મલ્યો હશે ? મણીભાઇ હજુ આવ્યા નથી, તે જાણશો.

જ્ઞાનસારનો સ્વાધ્યાય શરૂ કરવાની ભાવના જાણી આનંદ યોગશાસ્ત્ર વીતરાગ સ્તોત્રનો સ્વાધ્યાય પણ સુખપૂર્વક થઇ શકશે. પંચસૂત્રનું ૧ લુ સૂત્ર રોજ સમય મળે તો ત્રણવાર ગણી શકાય. નવસ્મરણ અને નવકારનો સ્વાધ્યાય પણ થઇ શકે. નવકારની અર્થ ભાવનાપૂર્વક રોજ ઓછામાં ઓછી ૫ માળા ગણાય તો લાભદાયી છે.

અર્થભાવનામાં ધર્મમંગળનું મૂળ અરિહંત, ફળ સિદ્ધ, સ્વરૂપ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. અર્થાત-રત્નત્રયી. સાધુપદમાં મુખ્યતા દર્શન ગુણની, ઉપાધ્યાય પદમાં મુખ્યતા જ્ઞાનગુણની, આચાર્યપદમાં મુખ્યતા ચારિત્રગુણની ત્રણેપદમાં સાધુપણું અર્થાત રત્નત્રયી રહેલી છે, છતાં તેમાં મુખ્યતા ગૌણતા ઘટાવી શકાય. ચૂલિકાના ચારપદમાં અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ ઘટાવી શકાય. એસો પંચ નમુક્કારો - એમાં શ્રદ્ધાની રૂચિની મુખ્યતા, સવ્વપાવપ્પણાસણો માં જ્ઞાનની મુખ્યતા પાપ હેય છે એ જ્ઞાનથી સમજી શકાય છે. મંગલાણં ચ સવ્વેસિં માં ચારિત્રની મુખ્યતા અને છેલ્લા પદમાં તપ અને તેના ફળ સ્વરૂપ નિર્જરા તત્ત્વની મુખ્યતા. કર્મક્ષય અને નિર્જરા એ સર્વ મંગળમાં પહેલુ મંગળ છે. નવકારના સ્વાધ્યાય વડે ધર્મમાં મંગળ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને મંગળબુદ્ધિથી ગ્રહણ કરેલો ધર્મ જ મંગળરૂપ બને છે. તેથી પણ તેને પહેલું મંગળ કહ્યું છે.

# વ્યવસ્થા

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેનવિજયજી જોગ, અનુવંદનાદિ.

તમારો વદી ૨ નો લખેલો પત્ર અહીં સમયસર મળ્યો હતો. મોટામાંઢાના સંઘની વિનંતિ તમારા માટે છે, અને તે માટે અહીં પણ પત્ર હતો, તે જોવા માટે ત્યાં શ્રીકુંદકુંદ વિ. ઉપર મોકલ્યો હતો. તમારી પણ ભાવના છે, અને તેઓની પણ ભાવના છે છતાં સમગ્ર રીતે વિચાર કરતાં એમ લાગે છે કે, આ ચાતુર્માસ તમારૂં શ્રીકુંદકુંદ વિ. ની સાથે થાય એ યોગ્ય છે. તમારા શારીરિક સ્વાસ્થ્યના કારણે પણ બીજા એક સાધુ ચાતુર્માસમાં સાથે હોવા જરૂરી છે. ડીસાથી પ્રાયઃ શ્રીચંદ્રયશવિ. તથા શ્રી તત્ત્વજ્ઞ વિ. પાલીતાણા આવવાની ભાવના રાખે છે. શ્રી કુંદકુંદ વિ. વગેરે પણ સંઘની સાથે પાછા પાલીતાણા આવશે. એટલે હાલ તમે પાલીતાણા રોકાઈ જાઓ એ જ યોગ્ય છે.

ગિરિરાજની પવિત્રછાયામાં જેટલો વિશેષ લાભ મળે તેટલો લઈ લેવો અને એ રીતે આત્માને પુણ્યથી પુષ્ટ બનાવવો અને આત્મવિકાસમાં આગળ વધવાથી ભવિષ્યમાં બધાં સારાં વાનાં થશે, તમારી પ્રકૃતિ ખરાબ છે એ વિચાર મનમાંથી સદંતર દૂર કરવો. બધા તમને ચાહે છે અને સંયમમાં પરસ્પર એક બીજાને સહાયક બનવાથી પુણ્યાનુબંધી પુણ્ય પુષ્ટ થાય છે, એવી ભાવના બધાની કેળવાય એ શાસ્ત્રદ્રષ્ટિએ અત્યંત હિતકારી છે. એટલે હાલ તમે ગિરીરાજની પુણ્યભૂમિની સ્પર્શનામાં રહો એ જ વધુ યોગ્ય છે.

વિશેષ વિગત શ્રી કુંદકુંદ વિ. ઉપરનાં પત્રથી જાણશો.

અત્રેથી બધાની વંદનાદિ જાણશો.

નમસ્કાર મહામંત્રનું સ્મરણ વગેરે નિત્ય આરાધના ચાલુ હશે, તે વડે સમસ્ત જીવરાશિ પર સ્નેહના પરિણામનો વિકાસ સધાય છે. અને આત્મા ગુણરાશિમાં વૃદ્ધિ પામે છે, તે તમે જાણો છો.

શ્રી વજ્રસેન વિ. ની તબીયત સારી છે. વંદના લખાવી છે. નમસ્કાર નવમું પુણ્ય છે. બીજા બધાં પુણ્ય ખુટી જાય છે. નમસ્કારથી અખુટ પુણ્ય ઉપાર્જન થાય છે.

ગિરિરાજ અને નમસ્કાર બંને મળ્યાં છે, તે મહાન પુણ્ય ઉદય છે.

**હાસ્યરસ**

પ્રમાદ આવે. શક્તિ ગોપવીએ, એ પ્રમાદ ! ચૌદ પૂર્વધરો પણ પ્રમાદ કરીને નિગોદમાં જાય છે. એટલે આ સંસારમાં પ્રમાદ કેવી વસ્તુ છે કે જે ચૌદ પૂર્વધારીને પણ નિગોદમાં પટકાવે છે. આ વિચારણાથી સંસાર હસવા જેવો લાગે. આ હાસ્યરસનો સ્થાયી ભાવ હાસ્ય છે.

# હિતશિક્ષા

વિનયાદિ ગુણયુત મુનિવર શ્રી મહાસેન વિજયજી જોગ,
અનુવંદનાદિ

તમારા બે કવર આજે તથા એક કવર ગઈકાલે એમ ત્રણ કવર મળ્યાં છે. તે પહેલાની તમારી ટપાલની પહોંચ શ્રી વજ્રસેન વિજયજી એ જણાવી છે.

શ્રી ચંદ્રયશ વિ. તથા તત્ત્વજ્ઞવિ. પાલીતાણાથી વિહાર કરી ગયા છે. કદંબગિરિ, તળાજા, ભાવનગર, ઘોઘા વગેરેની જાત્રા કરી પો. સુ. ૮ લગભગ અમદાવાદ પહોંચવા જણાવે છે. ત્યાં પૂ. આચાર્યદિવને વંદન કરી પ્રાયઃ શંખેશ્વર થઈ, પાટણ થઈ, અહીં આવવા જણાવે છે. એટલે તમે પોષ સુ. ૧૫ સુધી (તે બંને આવે ત્યાં સુધી) શંખેશ્વરજી રોકાશો. અને દાદાની ભક્તિનો લાભ લેશો. ત્યાં આવ્યાબાદ શ્રી તત્ત્વજ્ઞવિ. ની ભાવનાનો ચોક્કસ ખ્યાલ આવશે. તે જાણ્યાબાદ આગળ શું કરવું, તેનો નિર્ણય થઈ શકશે.

સુશ્રાવક પ્રેમજીભાઈ અંગે હકીકત જાણી છે. આ વખતે અહીં આવવામાં તે કેમ વિલંબ કરે છે, તે સમજાતું નથી. પો. સુ. ૧૫ પહેલાં અહીં આવવા ધારણા છે. હીંમતભાઈ મુંબઈ ગયા હતા. તેમને રૂબરૂ અહીં આવવા અંગે વાતચીત થઈ હતી. તમે મન ઉપરથી બધો ભાર ઓછો કરી શ્રી નમસ્કાર મહામંત્ર અને શંખેશ્વર પરમાત્માની આરાધનામાં મગ્ન કરશો. તેના પ્રતાપે બધું સારૂં થઈ જશે.

'મિચ્છામિ દુક્કડં' થી બધી પાપ પ્રકૃતિઓ નિરનુબંધ થઈ જાય છે અને 'ઈચ્છામિ સુક્કડં'થી બધી શુભ પ્રકૃતિઓ શુભાનુબંધવાળી બની જાય છે. અરિહંતાદિનું શરણ-ગમન

ભયંકર આપત્તિઓથી રક્ષણ કરે છે. એ ત્રણે વસ્તુઓ 'નમો અરિહંતાણં' ના જાપ અને સ્મરણમાં રહેલી છે. તેથી તે જેને જેને મળેલ છે, તેને સંકલ્પ વિકલ્પની જાળમાં પડવાની જરૂર રહેતી નથી. તે ત્રણેનો પરચો જીવનમાં અનુભવવા માટે દ્રઢ સંકલ્પ કરશો. તો થોડા જ વખતમાં તેની અનુભૂતિ થવા લાગશે. શત્રુ પણ મિત્ર અને વિષ પણ અમૃત બને છે. એમ શાસ્ત્રકારોનો કોલ છે.

કર્મ એ શત્રુ છે. ધર્મ એ મિત્ર છે. કર્મ એ વિષ છે ધર્મ એ અમૃત છે. નવકારમાં ધર્મ અમૃત ભરેલું છે. તેમાં નિરન્તર નિમગ્ન થનારને પાપવિષ ટકતું નથી. અહીં ઉપધાન તપમાં રીખવદાસજી વગેરે ઉત્તમ આરાધક આત્માઓ જોડાયેલા છે. તેથી શ્રોતાઓને ઘણો આનંદ આવે છે. ત્રણ દિવસથી શ્રી કુંદકુંદવિજયજી વ્યાખ્યાન કરે છે. અમૃતવેલની સજ્ઝાય આરાધકોને કંઠસ્થ કરાવવાની છે, તે માટે તેનો અર્થ અને વિવેચન સમજાવે છે. બધાને સારો રસ પડે છે. તમે અહીં હોત તો તમને પણ અમૃતવેલ ઉપર વ્યાખ્યાન સાંભળવાની અને એકાદ વખત કરવાની તક પણ મળત.

અમૃતવેલ ખરેખર અમૃતની જ વેલ છે. ત્યાં પણ તમે નિરન્તર તેનો પાઠ કરતા હશો. તથા પંચ કલ્યાણકની ભાવના પણ રોજ કરતા હશે. આ આરાધનાથી રોજ પાપ પ્રકૃતિઓ હઠતી જાય છે. અને પુણ્ય પ્રકૃતિઓ વધતી જાય છે. તીર્થભૂમિમાં વિશેષ સ્થિરતા ઉત્પન્ન થાય છે. તેથી રોજ તેને વિચારપૂર્વક તથા વિસ્તારપૂર્વક વિચારવાનું રાખશો. આપણું કતૃવ્ય છોડીને જેની આરાધના આપણે કરીએ છીએ તે પૂજ્યોનું કર્તૃત્વ આગળ કરશો તો એકદમ શાંતિ અને નિશ્ચિંતતા આવશે.

જામનગર રહેલા આપણા સમુદાયના મુનિઓ હાલારના ગામડાઓમાં વિચારવાના છે, એવા સમાચાર છે. તેથી ત્યાનું કાર્ય હાલ ત્યાં જે વિચરતા હોય તેમના દ્વારા થાય તે જ લાભદાયક છે.

ત્યાંના માણસોની કેટલી કેપેસીટી છે, તે પણ તેથી ખ્યાલમાં આવશે. તે લોકોની ભાવના અને શક્તિ હોય, તેટલું જ કાર્ય થાય તે વધારે યોગ્ય છે, તેથી પોતાની જવાબદારી પણ સમજતા થશે એટલે બે વર્ષ માટે ત્યાંના લોકોની શક્તિ ઉપર છોડી દેવું યોગ્ય લાગે છે. દૂરથી જેટલી સહાય થઇ શકે તેટલી કરવામાં હરકત નથી. પણ ત્યાં જઇને બધો ભાર લેવાની જરૂર નથી. હરિપુર માટે ય દૂર રહીને સહાયક થવું બરાબર છે. એ રીતે બે વર્ષ પસાર થયા પછી તે બાજુ વિચરવાનું થશે તો કામ સંગીન થશે. પાટણ તબીયત સારી છે, એવા સમાચાર છે, તેથી પાટણ જવાની ઉતાવળ કરવાની જરૂર નથી. બીજી જે કાંઇ જરૂરીયાત પડે તો તુરત અહીં લખવું. અહીંથી બધાની વંદનાદિ.

### ● ત્યાગવા યોગ્ય શું છે ? ●

ત્યાગવા યોગ્ય એ વસ્તુ છે, એ વચન છે, એ વિચાર છે કે, જેનાથી આપણા ચિત્તની મલિનતા વધે; હિંસા, જૂઠ, ચોરી, અસંયમ, પરિગ્રહ, અભક્ષ્યભક્ષણ, અપેયનું પાન, વિકૃતિવર્ધક કુસાહિત્યનું પઠન, ચાર કષાય, તથા પાંચ વિષય વગેરે દોષો તજવા યોગ્ય છે. તેને સેવવાથી અધર્મ સેવાય છે. ધર્મપિતા શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો લોપ થાય છે, પાપ વધે છે, અશુભ કર્મોનો બંધ અતિશય ગાઢ બને છે પરિણામે આપણો સંસાર વધે જ જાય છે. માટે ઉપરની બાબતો ત્યાગવા યોગ્ય છે.

# વ્યવસ્થા

વિનયાદિ ગુણગણોપેત મુનિવર શ્રી મહાસેન વિજયજી જોગ,

અનુવંદનાદિ

મુનિશ્રી તત્ત્વજ્ઞવિજયજીના પત્રથી તમારી તબિયતના સમાચાર જાણ્યા છે. હજુ ચાર-છ આની કસર છે. અને ઉપચાર લાગુ પડેલ છે, તો વૈદ્યરાજની સલાહ મુજબ આરામ લેવાપૂર્વક ઉપચાર ચાલુ રાખશો. વૈ. સુ. ૩ સુધી જામનગર રોકાવા લખ્યું છે, તે દરમ્યાન ઉપચાર પણ થઈ જશે. અને હરસુખભાઈનો પ્રસંગ પણ સચવાઈ જશે. તેમના ભાવના પુરી થશે. અને તે દરમ્યાન ઉપચારથી તબિયત પણ સુધરી જશે. ત્યારબાદ રાજકોટ થઈ સુરેન્દ્રનગર આવવા જણાવ્યું છે. શ્રી ખાંતિ વિ. ઠાણા ૨ પણ તમને સુરેન્દ્રનગર ભેગા થશે. અમારે જો ગુજરાત બાજુ આવવાનું થશે, તો બધાને પાટણ બોલાવીશું. એક વખત તમારે આ બાજુ આવવાની જરૂર છે. તેથી દેશપલ્ટો થશે. પુરતો આરામ મળી જશે અને પછી તે બાજુ જવાનું થાય તો વિશેષ લાભ થશે. હાલ એકવાર હાલારનો મોહ ઓછો કરવાની જરૂર છે. ત્યાં તમારાથી પ્રવૃત્તિ કર્યા સિવાય રહી શકાશે નહિ. પરંતુ તબીયતના કારણે વૈદ્યની સલાહ મુજબ પંદર દિવસ બિલ્કુલ મૌન સાથે આરામ લેશો. અને લાગુ પડેલા ઉપચાર ચાલુ રાખશો. રોજ શક્તિ ન હોય તો સુતા સુતા પણ ૨૫૦૦ અને બને તો તેથી પણ અધિક નવકાર ગણશો. વાંચવાનું પણ ઓછું કરી નાંખશો. અહીં તીર્થભૂમિમાં એકાંત તથા નિવૃત્તિના કારણે બધાની આરાધના સારી થાય છે. તમને આરાધનામાં યાદ કરીએ છીએ. વજ્રસેનની તબીયત સારી છે. વંદના લખાવી છે.

ગિરિરાજ શત્રુંજય (પાલીતાણા)માં આરાધના કરતા પૂજ્ય મુનિશ્રીને સતત જાગૃત રહેવા માટે હિતશિક્ષારૂપ લખેલ આ પત્ર ઘણો ઘણો બધાને ઉપકારક છે.)

## સ્વાધ્યાય

વિનયાદિ ગુણયુત મુનિશ્રી મહાસેન વિજયજી જોગ, અનુવંદનાદિ.

સુદ ૫નો લખેલો ક્ષમાપના પત્ર આજ રોજ ટપાલમાં મળ્યો છે. આલોચનાની વિગત જાણી છે. અમારા તરફથી પણ ક્ષમાપનાદિ વાંચશો. આલોચનામાં સંવત્સરી ચોમાસી મળીને ૪૦ ઉપવાસ તથા કાપ વગેરેના મળીને ૬૦ કુલ ૧૦૦ ઉપવાસ સ્વાધ્યાયાદિથી વાળી આપશો.

ગિરિરાજની પવિત્ર ભુમિનો યોગ મળ્યો છે, તો પ્રમાદને દૂર કરી રોજ ૨૫ બાંધી માળા નિયમિતપણે ગણવાનો અભ્યાસ પાડશો. એક બેઠકે ઓછામાં ઓછી પાંચ અને વધુમાં વધુ ૧૦ ગણવાની ટેવ પાડશો. તો આગળ જતા એકજ બેઠકે ૨૫, માળા ગણવી સહજ બની જશે. બીજો સ્વાધ્યાય ન થઇ શકે તેને માટે રોજ ૨૫૦૦ નવકાર ગણવાની શ્રી મહાનિશીથ સૂત્રમાં આજ્ઞા કરી છે. તેનું પાલન કરવાથી મુનિ જીવનમાં 'ચાંઉકાલં સજ્ઝાયં એટલે રોજ ચાર પ્રહર સ્વાધ્યાય કરવાની આજ્ઞા છે, તેનુ આરાધન થઇ શકે છે. તેથી મુનિ જીવનના પાલનનો આસ્વાદ અનુભવાય છે. પૂર્વ મુનિઓની જેમ નિરતિચાર પણે સાધુ જીવનનું પાલન આજે નથી. તો પણ દેશકાળ અનુસાર યતના કરનારને આજે પણ મુનિપણું સ્વીકારેલું છે. ગુણીજનોનો વિનય, સ્વદોષની ગર્હા અને અરિહંતાદિ ચારનું શરણ ભાવથી આજે પણ શક્ય છે. પંચસૂત્રનું પ્રથમ સૂત્ર તથા અમૃતવેલની સજ્ઝાયમાં વર્ણવેલી

આરાધના આજે પણ સુશક્ય છે. અને વર્ષોથી તે પ્રમાણે તમે કરી રહ્યા છો, તેનું સુમધુર ફળ અવશ્ય મળવાનું છે. કર્મનો નિયમ અને ધર્મનો નિયમ ત્રણેકાળ અબાધ્ય છે. તેમાં લેશ પણ ચૂક થતી નથી. એવી શ્રદ્ધા અને વિશ્વાસ અખંડપણે ધારણા કરવાથી પરિણામની વિશુદ્ધિ ટકી રહે છે.

ગિરિરાજની શીતળ છાયામાં સ્વ-પરને આરાધના કરવા-કરાવવાની અપૂર્વ તક મળી છે. તે પણ આજ સુધી કરેલી ગાંડી-ઘેલી આરાધનાનું જ ફળ સમજશો. અને આજે જે આરાધના શક્તિ મુજબ થઇ રહી છે, જેનુ ઉત્તમફળ ભવિષ્યમાં અવશ્ય મળવાનું જ છે, એ જ્ઞાનીઓનું વચન છે. નવકાર મહામંત્રની આરાધનામાં એવો પ્રભાવ છે કે તે બીજી બધી આરાધનાઓ મેળવી આપે છે. અને જેના પ્રભાવે આવશ્યકાદિ બધી ક્રિયાઓમાં ઉલ્લાસ અને એકાગ્રતા ધીમે-ધીમે અનુભવાય છે. જિનશાસન એ કારણે આજે પણ પ્રભાવવંતુ વિધમાન છે.

તા.ક. - નવકારનો સ્વાધ્યાય આલોયણમાં વાળી શકશો.

### કરવા યોગ્ય શું છે ?

જગતમાં કરવા યોગ્ય કાર્ય દેવ, ગુરૂ, સંઘ, સાધર્મિકની ભકિત, બાળ વૃધ્ધ ગ્લાન તપસ્વીની વૈયાવચ્ચ, જિનપૂજા તથા નવધા પુણ્યનું દાન આ કરવા યોગ્ય કાર્ય છે.
આ કાર્યો કરવાથી આપણા આત્મવિકાસમાં વેગ આવે છે. પુણ્યના પ્રભાવથી ભવોભવમાં મોક્ષમાર્ગને અનુકૂળ સામગ્રી મળે છે. શ્રાવકના વાર્ષિક કર્તવ્ય વગેરે પણ કરવા યોગ્ય છે, દાન-શીલ તપ-ભાવ આ પ્રકારના ધર્મનું સેવન પણ અવશ્ય કરવા યોગ્ય છે. મનથી સર્વ જીવોના કલ્યાણની ભાવના, વચનથી દેવ ગુરૂની સ્તુતિ તથા કાયાથી પરોપકારની પ્રવૃત્તિ એ કરવા યોગ્ય કાર્ય છે.

# હિતશિક્ષા

નોકર વિનયથી નોકરી કરે, તો શેઠ બને. મુનિની આખી સામાચારી વિનય ઉપર છે. વિનય વિના જ્ઞાન ભણે તો, એના ફળરૂપે વિરતિ ન મળે. બધાનું મૂળ વિનય છે.

જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા તે ચક્ષુ છે. આગમરૂપી ચક્ષુથી જોઇએ, તો આપણામાં શું નથી ? તે દેખાય. જ્ઞાનનો ગર્વ કર્યો તો માસતુષ થયા. રૂપનો ગર્વ કરવાથી રોગની ઉત્પત્તિ થાય છે. જે કાંઇ સારૂં મળ્યું છે, તેનો ગર્વ કરીએ તો એ ચીજો હલકી હલકી મળે. મળેલું રૂપ, બળ અને સૌભાગ્ય વિનયમાં ન વાપર્યું તો તેની હીનતા પ્રાપ્ત થાય છે, શાસ્ત્રચક્ષુ હોય, તો ગર્વ ન થાય. સૌને જે મેળવવા લાયક છે, તે આપણને મળ્યું છે. સહુથી વધુ સુખ અનુત્તર દેવોને છે, છતાં તેઓ પણ બે ઘડીના સામાયિકને ઇચ્છે છે, કારણ તેમાં જ સાચું સુખ સમાયેલું છે. વિનય જાય અને ગર્વ આવે, તો અનંતકાળે પણ સારી વસ્તુ ન મળે. એક સાધુ ઈર્યા સમિતિ પ્રમાણે ચાલે છે, તો તેનું અનુમોદન થવું જોઇએ. કારણ તે મુખ્ય આચાર છે. દાસપણું, દૈન્યપણું મળો, પણ સમતાનો ધર્મ અખંડ રહેવો જોઇએ ! આમ ઇચ્છવું જોઇએ.

ઉપદેશ બે પ્રકારે અપાય, પાળીને અને બોલીને. પાળીને જે અપાય છે તે વધુ અસરકારક છે. જે કાંઇ સારું કરીએ તે આપણું અને નબળું થાય તે બીજા બધાનું ! આ ભાવ વિનય વગરનાનો છે. સંઘની અપભ્રાજના કરાવીએ, તો નિગોદ તૈયાર છે. અનાદિકાળથી ભટકીએ છીએ તેનું કારણ અવિનય છે. શ્રાવક કરતાં સાધુની શક્તિ વધારે. સામાન્ય સાધુ કરતાં અપ્રમત્તપણે સંયમ પાળતા સાધુની અને તેના કરતાં શ્રેણીએ ચઢેલાની વધારે

શક્તિ. તેના કરતાં અરિહંતની શક્તિ વધારે છે તે શક્તિથી પોતે તરે, બીજાને તારે. આવી શક્તિ જેનામાં છે, તેનું સ્મરણ-પૂજન કરીએ, તો બેડો પાર થઇ જાય.

જ્ઞાન-ધ્યાન કરવા માટે આ પાંચમાં આરામાં મુખ્યત્વે બે વસ્તુ છે. શાસ્ત્રોથી જ્ઞાન થાય. મૂર્તિથી ધ્યાન થાય. જ્ઞાન હોય પણ ધ્યાન ન હોય, તો મન નિર્મળ ન થાય. શરીરથી જરૂર પૂરતું પાપ થાય, મનથી દુનિયાનું પાપ થાય. સારભૂત વસ્તુ શોધી તેમાં મન પરોવવું તે ધ્યાન ! મન નિર્મળ થયું તો વૈમાનિક ગતિ. મેલું રહ્યું તો સાતમી નરક. મલિન મનને સ્વચ્છ કરવા સંયમ છે : તપ કરવાનો કરી લીધો, પણ ખાવાનો અનુબંધ ચાલુ રહ્યો તો, તપનું ફળ ન મળ્યું. ધ્યાન શક્તિ કેળવી નહિ હોય, તો જ્ઞાન નિષ્ફળ જશે. ખરાબ શું ? સારૂં શું ? તે બે વસ્તુનું ચિંતન કરવું. દુઃખ વધારે કે પાપ વધારે ? દુઃખ ચાલ્યું જાય છે. પાપ ઊભું રહે છે. પાપ અજ્ઞાનમાંથી જન્મે છે. અવિરતિ, પ્રમાદ, કષાયથી ભરેલાં છીએ. આપણે બીજાના દોષ તરફ હંમેશાં અપ્રમત્ત છીએ. આ ચિંતવન ન કરીએ, તો પરમેષ્ઠિમાં ધ્યાન ન લાગે. કોઇ ગમે તેટલી ઉદીરણા કરાવે, પણ આપણે કષાય ન કરવો હોય તો ન કરીએ. જે શરીર મોક્ષનું સાધન છે, તેના ઉપર મોહ કરીએ તે મોટો પરિગ્રહ છે. શરીર ઉપર મૂર્છા ન હોય તો બીજાને સહાય કરી શકાય. મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત અઢાર પાપસ્થાનકો નિવાર્યાં છે. સારૂં કામ થયા બાદ પણ પ્રસન્નતા ન આવે તો, તેના માટે કયું સ્થાન તે કહેવાય નહિ. ચારિત્ર સારૂં પાળીએ તો સમ્યગ્દૃષ્ટિઓ આનંદ પામે છે. બધું જ સુંદર મળ્યું છે પણ ચિંતન બાકી છે. એક જીવ સમક્તિ પામે ત્યારે તેનું અજ્ઞાન તે જ્ઞાન બને છે. ચૈત્ય, સંઘ, સાધુ, સાધ્વી, સમકિતી, જ્ઞાની, સીમંધર સ્વામી બધા જ છે પણ તેની અનુમોદના કરો. તો બધું જ પ્રાપ્ત થશે. શુભ વિચારોથી વિશ્વ

પણ પવિત્ર બને છે. મોક્ષમાં અનંતા ગયા તેનો વિચાર કરો. રોજ સિદ્ધનાં દર્શન મસ્તક ઉપર કરવાં. સિદ્ધ આપણને બધાં જ સમયે જુએ છે. આપણને સિદ્ધ ભગવંતો સિધ્ધ સ્વરૂપે જુએ છે પણ આપણે તેને સિધ્ધ સ્વરૂપે જોતાં નથી. સંસારમાં દુઃખ, અજ્ઞાન, અવિરતિ જોઇએ છીએ પણ સારૂં જોતાં નથી. અજ્ઞાન છે, તેમ બીજી તરફ જ્ઞાન પણ છે. અવિરતિ છે તો વિરતિ પણ છે, દુઃખ છે, તેમ સુખ પણ છે. બાર મહિનાના ચારિત્રવાળાને અનુત્તરનું સુખ મળે છે.

ચિંતન, ભાવના, શુભ અધ્યવસાય કરીને પંચપરમેષ્ઠિને ધ્યાવવા-હિન્દુસ્તાનમાં કતલખાનાં છે, તેમ તીર્થો પણ છે. ગામમાં ઉકરડા છે, તેમ મંદિર, ઉપાશ્રયો પણ છે. માત્ર શુભમાં આપણું મન પરોવવું બાકી છે. ધ્યાન કરવા જંકિંચિ-જાવંતિ વગેરે સૂત્રોનું આલંબન આપણને મળ્યું છે. પણ તેનાં દ્વારા દેવગુરુનું સિદ્ધશિલાનું ધ્યાન કર્યું નહિ, તેથી અનંતીવાર નિગોદ મળી.

નમસ્કાર ત્રણ કરણ, ત્રણ યોગથી કરવો જોઇએ. સમ્યગ્દૃષ્ટિ થવું હોય તો જ્યાં-જ્યાં સારી વસ્તુ હોય તે જોવી જોઇએ. આપણામાં મળમૂત્રની ખરાબી થઇ હોય, છતાં આપણે ઉદાસ થતાં નથી. તેમ બીજાનો દોષ જોવા છતાં તેના ઉપર ઉદાસ ન થવું. આવી ભવ્ય-સામગ્રી ફરી મળવાની નથી. આજે જે મળી છે, તેનો પ્રમોદ થવો જોઇએ. બીજામાં ઉત્સાહ જાગે તેવી પ્રેરણા કરવી જોઇએ.

સંસાર અજ્ઞાનથી ચાલે, સંયમ જ્ઞાનથી ચાલે. ભાવના ચાર પ્રકારની છે. જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના વૈરાગ્યભાવના, સૂત્ર-અર્થ-તદુભય તેનાથી મન સ્થિર થાય તે જ્ઞાનભાવના. ભગવાનની આજ્ઞા રૂચિપૂર્વક પાળીએ તે

દર્શનભાવના. શુભનો આશ્રવ, અશુભનું રોકાણ તે ચારિત્રભાવના. વિષયો વિષ જેવા, શરીર અશુચિમય, અનાદિ ભવભ્રમણનું ચિંતવન તે વૈરાગ્ય ભાવના છે. પરમેષ્ઠિરૂપે આપણા આત્માનું ચિંતવન કરવું તે જ્ઞાન. તેથી આપણો આત્મા પરમેષ્ઠિરૂપે બને છે. પંચ પરમેષ્ઠિમાં આપણો આત્મા સ્થાપન કરવો તે દર્શન. અતિ ઉત્તમ વસ્તુ હોય તેનો આદર ન રહે તે અવિનય છે. નાનો બાળક પણ સમજ્યા વિના દવા ખાય તો નિરોગી બને છે. સમજ્યા વિનાનું ઔષધ ગુણ કરનારૂં જ છે.

નમસ્કાર એ સાર છે, પણ તેમાં મન જોડીએ, તે સારનો સાર છે. જે વખતે જેવો ઉપયોગ રાખીએ તેવા થવાય. અડસઠ અક્ષર જોતી વખતે તેમાં જોડાવું. આત્મા ક્ષણવાર પણ પરમેષ્ઠિ બન્યો તેમાં એટલું સામર્થ્ય છે કે મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત કર્મોનો ક્ષય થાય. માટે જ ધ્યાન એ કર્તવ્ય છે.

ધ્યાનનું ફળ બોધિ, બોધિનું ફળ સમાધિ, સમાધિનું ફળ સિદ્ધિ. બોધિમાં ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદન, સમાધિમાં દુષ્કૃતવર્જન. એક ઈર્યાવહિથી બોધિ, સમાધિ, સિદ્ધિ મળે છે.

બીજાનો નાનામાં નાનો ગુણ જોવો. પોતાનો નાનામાં નાનો દોષ જોવો. મન ભગવાનમાં લાગતું નથી, તેનું કરણ ગુણ જોયા નથી. પિંડ જોવું તે પિંડસ્થ. નામ લેવું તે પદસ્થ. આકાર જોવો તે રૂપસ્થ. સિદ્ધનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન. ભગવાન સામે હોવા છતાં ગુણ દેખાતા નથી પણ હવે જોવાની ટેવ પાડવી. પ્રભુના મુખ કમલનું દર્શન તે ચાર પ્રકારનાં આજ્ઞા વિચયાદિ ધ્યાન બતાવે છે. કારણ કે તેમના મુખ કમલમાંથી તે ધ્યાન પ્રગટ થયેલાં છે. બીજાની ઇચ્છાને માન આપવું તે ઇચ્છાકાર. બીજાની

અનુમોદના રૂપી અમૃત પીવું તે તહકાર. ભૂલ થતાંની સાથે જ મિચ્છામિ દુક્કડમ્ દેવું તે મિચ્છાકાર.

સ્વદોષ દર્શન એ જ યોગ છે. અધ્યાત્મ છે. પરગુણ પ્રગટન એ શાસનનો સાર છે. ભાવથી નવકાર ગણનારનો સંસાર પરિમિત થાય. શરીરને સ્વચ્છ રાખવા નિરતિચાર સંયમ અને મનની સ્વચ્છતા માટે નિર્મળ ધ્યાન હોવું જોઇએ. નિમિત્ત મળે ને ક્રોધ ન કરે તો બધાને તારનાર બને. ભિક્ષામાં બેશરમ બને તો અયોગ્ય કહેવાય.

## ● દુર્લભ શું ? ●

આ જીવને ૧૫ વસ્તુ મળવી મહાદુર્લભ છે. એ પંદરમાંથી આપણને ૧૨ તો મળી છે. નિગોદનાં જીવો અનંતાનંત છે. તિર્યંચ જીવો અસંખ્ય છે. તે અસંખ્ય જીવોમાં આવવું ઘણું દુર્લભ છે. પહેલું ત્રસપણું. ત્રસપણામાંથી પંચેન્દ્રિયપણામાં આવવું ઘણું દુર્લભ છે. તેમાં વળી પાંચેય ઇન્દ્રિયની પરિપૂર્ણતા મળવી તે દુર્લભ છે. બીજું તે પંચેન્દ્રિયતો દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ છે પરંતુ મનુષ્યપણું મળવું અતિદુર્લભ છે. ત્રીજું માનવભવ. તેમાં વળી આર્યદેશ મળવો દુર્લભ છે. ચોથો આર્યદેશ. પાંચમો જૈનધર્મ. છઠ્ઠી ઉત્તમ જાતિ. સાતમું દીર્ઘાયું. આઠમું આરોગ્ય. નવમું ધર્મશ્રવણ. દશમું દર્શન. અગિયારમું જ્ઞાન. બારમું ચારિત્ર-આ બાર વસ્તુ મળી. હવે ક્ષાયિકભાવે જ્ઞાન-દર્શન-ચારિત્ર મળવાં તે બાકી છે, તો તેમાં પ્રયત્નશીલ રહેવું જોઇએ. માણસ ધંધામાં જોડાઇ જાય પછી વ્યસન છૂટી જાય છે. તેમ અહીં પણ ધર્મ આરાધનામાં જોડાયા પછી બીજી કુટેવો નીકળી જાય છે. બાર પગથિયાં ચઢયાં છીએ. ત્રણ બાકી છે. મનુષ્યભવ પામ્યા પછી જો હવે ચઢવું હોય તો જે કંઇ જ્ઞાન ભણો ત્યાં લક્ષ્ય

કેવલજ્ઞાનનું હોવું જોઇએ.

પ્રભુનાં દર્શન કરીએ છીએ, તે સમ્યગ્દર્શન મેળવવા માટે. જ્ઞાન મેળવીએ છીએ તે કેવલજ્ઞાન માટે અને ક્રિયા કરીએ છીએ તે સમ્યગ્ચારિત્ર માટે. આ લક્ષ્ય ભૂલાવું ન જોઇએ. ગૃહસ્થને સાધુપણું લીધા વિના તરી ન શકાય. તેમ આપણને પણ જ્ઞાન મેળવ્યા વિના તરી શકાતું નથી. કેવળજ્ઞાન મેળવવામાં કષ્ટ છે. પણ મેળવ્યા પછી નથી.

સજ્જન હોય તો ગુણ જોશે. દુર્જન હોય તે દોષ જોશે. જો જગતમાં દુર્જન જ ન હોય તો સજ્જન કોણ છે? તેની પરીક્ષા ક્યાંથી થાય? દુર્જન હોય તો જ આ સજ્જન છે કે દુર્જન તેની પરીક્ષા થાય.

જેમ ઘરમાં રહેનાર વ્યક્તિ ગમે તેટલું કષ્ટ પડે છતાં પોતાનું ઘર છોડતા નથી. તેમ અહિંયાં પણ ગુરૂકુલવાસ છોડવો નહિં.

જ્ઞાનના પંદર ભેદ કહેલાં છે. તેમાંથી એક સમતાભાવ રાખો તો બસ છે. સમતા રાખવાથી મોટું ફળ છે. ગૃહસ્થ દીક્ષા લેતી વખતે અંતરાયકર્મ હોય તો પણ સહન કરીને સર્વ વિરતિ મેળવે છે. આટલું બધું સહન કર્યું હવે સમતાભાવ જ મેળવવાનો બાકી છે. આનાથી કેવલજ્ઞાન મેળવવાનું છે.

આ બાર વસ્તુમાં તેરમો સમભાવ મેળવવાનો છે. પણ જીવને તો વિચાર બદલવો અને મરવું બરાબર છે. આ મળેલું છે, એથી વધારે મેળવવું હોય તો ક્રોધ-માન વિગેરે છોડવા જોઇએ. છોડયાં વિન કામ સિદ્ધ થતું નથી.

સંયમ એ બંધન છે. તેને પાળવા માટે મળેલી આ ૧૨ વસ્તુ જો પળાશે તો બાકીની ત્રણ વસ્તુ મળવી સહેલી છે.

બાર કષાયનો ક્ષયોપશમ તે ભાવચારિત્ર કહેવાય છે.

જ્ઞાન-દર્શન અને ચારિત્ર પાળવામાં જે કાંઇ કષ્ટ આવે છે, તેમાં ઘણું જ ફળ છે.

ભવચક્ર ઘણો જ ભયંકર છે.

બિલાડીના ભવમાં ગયા ત્યારે ઉંદર સામું જ જોવાના છીએ. સંસાર આવો જ છે.

આપણે જીવનો, જગતનો અને પ્રભુનો વિચાર કરવો જોઇએ. જગતને જોઇને દયા લાવવી જોઇએ. ભગવાનને જોઇને મોક્ષનો વિચાર લાવવો જોઇએ. પોતાનો આત્મા જોતાં, સર્વના આત્માને સમાન જોતાં શીખવું જોઇએ.

કષ્ટ પડે ત્યારે તિર્યંચ નરકાદિ કેટલું સહન કરે છે. તે લક્ષ્યમાં રાખીશું તો સંયમ એ કષ્ટરૂપ નહિં લાગે.

## ● દીક્ષા-ભિક્ષા અને શિક્ષા ●

શિક્ષા બે પ્રકારે છે : ગ્રહણ અને આસેવન શિક્ષા ! જ્ઞાન ભણીએ તે ગ્રહણ કહેવાય. અને સમિતિ-ગુપ્તિનું પાલન એ સેવન કહેવાય. દીક્ષા એટલે છ કાયના જીવોને અભયદાન દેવું ! ભિક્ષા એટલે કોઇને પણ દુઃખ ન થાય, તે રીતે ગોચરી લેવી. હિતશિક્ષા એટલે આત્માનું જે રીતે કલ્યાણ થાય તેમ વર્તવું અને અન્યને વર્તવાનો ઉપદેશ આપવો. છ કાય જીવોને અભયદાન દઇએ, પણ સાથે રહેલા પંચમહાવ્રત ધારીને સહાય ન આપીએ, તે સાચું અભયદાન ન કહેવાય. બીજાને પ્રેમ આપીએ, પણ સાથે રહેલાને નિર્ભય ન બનાવીએ, તે સાચું અભયદાન નથી. સાધુપણાનો કેટલો બધો પ્રભાવ છે કે દિવસે કરેલા પાપોનું સાંજે મિચ્છામિ દુક્કડં દેવાય અને રાત્રે થયેલાનો સવારે દેવાય. જેટલાં પાપો છે, તેનો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં આપીએ, એટલે નિર્મળ

થઇ જવાય ! રોજ આ રીતે મિચ્છામિ દુક્કડં આપવાથી ઢગલાબંધ પુણ્ય બંધાય છે. એક દિવસનું સાચું સાધુપણું વૈમાનિક ગતિ અપાવે છે. પાપો ન હઠાવી શકે, તેને માટે તે શક્તિ પામવા ગર્હા છે. સુકૃત ન કરી શકે, તેને માટે તે શક્તિ પામવા સુકૃત અનુમોદના છે. અને દુષ્કૃત્ય ગર્હા, સુકૃત અનુમોદના માટે જ શરણગમન છે. જેઓ સંસાર ભ્રમણથી મુક્ત થયાં, તેઓનું શરણ લેવાનું છે. જે પોતે શરણરહિત છે, તે બીજાને કેવી રીતે શરણ આપે !

ભાષા સમિતિ-એટલે પ્રિય-હિતકારી બોલવું ! આપણી ભાષા એવી ન હોવી જોઇએ કે, બીજાને દુઃખ થાય. વચન ગુપ્તિ-કાયગુપ્તિ હજી સહેલી છે, પણ મનગુપ્તિ ભારે છે, પણ મનને 'નમો અરિહંતાણં'માં જોડવાથી તે સરળ બને છે.

## બિભત્સ રસ

અજ્ઞાન કોનું જાય ? સમ્યગ્ દ્રષ્ટિનું ! ન કરવા લાયકનું જ્ઞાન થયું, પણ અવિરતિના ઉદયથી ન કરવા લાયક વિષયોની ચેષ્ટા કરવી, પાંચ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ ન કરવો, રાત્રિભોજન ન છોડવું, આ જાતનું વિષયસુખ જ્ઞાની પુરૂષોનેય છોડતું નથી. સમ્યગ્દ્રષ્ટિ દેવો-મનુષ્યો વિષયસુખને ખરાબ માને, પણ અવિરતિના ઉદયે એને છોડી ન શકે. વિષયો તે વિષ્ટારૂપ માનવા છતાં ન છોડે તે બિભત્સ રસ ! જુગુપ્સા એનો સ્થાયી ભાવ છે.

# ગુરુકુલવાસ

સાગરનાં એક માછલાંને વિચાર આવ્યો કે, જમીન ઉપર રહેનારાં માણસો-પશુઓ કેટલાં બધાં સુખી છે ! ત્યારે ઘરડાં માછલાંએ તેને જવાબ આપ્યો કે, પાણીની બહાર જવા તું ઈચ્છા કરીશ, તો મરી જઈશ ! આ જ પ્રમાણે ગુરુકુલ વાસનું છે. સમુદાયમાં આપણી ઈચ્છાઓ છોડવી પડે, પણ સંયમ સુરક્ષિત રહે છે. ગુરુ અને ગચ્છ, સંઘ અને સાધર્મિક એ ચાર પ્રત્યે આપણને વાત્સલ્ય હોય, તે સમક્તિ છે. ગુરુ ઉપર ભક્તિ હોય, ગચ્છ ઉપર ન હોય, તો તે સમક્તિ નથી. ગુરૂ ઉપર હોય અને ગચ્છ ઉપર ન હોય તે અજ્ઞાનતા કહેવાય. ભગવાન ઉપર ભક્તિ હોય, પણ ભક્ત ઉપર ન હોય, તો ભગવાનની સાચી ભક્તિ નથી. ભગવાનની મૂર્તિનાં પ્રેમથી દર્શન કરીએ, પણ આંગી કરનાર ભક્ત ઉપર પ્રેમ ન હોય, તે કેમ ચાલે ?

ગુરુ બે પ્રકારે છે; દીક્ષિત અને વિદ્યાગુરુ. જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ માટે ગુરુકુલ વાસ છે. આવી સમજણ આવે, ત્યારે વિરાધના વગરનું સંયમ પાળી શકાય છે. કોઈ ગૃહસ્થ જંગલમાં રહે, તેના કરતાં ગામમાં સાંકડું ઘર પણ સારું ! આવું જ ગુરુકુલવાસ માટે છે. તેમાં ઔચિત્ય જાળવવાનું રહે છે. ઔચિત્યનું પાલન એ જ પ્રભુ આજ્ઞા છે. પર્યાયમાં નાના હોય પણ, જ્ઞાનથી અધિક હોય, તેનું ઔચિત્ય જાળવવું જોઈએ. અરિહંત પ્રથમ શા માટે ? એક અપેક્ષાએ ઔચિત્ય માટે ! કારણ કે સિદ્ધને ઓળખાવનાર અરિહંત છે. સોનાનો કંદોરો કમરમાં જ શોભે. હાર ગળામાં જ પહેરાય. જેમ વાપરવામાં, બેસવામાં, ચાલવામાં, ઔચિત્ય રાખવું પડે છે,

તેમ આત્માની બાબતમાં તો વિશેષ સાચવવું જોઈએ.

ઈચ્છા અને આજ્ઞાનું યુદ્ધ એટલે સંયમ ! પ્રભુની આજ્ઞાનું સામ્રાજ્ય જે પાળે છે, તેને પરમપદ મળે છે. નથી પાળતો તેને નરક મળે છે. આજ્ઞા એટલે નમસ્કાર. નમ્ર થવાની પ્રભુની આજ્ઞા છે. બીજાને મોટા બનાવવાની આજ્ઞા છે. આપણે નાના બનવાનું છે. એક બાજુ સંસાર છે. બીજી બાજુ મોક્ષ છે. આપણી ઈચ્છા તે સંસાર ! પ્રભુની આજ્ઞા તે મોક્ષ ! ઈચ્છા એટલે મન ! આજ્ઞા એટલે નમ ! ઈચ્છા મનમાં ઉત્પન્ન થાય છે. આજ્ઞા હૃદયમાં ઉત્પન્ન થાય છે. જેટલો આજ્ઞા ઉપર પ્રેમ હોય, તેટલો ઈચ્છાનો રોધ થાય.

ગુરુકુલવાસના સંયમનું ફળ વૈમાનિક ગતિ છે. તપ કરવાથી શરીર શોષીએ, પણ મનને વિચાર કરવામાં જોર પડે છે. ''બુદ્ધેઃ ફલં તત્ત્વ-વિચારણં ચ'' - બુદ્ધિનું ફળ તત્ત્વની વિચારણા છે. તેનાથી આજ્ઞા સમજાય છે. આજ્ઞા વડે ઈચ્છાનું ઝેર ઓકાય છે. એક દિવસના સંયમ પર્યાયને ઉલ્લાસથી પાળનાર વૈમાનિક ગતિ પામે છે.

પ્રભુની આજ્ઞા છ કાય જીવને આત્મસમ ગણવાની છે. તો સાથે રહેલા મુનિઓને તો વિશેષ આત્મસમ માનવાં જોઈએ.

મનુષ્યજન્મ, દીર્ઘ આયુષ્ય, નિરોગી શરીર, પંચેન્દ્રિયપણું દુર્લભ છે. તેમાં પણ દીર્ઘ આયુષ્યની બક્ષિસ મોટી છે. તો એ ક્ષણોને [illegible]ની સુંદર આજ્ઞા પાલનમાં ગાળવી જોઈએ.

[illegible] છે - તેની પ્રગતિ માટે
[illegible] સંદેહ નથી - સાહિ-
ત્યના વિકાસ માટે [illegible]
[illegible], તે તેમાં
દેખાય છે - [illegible]
[illegible] સાહિત્યમાં [illegible] નથી -
[illegible]
[illegible] તેની [illegible]
[illegible] છે - [illegible]
[illegible]
[illegible], તેની
[illegible]
[illegible] છે. [illegible]
[illegible] શુદ્ધિ સાહિત્યને [illegible]
તેવી [illegible]
[illegible] છે - [illegible]
[illegible]
[illegible] તેમાં
[illegible] માટે [illegible]
[illegible] તેની [illegible]
[illegible]
[illegible] કરી છે.
[illegible]